ISSN 0976-9809 V-Vidyanagar

વર્ષ : ૧૬ અંક : ૬

જૂન ૨૦૧૪

સળંગ અંક : ૫૧૨

# વિ-વિદ્યાનગર




## ગુજરાત ગૌરવ વિશેષાંક

चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**

**VALLABH VIDYANAGAR**



સામે પૂર તરીને ભારતીય જનતા પક્ષના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા(એનડીએ)ને અભૂતપૂર્વ વિજય અપાવીને ૨૬ મે ૨૦૧૪ના રોજ નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાનપદના શપથ લઈ ગરવા ગુજરાતી શ્રી નરેન્દ્ર દામોદરદાસ મોદીએ નવો ઈતિહાસ સર્જ્યો છે. આઝાદી પછી ૧૯૪૭માં સરદાર વલ્લભભાઈ પટેલ સર્વપ્રથમ નાયબ વડાપ્રધાન બન્યા અને ૧૯૭૭માં શ્રી મોરારજી દેસાઈ વડાપ્રધાનપદે આરૂઢ થયા એ પછી દેશના સર્વોચ્ચસ્થાને પહોંચનાર શ્રી નરેન્દ્ર મોદી તૃતીય ગુજરાતી છે.



ગુજરાતનાં સર્વપ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે વહીવટી ક્ષેત્રે અનુભવી અને આગવી સૂઝ ધરાવતાં શ્રીમતી આનંદીબહેન પટેલે ૨૨ મે ૨૦૧૪ના રોજ ગાંધીનગરસ્થિત મહાત્મા મંદિરમાં હોદ્દા અને ગોપનીયતાના શપથ લીધા હતા. તેમની સરકારમાં શિક્ષણ મંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ રાજ્ય મંત્રી તરીકે શ્રીમતી વસુબહેન ત્રિવેદીએ શપથ લીધા હતા.




# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જૂન ૨૦૧૪

વર્ષ : ૧૬ અંકઃ ૬

(સળંગ અંક ૫૧૨)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

[कर्मण्येवाऽधिकारस्ते]

**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ.ત્રિવેદી • જયન્ત ઓઝા

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી



**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ. આર.સી. દેસાઈ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

જેઓ હિંસાના બળ પર બધી તૈયારી કરે છે,
તેમના દિલમાં ડર સિવાય બીજી વાત આવતી નથી.

**- સરદાર પટેલ**


# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જૂન ૨૦૧૪

વર્ષ : ૧૬ અંક: ૬

(સળંગ અંક ૫૧૨)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


•


प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहिता विरमन्ति मध्याः।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारब्धमुतमजना न परित्यजन्ति॥
मुद्राराक्षसम् २.१७

વિઘ્નના ભયથી અધમ પુરુષો તો આરંભ જ કરતા નથી. મધ્યમ કક્ષાના પુરુષો આરંભ કરીને વિઘ્ન સામે આવતાં અટકી જાય છે. વિઘ્નોથી વારંવાર પછાડ પામતાં ઉત્તમજનો આરંભેલું છોડી દેતા નથી.

•


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ કેન્દ્ર અને રાજ્યની સરકારને આવકાર અને સમર્થન • ડૉ. સી.એલ. પટેલ
॥ આપણો વારસો અને વૈભવ ॥ (પદ્ય વિભાગ) કબીરવાણી / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ) પ્રાચીન સંસ્કૃતિઓ • જવાહરલાલ નેહરુ / 2
॥ નવાં કાવ્યો ॥ નરેન્દ્ર મોદી / 3
॥ સુવાચક ॥ શબ્દ સ્વામીને • જ્યોતીન્ પટેલ / 4
॥ ચિંતન ॥ ભારતની બૌદ્ધિક રાજધાની વારાણસી • નરેન્દ્ર મોદી / 5
॥ મુલાકાત ॥ વડનગરથી સાઉથ બ્લૉક વાયા હિમાલય • કિશોર મકવાણા/ 7
॥ વિવિધા ॥ પ્રારબ્ધ સાથેનું હૂંફાળું મિલન • ભવેન કચ્છી / 12
॥ વ્યક્તિત્વ ॥ 'વીરબાળા' આનંદીબહેન પટેલ / 16
॥ સમીક્ષા ॥ નરેન્દ્રભાઈ મોદીનું રોલમૉડેલ ગુજરાત • પુલક ત્રિવેદી / 17
॥ સંશોધન ॥ ઉપભોકતાવાદ અને માનવ અધિકારો • મીનેષ પટેલ / 19
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ ડિજિટલ માહિતીનું નવું સંગ્રહસ્થાન- ડી.એન.એ. • દિગ્વિજય વીરપુરિયા / 23
॥ આરોગ્ય ॥ ત્રિભાગી ભોજન • સાગર એમ.ભીડે, એ.આર.વી.મૂર્તિ / 25
॥ રમન્તે તત્ર દેવતા ॥ સૂત્રકાલીન વરપસંદગી • પારુલટીના દોશી / 26
॥ રમતજગત ॥ અદ્ભુત ઑલિમ્પિક ખેલાડીઓ • પી.ડી.શર્મા / 29
॥ વિદ્યાવૃત્ત ॥ / 30

# કેન્દ્ર અને રાજ્યની સરકારને આવકાર અને સમર્થન




બીવીએમની સુવર્ણજયંતીમાં ત્રિમૂર્તિ

કેન્દ્રમાં ભારતીય જનતા પક્ષના નેતૃત્વવાળી રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા(એનડીએ)ની સરકાર રચાઇ અને ગુજરાતના મુખ્યમંત્રી રહેલા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશનું સુકાન સંભાળ્યું એ બદલ પરિવર્તનને આવકાર અને મોદી સરકારને અભિનંદન પાઠવીએ છીએ. સાથે જ ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે શાસનનાં અનુભવી શ્રીમતી આનંદીબહેન પટેલની વરણી થઇ અને એમના વડપણ હેઠળ સરકાર રચાઇ એને આવકારસહ અભિનંદન પાઠવીએ છીએ. રાજ્ય અને કેન્દ્રની સરકાર હવે સુમેળથી કામ કરી જનહિતમાં કામ કરશે એવી અપેક્ષા જાગવી સહજ છે.

હિંદુ ધર્મની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ કેટલાંય પરદેશી આક્રમણોનો ભોગ બની. સંસ્કૃતિ સાથે થયેલાં અડપલાં છતાં આ સંસ્કૃતિ ટકી રહી છે. પરદેશી આક્રમણકારોને પણ આ દેશની પ્રજાની જેમ સમાવવામાં હિંદુઓએ કોઇ ભેદભાવ રાખ્યો નથી. આ દેશની પ્રજાની જેમ જ તેમની સાથેના વ્યવહાર થયા છતાં આઝાદી બાદના સમયથી બિનસાંપ્રદાયિકતાના ઓથા નીચે હિંદુઓની અવગણના થતી રહી છે. આવી અવગણના ના રહે અને આ દેશમાં નાગરિક તરીકે કોઇપણ ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ સિવાય સૌ કોઈ જીવી શકે તેવી માંગ થાય તે સ્વાભાવિક છે.

આશા રાખીએ કે દેશની નવી ચૂંટાયેલી સરકારને જે રીતે પ્રજાએ સારું મતદાન કરીને દેશનું સુકાન સોંપ્યું હોય ત્યારે આ દેશના કરોડો લોકો; ચાહે હિંદુ હોય, મુસલમાન હોય, ખ્રિસ્તી હોય કે પછી શીખ ધર્મ પાળતા હોય; આ બધાને ભાઇચારામાં જોડવા માટે દરેક નાગરિકની પ્રગતિ અને સુખશાંતિ માટે સરખો પ્રયત્ન થશે અને એકબીજા માટે અવિશ્વાસનું વાતાવરણ દૂર કરી વિશ્વાસનું વાતાવરણ પેદા કરવામાં ભારતની મધ્યસ્થ સરકાર શ્રી નરેન્દ્રભાઇ

મોદીના  વડાપણ નીચે તેમને મળેલ પાંચ વર્ષના ગાળામાં એક નવી જ હવા ઊભી કરશે એવું મારું માનવું છે.

જ્યારે આ દેશ ધાર્મિક આસ્થાઓની ધાર્મિક પ્રણાલિકામાં માનનાર દેશ છે અને શ્રી નરેન્દ્રભાઇ મોદી પણ સારી ધાર્મિક ભાવનાવાળા છે ત્યારે પરમકૃપાળુ પરમાત્મા તેમને આ દેશમાં સુખાકારી લાવવા માટે બળ,બુદ્ધિ અને શક્તિ આપે તેવી શુભેચ્છા  આર્પીએ તે આજની માંગ છે.

દેશમાં ઘણા વિકટ પ્રશ્નો છે. એમાં ખાસ કરીને સરકાર ચલાવનાર મહાપુરુષો કોઈપણ ભ્રષ્ટાચારથી દૂર રહે, દરેકને રોજીરોટી મળે તેવું આયોજન થાય, દેશની દરેક  વ્યક્તિ પોતાનો વિકાસ કરી શકે તે માટેની શિક્ષણની સુવિધા પ્રાપ્ત થાય, શિક્ષિત વર્ગ બેકાર ન રહે તેવી વ્યવસ્થા રાજ્ય અને દેશના આયોજનમાં અગ્રિમતા પામે, પ્રજાનાં ૧૦૦ ટકા નાણાં પ્રજા માટે જ વપરાય તથા જે કાળું નાણું વિદેશોમાંની બેંકોમાં  છે તેને યોગ્ય રીતે દેશમાં પાછું લાવીને જનસમુદાય માટે ઉપયોગમાં લવાય તે પણ આજની માંગ છે.

છેલ્લાં ૧૪ વર્ષમાં નરેન્દ્રભાઈએ પોતાના વડપણ નીચે દરેક વિભાગમાં ગુડ ગવર્નન્સથી સારો વિકાસ અને લોકોનો પ્રેમ સંપાદિત કર્યો છે. ભારત સરકારની જવાબદારી આ જ રીતે નિભાવશે તેમાં કોઇ શંકા ન હોઇ શકે. ગુજરાતનાં નવાં વરાયેલાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ પણ ગુજરાતની સરકારમાં કેબિનેટપ્રધાન તરીકે શિક્ષણ, મહેસૂલ અને બીજા વિભાગોમાં ખૂબ જહેમત ઊઠાવીને તેમના વિભાગને ફાળવવામાં આવેલાં નાણાંનો સદુપયોગ થયાનું આપણે સૌ જોઇ શકીએ છીએ. એમને જ્યારે રાજ્યની જવાબદારી સોંપવામાં આવી અને ભાજપના વિધાનસભા પક્ષ તેમજ વિધાનસભાએ એકમતે નિર્ણય કર્યો હોય ત્યારે વિધાનસભાના સર્વે સદસ્યોની જેમ ગુજરાત રાજ્યની પ્રજા પણ તેમનામાં વિશ્વાસ મૂકે તે જરૂરી છે. તેઓ પણ શ્રી નરેન્દ્રભાઇ મોદીની જેમ પોતાની શક્તિનો ઉપયોગ ગુજરાતના જાહેર વિકાસ અને દરેક નાગરિકની સુખાકારી માટે કરવા પ્રયત્નશીલ રહે અને તેમાં સફળતા પ્રાપ્ત કરશે એ ચોક્કસ બાબત છે. પ્રજાએ તેમનામાં વિશ્વાસ રાખીને વિકાસના પ્રત્યેક કામમાં જેમ નરેન્દ્રભાઇનું સૂત્ર હતું. ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ એ માટે સૌ સરકાર સાથે જોડાય એ આજની માંગ છે.

(૨૪ મે ૨૦૧૪)

સી.કે.પટેલ

**॥આપણો વૈભવ અને વારસો ॥** (પદ્ય વિભાગ)

(૧૩ જૂન ૨૦૧૪ના રોજ સંત કબીરની જન્મજયંતી નિમિત્તે કબીરવાણી અહીં પ્રસ્તુત છે.)

સાધો પાઁડે નિપુન કસાઇ ।
બકરી માર ભેડ કો ધાવે ।
દિલમેં દરદ ન આઇ ॥
કર અસ્નાન તિલક દે બૈઠે
વિધિ સે દેવ પૂજાઇ;
આતમ માર પલક મેં બિન્સે
રુધિર કી નદી બહાઇ ॥
અતિપુનિત ઉઁચ કુલ કહિંયે
સભા માઁહિ અધિકાઇ।
ઇનસે ગુરુદીચ્છા સબ માંગે
હાઁસી આવે મોહિઁ ભાઇ ॥
પાપ કરણ કો કથા શુનાવૈં
કરમ કરાવૈં નીચા ।
ગાય વધૈં સો તુરક કહાવૈ
યહ કયા ઇનસે છોટે ॥

(હે સાધુ, પુરોહિત ઘણા નિપુણ કસાઇ છે. (પ્રાણહન્તા) બકરો મારીને ઘેટા તરફ તે દોડે છે- ચિત્તમાં જરાય દયા અનુભવતા નથી. સ્નાન કરી, તિલક ધારણ કરી બેઠાં બેઠાં તે યથારીતિ-રીતસર તેની દેવીની પૂજા કરે છે અને પલકમાં જ પ્રાણીહિંસા કરીને લોહીની નદી વહેવડાવે છે. વળી અત્યંત પવિત્ર ઉચ્ચકુળના છે એમ કહીને સભામાં મોટાઇ દેખાડે છે. એમની પાસે લોકો દીક્ષા લે છે, એ સાંભળીને મને હસવું આવે છે. આ લોકો પાપની વાતો સંભળાવે છે, નીચ કર્મો કરાવે.હાય રે, જે લોકો ગોવધ કરે છે તેમને તો આ લોકો તુરક કહે છે; આ લોકો શું તેમના કરતાં ઓછા છે એમ?)

સાધો દેખો જગ બૌરાના ।
સાઁચ કહો તો મારન ધાવૈ
ઝૂઠે જગ પતિયાના ।
હિન્દુ કહત હૈ રામ હમારા
મુસલમાન રહીમાના ।
આપસ મેં દોઉ લડ મરત હૈ
મરમ કોઇ નહિઁ જાના ॥
બહુત મિલે મોહિ નેમી ધર્મી,
પ્રાત કરે અસ્નાના ।
આતમ છોડૈ પષાનૈ પૂજૈઁ
તિનકા થોથા જાના ॥
પીતર પાથર પૂજન લાગૈ,
તીરથ બર્ત્ત ભૂલાના ।
માલા પહિને ટોપી પહિને,
છાપ તિલક અનુમાના ॥
સાથી શબ્દૈ ગાવત ભૂલે,
આતમ જ્ઞાન ન જાના ।
ઘર ઘર મંત્ર જો દેત ફિરત હૈં,
માયા કે અભિમાના ।
ગુરુવા સહિત શિષ્ય સબ બૂડે,
અન્તકાલ પછતાના ॥
બહુતક દેખા પીર ઔલિયા,
પઢૈં કિતાબ કુરાના ।
કરૈં મુરીદ કબર બતલાવૈ,
ઉનહુઁ ખુદા ન જાના ॥
હિન્દુકી દયા; મેહર તુરકન કી,
દોનોં ઘર સે ભાગી,
વહ કરે જિબહ, વહ ઝટકા મારૈ,
આગ દોઉ ઘર લાગી ।
યા વિધિ હસત ચલત હૈ હમકો
આપ કહાવૈ સ્યાના ।
કહૈં કબીર સુનો ભાઇ સાધો
ઇન મેં કૌન દિવાના ॥

(હે સાધુ, જુઓ તો જગત કેવું પાગલ છે. જો સત્ય વાતો કહેશો તો તમને મારવા માગે છે, જો મિથ્યા કહેશો તો વિશ્વાસ કરશે. હિન્દુ કહે છે મારો રામ, મુસલમાન કહે છે મારો રહીમ. બન્ને પરસ્પર મારામારી કરે છે તોય ધર્મની વાત તો કોઇ જ જાણતું નથી. વળી ધર્મ અને વિધિના પાલન કરનારાઓ, નિત્ય પ્રાતઃસ્નાન કરનારાઓ, ઘણા જોયા છે. તેમનું જ્ઞાન સ્થૂળ છે, કારણ કે તેઓ પરમાત્માને છોડીને પાષાણની પૂજા કરે છે. કોઇ વળી પિત્તળની મૂર્તિ, પાષાણમૂર્તિની પૂજા કરે છે, તીર્થવ્રતમાં પણ કોઇ ભ્રાન્ત થયા છે. કોઇ તો વળી માળા ધારણ કરે છે. કોઇ ટોપી પહેરે છે, છાપ તિલક કરે છે, બન્ને જપ કરે છે, ભજન ગાન કરે છે કેવળ જાણતા નથી પરમાત્માને આ જે મિથ્યા અભિમાનમાં માતેલા થઇને ઘેર ઘેર મંત્ર આપતા ફરે છે શિષ્ય સાથે તે ગુરુ રસાતલમાં જાય છે. અન્તકાલે પરિતાપ થશે. પીર ફકીર પણ ઘણા જોયા છે. કોઇ ધર્મગ્રંથ કોઇ વળી કુરાન ભણે છે, તેઓ બધા જ શિષ્યો બનાવે છે, ગુપ્ત વાતો કહે છે. જો કે તેઓ ઇશ્વરને જાણતા નથી. હિન્દુની દયા, મુસલમાનની મહેર બન્નેના ઘરમાંથી પલાયન થઇ ગઇ છે. એક જણ આપે છે બલિ, બીજો જાણ ઝટકો મારે છે. બન્નેના ઘરમાં આગ લાગી છે. તેઓ પોતાને બુદ્ધિમાન ગણે છે અને મારો ઉપહાસ કરે છે. કબીર કહે છે, હે સાધુ, આમાં કોણ પાગલ છે તે મને કહો?)

(કબીરઃ ક્ષિતિમોહન સેન, અનુવાદકઃ મોહનદાસ પટેલ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૮)

# પ્રાચીન સંસ્કૃતિઓ

## જવાહરલાલ નેહરુ

હવે આપણે જરાક પાછાં હઠીને પ્રાચીન સંસ્કૃતિઓનો અને તે જમાનામાં કેવા માણસો પૃથ્વી પર વસતાં હતાં તેનો વિચાર કરીએ. આ પ્રાચીન લોકોને વિશે આપણને બહુ માહિતી મળતી નથી, પણ પેલા પેલિયોલિથિક અને નિયોલિથિક માનવીઓને વિશે આપણે જેટલી વાતો જાણી શકીએ છીએ તેના કરતાં આ લોકોને વિશે ઘણું વધારે જાણીએ છીએ. મકાનો, મંદિરો અને મહેલોનાં એ ખંડિયેરો જોવાથી પૂર્વકાળનાં તે માણસો કેવાં હતાં અને શું કરતાં તેનો કંઈક ખ્યાલ આપણને મળે છે. તે જમાના વિશે માહિતી મેળવવામાં એ પ્રાચીન બાંધકામોમાં મળી આવતાં શિલ્પકામો અને કોતરકામો આપણને વિશેષ મદદ કરે છે. પથ્થરોમાં કોતરી કાઢેલા એ નમૂનાઓ પરથી તે વખતના લોકો કેવાં વસ્ત્રો પહેરતાં તે તથા બીજી બધી અનેક બાબતો વિશે કેટલીક વાર આપણને માહિતી મળી રહે છે.

પૃથ્વી પર કયા ભાગોમાં માણસો પ્રથમ ઠરીને રહ્યાં અને તેમણે સંસ્કૃતિઓ ખીલવી એ વિશે આપણે ચોક્કસ કશું કહી શકતા નથી. કેટલાક લોકો કહે છે કે આટલાંટિક મહાસાગરની જગ્યાએ એક મોટો મુલક વસેલો હતો. તેનું તે જ લોકોએ એટલાંટિસ નામ આપેલું છે. તેઓ એમ પણ કહે છે કે એ મુલકમાં માણસો વસતાં હતાં અને તેમણે પોતાની સંસ્કૃતિને ખૂબ ખીલવી હતી. પણ કોઈક રીતે આટલાંટિક મહાસાગર એ આખાય મુલકને ગળી ગયો અને આજે તેનો એકે ભાગ હસ્તીમાં નથી.

વળી કેટલાંક લોકો એમ પણ કહે છે કે પ્રાચીન કાળમાં અમેરિકામાં પણ મહાન સંસ્કૃતિઓ ખીલી હતી. કોલંબસે અમેરિકા ખંડ ખોળી કાઢ્યો એમ માનવામાં આવે છે તે તું જાણે છે. પણ એ વાતનો અર્થ એવો નથી કે કોલંબસ ત્યાં પહોંચ્યો તે પહેલાં અમેરિકાની હયાતી નહોતી. આનો અર્થ એટલો જ થાય છે કે કોલંબસે અમેરિકા ખંડ શોધી કાઢ્યો તે પહેલાં યુરોપના લોકોને તેની હસ્તીની ખબર નહોતી. કોલંબસ અમેરિકા ખંડની ભૂમિ પર પહોંચ્યો તે પહેલાં ઘણાં કાળથી માણસો તેના પર વસતાં હતાં. અને તેમણે વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિ ખીલવી હતી. ઉત્તર અમેરિકામાં આવેલા મેક્સિકોના પ્રદેશમાં યુકાતાન નામના શહેરમાં અને દક્ષિણ અમેરિકામાં આવેલા પેરુમાં ઘણા પ્રાચીન મકાનોના અવશેષો મળી આવે છે તે ઉપરથી આપણે એમ ચોક્કસપણે કહી શકીએ કે યુકાતાનમાં અને પુરમાં ઘણા પ્રાચીન જમાનામાં સંસ્કારી લોકો વસતા હતા.

યુરોપ અને એશિયાના પ્રદેશોને એક નામે ઓળખવાને માટે યુરેશિયા નામ વપરાય છે. અહીં યુરેશિયામાં મેસોપોટામિયા, મિસર, ક્રીટ, હિંદ અને ચીન એ બધા દેશોમાં સૌથી પ્રારંભની સંસ્કૃતિઓ ખીલી હોય એમ લાગે છે. મિસરને આજની ભૂગોળમાં આફ્રિકામાં ગણવામાં આવે છે. પણ તે યુરેશિયાની બહુ પાસે આવેલો હોવાથી તેની સાથે જ તેનો વિચાર કરી લઈએ.

પેલાં માણસોનાં પ્રાચીન કુલો જે પૃથ્વી પર રખડતાં ફરતાં હતાં તેમણે ઠરીને વસવાનો વિચાર કર્યો ત્યારે તે માટે તેમણે કેવાં સ્થળો પસંદ કર્યાં હશે એમ તને લાગે છે. પોતાને જોઈતો ખોરાક સહેલાઈથી મેળવી શકાય એવી જગ્યાઓનો તેમણે વિચાર કર્યો હોવો જોઈએ. તેમના ખોરાકનો મોટો ભાગ ખેતીથી પેદા કરવામાં આવતો હતો. ખેતીને માટે પાણીની જરૂર બહુ પડે છે. પાણી વિના ખેતરો સુકાઈ જાય એટલે તેમાં કશું ઊગી શકતું નથી. ચોમાસામાં જ્યારે આપણે ત્યાં હિંદમાં પૂરતો વરસાદ પડતો નથી ત્યારે અનાજ નહીં જેવું જ પાકે છે અને પરિણામે દુકાળ પડે છે એ વાત તું જાણે છે. દુકાળમાં ગરીબ લોકોને કશું ખાવાનું મળતું નથી, તેથી તેઓ ભૂખે મરે છે. આ ઉપરથી માણસને પાણીની કેટલી જરૂર છે તે તને સમજાશે. એટલે શરૂઆતમાં ઠરીને વસવાનો માણસોએ જ્યારે વિચાર કર્યો હશે ત્યારે પોતાના વસવાટને માટે ભરપૂર પાણીવાળાં સ્થળો પસંદ કર્યાં હશે. તેમણે એમ જ કરેલું તે આપણે જોઈ શકીએ છીએ.

મેસોપોટામિયાના મુલકમાં યુફ્રેતિસ અને તિગ્રિસ એ બે મોટી નદીઓની વચ્ચે આવેલા પ્રદેશમાં તેમણે વાસ કર્યો. મિસરમાં તેમને મહાનદી નીલ મળી. હિંદમાં વસવાટ કરનારાં એ માનવ કુલોનાં ઘણાંખરાં નગરો સિન્ધુ, ગંગા, અને જમનાને કિનારે વસ્યાં. પાણી એ લોકોના જીવનવહેવારને માટે એટલું બધું જરૂરનું હતું કે પોતાને પાણી, અનાજ અને બીજી સમૃદ્ધિ આપનારી એ નદીઓને તે લોકો પવિત્ર માનવા લાગ્યા. મિસરમાં તેમણે નીલને પિતા નીલ કહીને તેની પૂજા શરૂ કરી. તું જાણે છે કે ભારતવર્ષમાં લોકો ગંગાની ભક્તિ કરતા અને આજે પણ તે પવિત્ર મનાય છે. આપણા લોકો તેને આજેયે માતા ગંગા અથવા ગંગામાઈ કહે છે અને યાત્રાળુઓના 'ગંગામાઈકી જે' ના પોકારો તો તેં કેટલીય વાર સાંભળ્યા હશે. લોકો નદીઓની આવી પૂજ્ય ભાવભરી ભક્તિ કેમ કરતા તે સમજવું મુશ્કેલ નથી. એ નદીઓનો તેમના જીવન સાથે કેટલો બધો સંબંધ હતો તે નદીઓમાંથી તેમને જોઈએ તેટલું પાણી તો મળતું જ પણ તે ઉપરાંત એ નદીઓ જે મજાનો કાંપ ઘસડી લાવતી તે ઠરવાથી તેમનાં ખેતરો સમૃદ્ધ અને ફળદ્રુપ બનતાં. નદીઓનાં કાંપ અને પાણીથી આબાદ બનીને જમીન ભરપૂર અનાજ આપતી. એટલે તે લોકોએ નદીઓને માતાપિતા માન્યાં હોય તેમાં શી નવાઈ? પણ અમુક કાર્ય અસલમાં શા કારણે થતું તે લોકો ભૂલી જાય છે, અને પછી વગર વિચાર્યે તેઓ એકબીજાનાં કાર્યોની નકલ કરે છે. નીલ અને ગંગા લોકોને પાણી અને અનાજ આપતી તેથી તેમને તેઓ પવિત્ર અને પૂજ્ય માનતા એ આપણે યાદ રાખવું જોઈએ.

(ઇન્દુને પત્રો, જવાહરલાલ નેહરુ, નવજીવન, અમદાવાદ)

## નરેન્દ્ર મોદી

### (૧)
### એવા માણસ

બોલવાનું હોય ત્યાં બોલે નહીં ને નહીં બોલવાનું બોલે.
એવા માણસ હોય સદાયે તણખલાંની તોલે.
અવાજની આંખો ઊંચકો
ને કહેવાનું હોય તે કહી દિયો,
ભેદી મૌનના આડંબરને
ઊના ઊના ડામ દિયો.
કદી આપણે બેસવાનું નહીં ખુશામતને ખોળે,
બોલવાનું હોય ત્યાં બોલે નહીં ને નહીં બોલવાનું બોલે.
કોઈની નિંદા સાંભળવી
ને ચૂપ રહેવું એ પાપ છે,
સાચું બોલી કબૂલ કરે
એના સઘળા ગુના માફ છે.
પવનલહરમાં વૃક્ષની ઈજ્જત મસ્ત થઈને ડોલે.
અનાદિકાળથી પ્રકૃતિમાં કોઈ નહીં ખોટું બોલે.

### (૨)
### ગૌરવ

મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.
પળ પળ એવું અનુભવું કે વિશાળ, વિરાટ હું સિન્ધુ છું.
કોઈની નહીં હું કરું બાદબાકી
કરું સર્વનો સરવાળો,
માણસમાત્રનો સહવાસ ગમે છે
લગનીભર્યો હૂંફાળો.
નર્મદાનાં નીર રક્તમાંઃ ફૂલ પર ઝાકળબિન્દુ છું.
મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.
આંખ ભલે નાની લાગે
પણ દૃષ્ટિ હોય વિશાળ,
સંપ્રદાયની શેરી નહીં
પણ વિધવિધ હોય નિશાળ.
સૂર્ય, વાદળ, ગ્રહ, નક્ષત્રો, મારા આભમાં ઈન્દુ છું.
મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.

### (૩)
### પ્રયાસ

નીચું જોવાનો વારો આવે એવું હું નહીં કરું કદી.
ઉન્નત પહાડ જેમ રહું અડીખમઃ નિર્મળ જાણે વહે નદી.
શણગારેલા શબ્દ નથી
પણ નાભિમાંથી પ્રકટી વાણી,
આ ધરતીને પ્રીત કરું છું,
ગીત ગાઉં છું મૌનને માણી.
સંસ્કારોના લય-તાલમાં ગુંજી રહી છે કૈંક સદી.
નીચું જોવાનો વારો આવે એવું હું નહીં કરું કદી.
મારા એક એક કર્મની પાછળ
ઈશ્વરના હોય આશીર્વાદ,
ખોટું જે નહીં કરે, કદી નહીં ડરેઃ
સઘળે ભીતર હોય સંવાદ.
આચરણ મારું વચન પ્રમાણેઃ હોય કદી નહીં બદી.
નીચું જોવાનો વારો આવે એવું હું નહીં કરું કદી.

### (૪)
### આશ

અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં
માનાં અંધારાં ઉલેચ્યાં.
અજવાળાની આભા લઈને અંધારાં ઉલેચ્યાં.
માનાં અંધારાં ઉલેચ્યાં
કાલચક્રની વીંધી કાલિમા
ઉજાસને અવ નહીં કોઈ સીમા.
જ્યોતિ આજે પ્રગટી ઊઠી
જાણે નવ-રંગી પરવાળાં.
અજવાળાં અજવાળાં.
આજે અજવાળાં અજવાળાં.
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.
ગતિ એક ને મતિ એક
ને પ્રગતિનો પણ પંથ એક છે.
અચળ ટેક ને અચળ નેક
ને જીવનભરનો ભેખ એક છે.
કુસંપનાં તો કાયમ માટે વાસી દીધાં છે તાળાં.
અજવાળાં અજવાળાં.
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.
યશ-કીર્તિની કોઈ તમા નહીં
કોઈ ગમા કે અણગમા નહીં,
હૈયામાં તો સદા ક્ષમા રહી
હૃદયને રામ તણાં રખવાળાં.
અજવાળાં અજવાળાં..
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.

(આંખ આ ધન્ય છે !- કાવ્યસંગ્રહ- નરેન્દ્ર મોદી, ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ., મુંબઈ- અમદાવાદ, ૨૦૦૭)

# અંગ્રેજી કાવ્યનો ગુજરાતી અવતાર

## Bards of Passion and of Mirth,

Bards of Passion and of Mirth,
Ye have left your souls on earth!
Have ye souls in heaven too,
Doubled-lived in regions new?
Yes, and those of heaven commune
With the spheres of sun and moon;
With the noise of fountains wondrous,
And the parle of voices thund'rous;
With the whisper of heaven's trees
And one another, in soft ease
Seated on Elysian lawns
Browsed by none but Dian's fawns;
Underneath large blue-bells tented,
Where the daisies are rose-scented,
And the rose herself has got
Perfume which on earth is not;
Where the nightingale doth sing
Not a senseless, tranced thing,
But divine melodious truth;
Philosophic numbers smooth;
Tales and golden histories
Of heaven and its mysteries.
Thus ye live  on high, and then
On the earth ye live again;
And the souls ye left behind you
Teach us, here, the way to find you,
Where your other souls are joying,
Never slumber'd, never cloying.
Here, your earth-born souls still speak
To mortals, of their little week;
Of their sorrows and delights;
Of their passions and their spites;
Of their glory and their shame;
What doth strengthen and what maim.
Thus ye teach us, every day,
Wisdom, though fled far away.
Bards of Passion and of Mirth,
Ye have left your souls on earth!
Ye have souls in heaven too,
Double-lived in regions new!

**John Keats**

## શબદ સ્વામીને

ઉછળતા ઉમંગે, ભર્યા પાગલપણે મસ્ત મસ્ત શબદ-સ્વામી,
શબદ-શિલ્પના રચનારા છોડી ગયા- છોડી તવ આતમ અહીં.
એક આતમ તમ તણો વસે અહીં ને બીજો વસે સ્વર્ગ મહીં,
વસતો ધામદ્વયે તું અહીં ને તહીં ગોઠતું કેમ હશે તવ જીવને !!
સરગ લોક ચમકાવે ને અજવાળે સઘળું ચાંદ સૂરજ બેલડી,
વહેતા અનંત સૂર મધુર ખળ ખળ વહેતે ઝરણે ઊઠતા જે,
દેવદીધેલ વનરાજી સઘળી શ્વસતી ભરતી અનિલ દેહમાં,
અગણિતનાદ ઊઠે ગજબના જણતા નિનાદિત ગાન અનેરું.
મૃગલાં દિવ્ય કૂદતાં ને ચરતાં નિશદિન તૃણાવૃત્ત જે મેદાને,
બિરાજતા સ્વર્ગબાસીંદા હરખે તમ સૌ એ જ હરિત બિછાનેઃ
નીલપુષ્પ કેરી ચાદર-વેલડી ઢાળે શીતળ છાયા તવ શિરે.
ડોલે આમ ડોલે તેમ સૂરજમુખીનાં ફૂલડાં ફેલાવતાં પમરાટ,
ગુલાબ કેરાં ઝુંડની વાત અનેરી અનેરી માદક ફોરમ એની,
લાવવું કેમે અવનિ ઉપરે સઘળું જે લખ્યું ના હોય લલાટે!!
તમ તો વસ્યા તહીં જહીં કોકિલ કરે ટહુકા મધુર અનેરા
ટહુકો નાહક ના એકેય એનો ના હોયે બેમતલબ ગરબડિયો,
કોકિલ તવ તણો ટહુકો દૈવી મીઠો સાચુકલો ને વળી સાચો! !
થાતી વાત અતિ અદકેરી સુવર્ણમંડિત સરગ-તવારીખ કેરી.
વસતો આતમ તવ શબદસૂરીનો સરગ તણી અલક ભોમમાં,
ઊંચા દૈવાસને બિરાજતા તમ અહિંય ધબકી સદૈવ રહ્યા છો.
દીક્ષિત તો તવ આતમ અમ સૌને ભોમિયો એ તો સાચુકલો
દોરતો મારગે અમને કિલ્લોલે આતમ સૌ જહીં તવ સરીખા,
ના સુપ્ત ના ગાફેલ કદીયે રહે એ ના ખુશામત કરે કોઈની.
વસુંધરાના તવ આતમાઓ પ્રબોધતા લોક નાશવંત છે જે-
અમ વિફળતા અમ સુખ-દુઃખ અમ ખુશી અમ વેદના સઘળી,
હોય અમ ગૌરવ કે હોય શરમિંદગી, કો' પીડે કો' સથવારે-
શીખતા પાઠ તવ ડહાપણ કેરા સ્થિરધીર જીવન જીવવાના.
શબદ-શિલ્પના રચનારા છોડી  ગયા છોડી તવ આતમ અહીં.
એક આતમ તમ તણો વસે અહીં ને બીજો વસે સ્વર્ગ મહીં,
વસતો ધામદ્વયે તું અહીં ને તહીં ગોઠતું કેમ હશે તવ જીવને! !

જ્યોતીન્ પટેલ

(અવિચલ બંગલો, શાસ્ત્રી માર્ગ, ઑફ બાકરોલ,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦)

॥ ચિંતન ॥

## ભારતની બૌદ્ધિક રાજધાની વારાણસી

**નરેન્દ્ર મોદી**

(વડાપ્રધાન તરીકે વરાયા એ પૂર્વે લોકસભાની વારાણસીની બેઠક પર ચૂંટણી લડી વિજેતા બનેલા ગૌરવશાળી ગુજરાતીની ચિંતનયાત્રાની આછેરી ઝલક અહીં પ્રસ્તુત છે.)

પ્રાચીન નગરી વારાણસી હજારો વર્ષોથી જ્ઞાન, શિક્ષણ અને સંસ્કૃતિનું પ્રતીક રહી છે. આ શિવની નગરી છે. શિવ કે જે વિભિન્ન સંસ્કૃતિઓ વચ્ચેના સમન્વય સેતુ છે. શિવ કે જેઓ સંસારને બુરાઇઓથી બચાવવા માટે સ્વયં ઝેર પીને નીલકંઠ તરીકે ઓળખાય છે. આજે સમગ્ર દેશની નજર વારાણસી ઉપર કેન્દ્રિત થઇ છે તો તેનું કારણ વારાણસીનું આ જ શિવ સ્વરૂપ છે કે જેઓ વિષ પી પણ શકે છે અને દેશને નિરાશાની ગર્તામાં ધકેલતા લોકોથી મુક્ત કરવા માટે ડમરૂ પણ વગાડી શકે છે.

એવું મનાય છે કે આ વારાણસીમાં ગંગા માતાનું સૌંદર્ય અને મહત્ત્વ તેના ઉચ્ચતમ સ્તરને પ્રાપ્ત કરી લે છે અને ગંગાનાં દર્શન માત્ર જ મુક્તિનું માધ્યમ બની જાય છે. જોકે, આજે આ મોક્ષદાયિની ગંગા સ્વયં પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે. હજારો કરોડ વ્યય કરવા છતાં પણ ગંગાની સ્થિતિમાં કોઇ બદલાવ આવ્યો નથી. ગંગા વારાણસીનું ગૌરવ છે અને અહીંના રહેવાસીની આન છે. ગંગાને તેનું ગૌરવ પાછું અપાવવા માટે વ્યાપક પ્રયાસની આવશ્યકતા છે.

વારાણસી ગંગા-જમુના સંસ્કૃતિનું પણ સૌથી મોટું કેન્દ્ર છે. હિંદુ ધર્મમાં તો આ સૌથી પવિત્ર શહેર તરીકે ઓળખાય છે અને તેની સાથે-સાથે જૈન અને બૌદ્ધ ધર્મમાં પણ તેનું ખૂબ જ મહત્ત્વ છે. ગૌતમ બુદ્ધે પોતાનું પ્રથમ પ્રવચન સારનાથમાં આપ્યું હતું. ભારતરત્ન બિસમિલ્લા ખાનની શહેનાઇની ગૂંજ પણ હિંદુ-મુસ્લિમ એકતાની ઓળખ અહીંથી જ આપતી રહી છે. આના પરિણામે આજે વારાણસી આધ્યાત્મિક જ્ઞાનનું દુનિયાનું સૌથી મોટું કેન્દ્ર છે.

નવી દિલ્હી રાજધાની છે. મુંબઇને નાણાકીય શહેર કહેવામાં આવે છે. આ યાદીમાં હું ઇચ્છું છું કે વારાણસી ભારતની બૌદ્ધિક રાજધાની બને. હું અને મારો પક્ષ આ દિશામાં ભરપૂર પ્રયાસો કરીશું. અમે કાશીનો એવા શહેરના રૂપે વિકાસ કરીશું કે જે ભારતની સાંસ્કૃતિક અને બૌદ્ધિક ગતિવિધિઓનું કેન્દ્ર હોય અને જ્યાં જ્ઞાનનો નિરંતર પ્રવાહ હોય.

અહીં બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય અને મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ જેવાં વિશ્વસ્તરીય શિક્ષા સંસ્થાન છે, જેમની સાચવણી અને સતત વિકાસની જરૂર છે. આ સંસ્થાન માત્ર બનારસની જ ઓળખ નથી, પરંતુ ભોજપુરી ક્ષેત્રો સહિત સમગ્ર પૂર્વાંચલમાં જ્ઞાનની જ્યોત ચાલુ રાખવા માટે પણ આવશ્યક છે.

બનારસ પર્યટનનું મોટું કેન્દ્ર છે અને સાથે જ પોતાના હસ્ત-શિલ્પ અને કારીગરી માટે વિશ્વવિખ્યાત છે. આમ છતાં પણ અહીંના યુવાનોને રોજગારી મળતી નથી. એક સમય હતો કે જ્યારે સમગ્ર દેશમાં બનારસી પાન અને બનારસી સાડીનું વર્ચસ્વ હતું અને જેનાથી હજારો લોકોને રોજગાર મળતો હતો, પરંતુ આજે આ બન્ને પોતાના અસ્તિત્વ માટે લડાઇ લડી રહ્યાં છે. આટલાં વર્ષોમાં આપણે બનારસ માટે કોઇ નવી બ્રાન્ડ તૈયાર કરી શક્યા નથી અને જૂની બ્રાન્ડની ચમક ગુમાવી રહ્યાં છીએ. આપણે વારાણસીની સમૃદ્ધ વિરાસતનો પુનરોદ્ધાર કરીએ તેની આવશ્યકતા છે. અહીંના કુટિર ઉદ્યોગો અને હસ્ત શિલ્પના વ્યવસાયને પુનર્જીવિત કરીએ. અહીં રોજગારનું સર્જન કરીએ. આમ કરીને આપણે હજારો લોકોને તેમના ઘર પાસે રોજગાર ઉપલબ્ધ કરાવવાની સાથે-સાથે વારાણસી માટે તેનું જૂનું ગૌરવ પણ પાછું લાવી શકીશું.

જોકે, આ તમામ બાબતો સારી નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવ્યા વિના હાંસલ કરી શકાશે નહીં. આજે બનારસ માર્ગ, દબાણ, જામ અને વિજળી-પાણી જેવી સમસ્યાઓથી ત્રસ્ત છે. આ સમસ્યાઓનું મોટું કારણ કેન્દ્ર અને રાજ્ય સરકારની ઉપેક્ષા છે. સરકારી વિભાગોમાં ઠેકેદારી તેમજ માફિયાઓની દખલ પણ એક કારણ છે. હું તેમને ખાતરી આપું છું કે દિલ્હીથી લઇને બનારસ સુધી જનતાના ધનની લૂંટ કરતા માફિયાઓના વર્ચસ્વને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે.

તમને યાદ હશે કે ૨૦મી સદીનાં અંતિમ વર્ષોમાં દુનિયાભરના વિચારકો અને ચિંતકોએ જાહેરાત કરી હતી કે ૨૧મી સદી ભારતની રહેશે. અને સદીનાં શરૂઆતનાં વર્ષોમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારમાં આ ભવિષ્યવાણી હકીકત બનતી જોવા મળી રહી હતી.

દુનિયા ભારત તરફ અપેક્ષાની નજરે જુએ છે. દેશના યુવાનોમાં ગજબનો ઉત્સાહ હતો અને દરેક પરિવાર પાસે પોતાનાં બાળકોની સફળતાની વાતો હતી. જોકે, યુપીએના દસ વર્ષના કુશાસનને કારણે દેશ આગળ વધવાની જગ્યાએ પાછળ ધકેલાઇ ગયો અને આગળ વધી રહેલા ભારતની વાર્તાને અડધે જ છોડી દીધી.

આજે સમય આવી ગયો છે કે આપણે આ સ્થિતિમાં બદલાવ લાવીએ. કહેવાય છે કે દેશની રાજનીતિનું પ્રતિબિંબ વારાણસીમાં જોવા મળે છે. તો આપણે અહીંથી જ શરૂઆત કરીએ.

વારાણસી જ એવી જગ્યા છે કે જ્યાં ગંગા ઉત્તરવાહિની છે. શક્તિશાળી ગંગાની ધારા પણ અહીં પહોંચીને પોતાની દિશા બદલી દે છે. આથી જ તમારા શહેરથી જ મોટા પરિવર્તનની શરૂઆત થશે. દેશ ફરીથી સુશાસનના માર્ગે આગળ વધશે અને વારાણસીમાંથી નીકળેલો આ સંદેશ સમગ્ર દેશમાં નવી ભાવના જન્માવશે.

આ વિશ્વાસ સાથે

કાલ હર! કષ્ટ હર! દુઃખ હર! દરિદ્ર હર! હર હર મહાદેવ!
ૐ નમઃ શિવાય, જય જય બાબા વિશ્વનાથ જી કી.

(૨ એપ્રિલ ૨૦૧૪)

(Prime Minister's Residence, 7, Race Course Road, New Delhi, 110011)

## પાનખરના હૈયામાં

અંતમાં આરંભ અને આરંભમાં અંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

સોળ વરસની વય, ક્યાંક કોયલનો લય,
કેસૂડાંનો કોના પર ઊછળે પ્રણય?

ભલે લાગે છે કે રંક પણ ભીતર શ્રીમંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

આજે તો વનમાં કોના વિવાહ,
એક એક વૃક્ષમાં પ્રકટે દીવા.

આશીર્વાદ આપવા આવે છે સંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

**નરેન્દ્ર મોદી**

## ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીઓ

૧. ડૉ. જીવરાજ મહેતા ૧-૫-૬૦ થી ૧૯-૯-૬૩
૨. શ્રી બળવંતરાય મહેતા ૧૯-૯-૬૩ થી ૧૯-૯-૬૫
૩. શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇ ૧૯-૯-૬૫ થી ૧૩-૫-૭૧
૪. રાષ્ટ્રપતિ શાસન ૧૩-૫-૭૧ થી ૧૭-૩-૭૨
(રાજ્યપાલશ્રી ડૉ. શ્રીમન્નારાયણ)
૫. શ્રી ઘનશ્યામભાઇ ઓઝા ૧૭-૩-૭૨ થી ૧૭-૭-૭૩
૬. શ્રી ચીમનભાઇ પટેલ ૧૭-૭-૭૩ થી ૯-૨-૭૪
૭. રાષ્ટ્રપતિ શાસન ૯-૨-૭૪ થી ૧૮-૬-૭૫
(રાજ્યપાલશ્રી કે.કે. વિશ્વનાથ)
૮. શ્રી બાબુભાઇ પટેલ ૧૮-૬-૭૫ થી ૧૨-૩-૭૬
૯. રાષ્ટ્રપતિ શાસનઃ ૧૨-૩-૭૬ થી ૨૪-૧૨-૭૬
(રાજ્યપાલશ્રી કે.કે. વિશ્વનાથ)
૧૦. શ્રી માધવસિંહ સોલંકી ૨૪-૧૨-૭૬ થી ૧૫-૪-૭૭
૧૧. શ્રી બાબુભાઇ પટેલ ૧૫-૪-૭૭ થી ૧૭-૨-૮૦
૧૨. રાષ્ટ્રપતિ શાસનઃ ૧૭-૨-૮૦ થી ૬-૬-૮૦
(રાજ્યપાલશ્રી શ્રીમતી શારદા મુખરજી)
૧૩. શ્રી માધવસિંહ ૬-૬-૮૦ થી ૬-૭-૮૫
૧૪. શ્રી અમરસિંહ ચૌધરી ૬-૭-૮૫ થી ૯-૧૨-૮૯
૧૫. શ્રી માધવસિંહ સોલંકી ૧૦-૧૨-૮૯ થી ૩-૩-૯૦
૧૬. શ્રી ચીમનભાઇ પટેલ ૪-૩-૯૦ થી ૧૭-૨-૯૪
૧૭. શ્રી છબીલદાસ મેહતા ૧૭-૨-૯૪ થી ૧૫-૩-૯૫
૧૮. શ્રી કેશુભાઇ પટેલ ૧૫-૩-૯૫ થી ૨૨-૧૦-૯૫
૧૯. શ્રી સુરેશભાઇ મહેતા ૨૨-૧૦-૯૫ થી ૧૯-૯-૯૬
૨૦. રાષ્ટ્રપતિ શાસનઃ ૧૯-૯-૯૬ થી ૨૩-૧૦-૯૬
(રાજ્યપાલશ્રી કૃષ્ણપાલ સિંહ)
૨૧. શ્રી શંકરસિંહ વાઘેલા ૨૩-૧૦-૯૬ થી ૨૮-૧૦-૯૭
૨૨. શ્રી દિલીપભાઇ પરીખ ૨૮-૧૦-૯૭ થી ૪-૩-૯૮
૨૩. શ્રી કેશુભાઇ પટેલ ૪-૩-૯૮ થી ૭-૧૦-૨૦૦૧
૨૪. શ્રી નરેન્દ્રભાઇ મોદી ૭-૧૦-૨૦૦૧ થી ૨૧-૫-૧૪
૨૫. શ્રીમતી આનંદીબેન પટેલ ૨૨-૫-૨૦૧૪ થી

સંકલનઃ **સુથાર દામજી હમીર**

# વડનગરથી સાઉથ બ્લૉક વાયા હિમાલય

## કિશોર મકવાણા

(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારકમાંથી વાયા મુખ્યમંત્રીપદ વડાપ્રધાન બનેલા મૂળ ઉત્તર ગુજરાતના વડનગરના શ્રી નરેન્દ્ર દામોદરદાસ મોદીના અંતરિયાળ વિશ્વને સમજવા માટે સંઘના મુખપત્ર 'સાધના'ના તંત્રી રહેલા અને અત્યારે 'સૂર્ય નમસ્કાર' સામયિકના તંત્રીશ્રીની કલમે મહામાનવનો મુલાકાતઆસ્વાદ અહીં પ્રસ્તુત છે.)

નરેન્દ્ર મોદી ૧૭વર્ષની વયે મા-બાપ અને ઘર છોડી હિમાલય તરફ ચાલી નીકળ્યા હતા. બે વર્ષ સુધી સાધુ-સંન્યાસીઓનો સત્સંગ કર્યો.... આશ્રમોમાં સેવા-સાધના કરી અને હિમાલયની ગિરિકંદરાઓમાં ઘૂમી વળ્યા.

નરેન્દ્ર મોદી ભગવાં ધારણ કરી વ્યક્તિગત મોક્ષ મેળવે એવું વિધાતાને મંજૂર નહોતું. બે વર્ષ પછી ઘરે પાછા આવ્યા પણ એ કંઇ સાંસારિક બંધનોમાં બંધાય એવો જીવ નહોતો.

અને ફરી ઘર છોડ્યું. કાયમને માટે 'સ્વ'ની હોળી કરી તન-મન રાષ્ટ્રને ન્યોછાવર કરી દીધું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક બની સમગ્ર જીવન માતૃભૂમિની સેવામાં સમર્પિત કરી દીધું અને સંઘના પ્રચારક બની ગુજરાતમાં સંઘનું કાર્ય સંભાળ્યું. ૧૯૭૫માં કટોકટી સમયે ભૂગર્ભમાં રહી જનઆંદોલનને પ્રેરણા આપી.

૧૯૮૬માં એમનું કાર્યક્ષેત્ર બદલાયું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એમને રાજનીતિના ક્ષેત્રમાં મોકલ્યા. ભારતીય જનતા પાર્ટીમાં સંગઠનનું કામ કર્યું. ૧૯૯૫માં એમણે ભાજપની સરકાર રચાય એ માટે અથાક પરિશ્રમ કર્યો. અને પાર્ટી સત્તા પર આવી. ૧૯૯૫માં જ એ દિલ્હી ગયા અને પાર્ટીએ રાષ્ટ્રીય મંત્રીની જવાબદારી સોંપી. એમને હિમાલય, પંજાબ અને હરિયાણા જેવાં રાજયોમાં સંગઠન મજબૂત બને એ માટે જવાબદારી સોંપી. સંગઠનમાં માહિર નરેન્દ્ર મોદીને રાષ્ટ્રીય મહામંત્રી-સંગઠનની જવાબદારી આપવામાં આવી અને સમગ્ર ભારતમાં એમણે સંગઠનને ધમધમતું કર્યું. ૭ ઓક્ટોબર ૨૦૦૧માં એમને ગુજરાતના મુખ્યમંત્રીની જવાબદારી સોંપી. છેલ્લાં બાર વર્ષ કરતાંય વધુ સમયથી નરેન્દ્ર મોદી ગુજરાતની આરાધનામાં લીન રહ્યા છે. ગુજરાત અને ગુજરાતીઓની ભક્તિ અને સેવા એ જ એમનો જીવનમંત્ર છે. ગુજરાતના વિકાસ થકી ભારતનો વિકાસ-એ એમની નેમ છે. અહીં નરેન્દ્ર મોદી સાથેની મુલાકાતમાં એમના જીવન અને જવાબદારીઓ વિશે રસપ્રદ સવાલો પૂછાયા છે.

**તમારામાં બાળપણથી જ લીડરના ગુણ છે?**

હા, એમ કહી શકાય. મને યાદ છે ૧૯૬૨માં 'ચાઇના વૉર' વખતે મિલિટરીના જવાનો મહેસાણા સ્ટેશનથી પસાર થતા હતા.વડનગરથી મહેસાણાનું બસ કે ટ્રેનનું ભાડું આઠથી બાર આના હતું. આમ છતાં હું મહેસાણા સ્ટેશને જતો, એ જવાનોને ચા-બિસ્કિટ આપવાની સેવામાં લાગી જતો. મને ૧૯૬૨નું યુદ્ધ આ કારણોસર યાદ છે.

**કઇ ઉંમરે તમે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક બન્યા?**

આઝાદી મળી તેનાં ઘણાં વર્ષો અગાઉથી વડનગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પ્રવૃત્તિ ચાલતી હતી. હું નાનપણમાં જ સંઘના સંપર્કમાં આવ્યો. મને યાદ છે ત્યાં સુધી અમારા ગામમાં લક્ષ્મણરાવજી ઈનામદારે અમારી પહેલી બેઠક લીધી હતી, ત્યારે એ 'પ્રાંત-પ્રચારક' હતા. એમના જીવન પર મેં એક પુસ્તક પણ લખ્યું છે.

**તમારો 'હીરો' કોણ?**

વિવેકાનંદ તરફ મારો ઝુકાવ બાળપણથી જ છે. એમના પ્રત્યે મને ખેંચાણ બહુ સહજ થતું રહ્યું છે.

**હાઇસ્કૂલમાં તમારું ભણતર કેવું રહ્યું?**

મારા માર્કસ સારા આવતા. મારા પિતાજીને લાગતું કે હું હોંશિયાર છું અને તેથી એમની એવી ઇચ્છા રહેતી કે હું વિજ્ઞાનમાં આગળ અભ્યાસ કરું. મારા પિતાજીના એક મિત્ર વેલજીભાઇ ચૌધરી અમારી શાળામાં શિક્ષક હતા. એ એવું માનતા કે મારામાં સાહિત્યનો 'ટચ' છે. એ પિતાને કહેતા, 'એને સાહિત્ય તરફ રસ લેતો કરો. એની ગ્રહણ શક્તિ સારી છે. આપણા ગામમાં અંગ્રેજી ભાષાનો ખાસ વપરાશ નથી, અંગ્રેજી મીડિયમ પણ નથી છતાં એ અંગ્રેજી ભાષા તરત ગ્રહણ કરી શકે છે. તેથી એવું લાગે છે કે એની કુદરતી સ્ફુરણા તે તરફ છે.' એ પોતે મારી પાછળ ઘણી મહેનત કરતા. સ્કૂલની સાથે સાથે મારી સંઘની પ્રવૃત્તિઓ પણ ચાલુ હતી. શાળાની દરેક પ્રવૃત્તિમાં પણ હું ખૂબ વ્યસ્ત રહેતો. મને યાદ છે અમારી શાળાના કમ્પાઉન્ડને દીવાલ ન હતી. અમે બધાએ ભેગા મળીને એક ચેરિટી શો કર્યો. પૈસા ભેગા કર્યા અને દીવાલ બંધાવી. આ મારો સ્વભાવ છે. એ એક ટીમવર્ક હતું.

**વિવેકાનંદ તમારા આદર્શ હતા તે પછી તમને સંન્યાસી થવાની ઇચ્છા થઈ?**

મારી હાઇસ્કૂલની પરીક્ષાઓ પછી એક સાંજે મેં મારા કુટુંબીઓને જણાવ્યું કે, 'હું જાઉં છું અને મને ખબર નથી ક્યારે પાછો આવીશ.'

**તમે ક્યાં ગયા?**

બે વર્ષ મેં હિમાલયમાં ગાળ્યાં. બસ, એ સમયથી

જ મારા જીવનનો બદલાવ શરૂ થઇ ગયો હતો. હું જુદી જુદી જગ્યાએ ગયો. રખડવાના મૂડમાં હતો. હું રામકૃષ્ણ મિશનમાં દાખલ થવા માટે ગયો હતો પણ એ માટે ગ્રેજ્યુએટ હોવું જરૂરી છે. હું ગ્રેજ્યુએટ થયો ન હતો. પછી હું રાજકોટના રામકૃષ્ણ મિશનમાં પણ ગયો. સ્વામી આત્મસ્થાનંદ પાસે ત્યાં થોડો સમય રહ્યો, આવ-જા કરતો. કોઇ વાર અઠવાડિયું તો કોઇવાર દસ દિવસ રહેતો. મેં ઘણો સમય આ પ્રકારની પ્રવૃત્તિઓમાં ગાળ્યો. અધ્યાતમની શોધ કહો કે પછી જે કહેવું હોય તે કહી શકો છો.

**આવું કેટલો સમય ચાલ્યું?**

બે વર્ષ.

**તમે ઘર શા માટે છોડ્યું?**

સૌ પ્રથમ તો મારે સમજવું હતું કે આ દુનિયા શું છે? હું કોલકાતા ગયો. બેલૂર મઠમાં થોડો સમય ગાળ્યો. બચપણની એક ઘટના યાદ આવે છે. મારા મનમાં એમ થયા કરે કે જે ઘટના બને છે તે ક્યાંક ને ક્યાંક એકી સમયે બનતી રહે છે. આમ ભલે સંગો છૂટાછવાયા લાગતા હોય પણ ક્યાંક સિન્ક્રોનાઇઝ્ડ થાય છે. હું નાનો હતો. પાંચમા ધોરણમાં હતો ત્યારે ગુજરાતની બાલાછડી સૈનિક સ્કૂલમાં પ્રવેશ મેળવવા માટે મેં જાતે પત્રવ્યવહાર કર્યો હતો. દેશસેવા કરવા માટે આર્મીમાં જવું હું જરૂરી માનતો હતો. પરંતુ પિતાજીએ તે વખતે ના પાડી ધીધી કહ્યું : 'ભાઇ, આ તારું કામ નથી. તું ન જા' ત્યારથી મારા મનમાં આ વાત પડી રહી હતી. મને કાંઇક કરવું હતું. પછી મને થયું કે જો પેલો રસ્તો મારે માટે ન હોય તો હું બીજા રસ્તે જાઉં. આ રસ્તો જ કદાચ મારે માટે યોગ્ય છે. એટલે હું ઘર છોડી ચાલી નીકળ્યો. કશાકની તલાશમાં, શોધમાં હું ભટકતો રહ્યો.

કોઇ નિશ્ચિત વ્યક્તિને નહોતો મળ્યો. મને સંતોષ થતો નહોતો. આધ્યાત્મિક વ્યક્તિઓને મળ્યો, તેમની જોડે ચર્ચા કરી. મારી ઉંમર જોતાં કોઇ મને ગંભીરતાથી લેતું નહોતું. ઘણાં બાળકો ઘર છોડી નીકળી પડે છે. કોઇકને તો વળી લાગતું કે હું ભાગેડું છું. મને ઘણા ઘરે પાછો જવા સમજાવતા અને કહેતા કે તને કોણ ખવડાવશે? કોણ સાચવશે? આવા જુદા જુદા પ્રકારના અનુભવ થતા. પછી મને થયું નર્મદા પરિક્રમા કરીશ. એ ૧૪ મહિનાની પરિક્રમા હોય છે. પગપાળા યાત્રા કરવાની હોય છે. પરંતુ હું એ ન કરી શક્યો. મારા મનની એ ઇચ્છા અધૂરી જ રહી ગઇ. એ પછી હું પાછો ગુજરાતમાં જ ફરવા માંડ્યો. વકીલ સાહેબ અને સંઘના પુનઃ સંપર્કમાં આવ્યો. આમ તો જો કે વચ્ચે વચ્ચે સંઘમાં આવીને પાછો ચાલ્યો જતો. ગુરુજીને પણ મળ્યો. ફરતો-ફરતો એક દિવસ સંઘના કાર્યાલયમાં આવ્યો વકીલ સાહેબે મારા પ્રત્યે ખૂબ લાગણી હતી. એમને લાગતું કે મારામાં ઘણી શક્તિઓ પડેલી છે અને બહાર લાવવી જોઇએ. એક વાર એમણે મને કહ્યું, 'ભાઇ, અહીં જ રહી જા.' એટલે અમદાવાદમાં સંઘના પ્રાંત કાર્યાલય, ડૉ. હેડગેવાર ભવનમાં રહી ગયો.

હું સંઘના કાર્યાલય હેડગેવાર ભવનમાં રહીને સંઘકાર્ય કરતો. દૈનંદિન શાખા ચલાવવાનો પૂરતો અનુભવ મારી પાસે નહતો છતાં હું 'પ્રચારક' બન્યો. ઓ.ટી.સી. કર્યા વગર કે શાખા ચલાવવાનો પૂરતો અનુભવ લીધા વિના હું 'પ્રચારક' બન્યો એ એક અપવાદ છે. તે સમયે મારી ઉંમર ૨૦ વર્ષની હતી. આ સમયગાળામાં હું ઘણી વ્યક્તિઓને મળ્યો ને બે વ્યક્તિઓની ખૂબ નજીક આવ્યો. એકનાથજી રાનડે જેમણે કન્યાકુમારીના દરિયા વચ્ચે વિવેકાનંદ શિલા સ્મારકનું નિર્માણ કર્યું અને બીજા ભારતીય મજદૂર સંઘની સ્થાપના કરનાર દત્તોપંત ઠેંગડી. એ બંને સાથે મારો આધ્યાત્મિક સંબંધ કહો કે બૌદ્ધિક સંબંધ જે કહેવું હોય તે કહો પણ એ બંનેને મારા પ્રત્યે ખૂબ જ આત્મીયતા હતી.

એક સમયે તો એકનાથજીની તીવ્ર ઇચ્છા હતી કે એમની જોડે રહી હું વિવેકાનંદ કેન્દ્ર સંભાળું. બીજી બાજુ દત્તોપંતજી પણ એમ ઇચ્છતા કે હું એમની સાથે રહી એમના કામમાં મદદ કરું પણ મેં તો પ્રચારક તરીકે મારું સંઘકાર્ય ચાલું રાખ્યું. આ ગાળા દરમિયાન મારો વાંચવાનો, અભ્યાસ કરવાનો જે મળે એની જોડે ચર્ચા કરી જાણવાનો, અધિકારીઓને સમજવાનો લાભ મળ્યો. આથી એક દિવસ વકીલ સાહેબે મને કહ્યું, 'નરેન્દ્રભાઇ, ભગવાને તમને આટલું બધું આપ્યું છે, તો ભણો ને.' મેં કહ્યું : 'શું ભણું?' 'ભણ્યા... હવે' તો કહે, 'ના, ના, ભણ.' થોડી તપાસ ફરી એ જ માહિતી લાવ્યા. મને કહે, 'દિલ્હી યુનિવર્સિટીમાંથી કૉલેજમાં હાજર રહ્યા વિના એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી ગ્રેજ્યુએટ થા. આમ હું દિલ્હી યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયો.'

**તમારા કૉલેજકાળની વાત કરશો?**

હું કદી કૉલેજમાં ગયો જ નથી, મેં કોલેજ જોઇ જ નથી.

**તો તમને પોલિટિકલ સાયન્સની ડિગ્રી કેવી રીતે મળી?**

જાતે અભ્યાસ કરીને, હું કાર્યાલયમાં પુસ્તકો લાવતો અને વાંચતો. ત્યારબાદ કટોકટી આવી. એ દરમિયાન હું ભૂગર્ભમાં હતો છતાં દિલ્હી પરીક્ષા આપવા ગયો અને પાસ

પણ થયો. પછી મેં અભ્યાસ છોડી દીધો અને એક પુસ્તક લખ્યું કટોકટી પર 'સંઘર્ષમાં ગુજરાત'.તે વખતે ગુજરાત યુનિવર્સિટીમાં પોલિટિકલ સાયન્સમાં બે પ્રોફેસર હતાઃ કે.ડી. દેસાઇ અને પ્રવીણ શેઠ. એમણે ખૂબ આગ્રહ કર્યો કે તમે એમ.એ. કરો અને પછી પીએચ.ડી. કરો. તેઓનો ખૂબ આગ્રહ હતો એટલે એક્સટર્નલ સ્ટુડન્ટ તરીકે, પોલિટિકલ સાયન્સ સાથે ગુજરાત યુનિવર્સિટીમાં મેં એમ.એ. કર્યું. કૉલેજ ન ગયો અને પ્રથમવર્ગમાં પાસ થયો.

**તમે સંઘના પ્રચારક તરીકે કામ કરતા હતા, ભાજપમાં કેવી રીતે કામ કરવાનું થયું?**

હકીકતમાં હું સંઘ-પ્રચારક હતો. હું શાખાનું કામ કરતો અમારા એક વડીલ પ્રચારક નાથાભાઇ ઝઘડા જે પહેલા જનસંઘના સંગઠન મંત્રી હતા અને પછીથી ભાજપના સંગઠન મંત્રી પણ હતા. એમની તબિયત સારી નહોતી રહેતી. ડાયાબિટિસની તકલીફ હતી એટલે બધાંએ વિચાર્યું કે કોઇ જુવાન માણસની જરૂર છે. એક દિવસ મારા પર બાળાસાહેબ દેવરસનો ફોન આવ્યો. આબાજી થત્તેએ વાત કરી અને ક્હ્યું, 'દેવરસજી તમને મળવા માંગે છે. મુંબઇ આવો.' મને જણાવેલી તારીખે હું મુંબઇ પહોંચી ગયો. સંઘના કાર્યાલયમાં ગયો તો જાણવા મળ્યું કે રમેશભાઇ મહેતાને ઘરે દેવરસજી છે. સ્નાનાદિ વગેરેથી પરવારી હું મહેતાજીને ઘરે પહોંચી ગયો. ત્યાં ગયો તો બાળાસાહેબ કહે, 'આવી ગયા?' એમ કહીને મને એક ઓરડામાં દોરી ગયા અને પોતે ઓરડો બંધ કરી બેસાડ્યો. હું વિચાર કરું કે શું વાત છે? શા માટે મને સરસંઘચાલકે બોલાવ્યો છે. સંઘના સ્વયંસેવક માટે આ બહુ મોટી વાત કહેવાય.

આ પસંગ બન્યો તેના થોડા સમય પહેલાં અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રામાં બહુ મોટું તોફાન થયું હતું. હું એ અંગે વિગતવાર ફાઇલ બનાવી લઇ ગયો હતો. મને કોઇ જ ખ્યાલ નહોતો આવતો કે મને શા માટે બોલાવ્યો છે. ફાઇલ જોઇ એ બોલ્યા, 'આ, તો ઠીક છે. મને બધી જ ખબર છે.' પછી એમણે મને જનસંઘની સ્થાપના અને રચના વિશે, પક્ષના વિકાસ બાબતે, અટલજી, અડવાણીજી, નાનજી, ભંડારીજી, ઠાકરેજી વગેરે સહિત અનેક વિશે વાતો કરી. પછી મને કહે, 'હું ઇચ્છું છું કે તમે આ ક્ષેત્રમાં કામ કરો. મારી તમારી પાસે બહુ અપેક્ષા છે.' મારા જીવનનો આ એક મોટો સૌભાગ્યશાળી દિવસ હતો કે સરસંઘચાલકે મને બોલાવ્યો હતો. મારે માટે આ બહુ જ મોટી વાત છે. આખા દિવસ દરમિયાન એમણે મારી જોડે છ કલાક વાત કરી. અંદર બહારની બધી જ વાતો એમણે મને જણાવી. વ્યક્તિઓ વિષે ક્હ્યું. કયા તબક્કાઓમાં કેવી જાતની રાજકીય ઘટનાઓ બની. કેવો 'વિકાસ' થયો, કેવા વળાંક આવ્યા, મારી પાસે શું અપેક્ષાઓ છે વગેરે. આ બધું જાણે કે બ્લૅક એન્ડ વ્હાઇટમાં મને બતાવ્યું. છેલ્લે મને ક્હયું. 'પાર્ટીમાં કોઇક જવાબદારી સોંપવામાં આવશે.' મેં ક્હ્યુંઃ 'સ્થાનિક લોકોને જણાવ્યું હોત તો પણ તમારે મને બોલાવીને વધુ કષ્ટ સહેવાની જરૂર નહોતી.' તો કહે, 'આ વિષય જ એવો છે કે હું જાતે મારી કક્ષાએ ચર્ચા કરવા માંગતો હતો.' ૧૯૫૨ પછી હું એક જ એવો અપવાદ છું જેનો નિર્ણય સરસંઘચાલકે કર્યો હતો. જનસંઘની શરૂઆત થઇ ત્યારે પ્રારંભમાં દીનદયાલજી, ભંડારીજીનો નિર્ણય સરસંઘચાલક ગુરુજીએ પોતે કર્યો હતો. એ પછી જયારે પણ હું બાળાસાહેબને મળવા જતો ત્યારે ગર્વથી કહેતા કે 'આનો નિર્ણય મેં કર્યો છે.' પોતાના દીકરાને જેમ જોઇને આનંદ થાય તેમ એ મારે માટે લાગણી વ્યક્ત કરતા. આ મારા જીવનનો નિર્ણય હતો. પછી નક્કી થયું કે મારે ભાજપમાં કામ કરવું.

હું ભાજપની બેઠકોમાં જઇ એક ખૂણામાં બેસતો, ચૂપચાપ બધું સાંભળતો. લગભગ બે વર્ષ આ રીતે અભ્યાસ કરતો રહ્યો. દરેક બેઠકમાં જવું, પાછળ બેસવું, કોઇની જોડે ખાસ હળતો ભળતો ન હતો. બધાથી પરિચિત થઇ ગયો, પછી ૧૯૮૯ના અંતભાગમાં મને પાર્ટીનો પ્રદેશ મહામંત્રી બનાવ્યો. તે પછી સંગઠનને વધારે પ્રગતિશીલ કરવાનો અવસર પહેલીવાર મને સોમનાથ-અયોધ્યા યાત્રાથી મળ્યો. મારી સંગઠન કરવાની રીત વગેરે 'નેશનલ મીડિયા'એ પહેલીવાર જોઇ. એ ઘટનાથી હું પહેલીવાર બધાની નજરમાં આવ્યો.

**તમે રાષ્ટ્રીય મહામંત્રી હતા. અચાનક ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પાછા આવવાનું થયું આ બધું કેવી રીતે બન્યું?**

ઓક્ટોબર ૨૦૦૧માં હું દિલ્હીના સ્મશાનમાં હતો. માધવરાવ સિંધિયાનું મૃત્યુ થયું હતું, પરંતુ એમની સ્મશાનયાત્રા ગ્વાલિયરમાં હતી. એમની જોડે અકસ્માતમાં જે થોડા પત્રકારો પણ મૃત્યુ પામ્યા હતા એમાંનો એક 'આજતક'નો કૅમેરામેન ગોપાલ પણ હતો. એને હું સારી રીતે ઓળખતો હતો. એ દિલ્હી કાર્યાલયમાં ઘણીવાર આવતો. મને થયું મારે ગોપાલની સ્મશાનયાત્રામાં જવું જોઇએ. એના અગ્નિદાહ માટે હું દિલ્હીના સ્મશાનમાં ગયો. સ્મશાનમાં હતો ત્યારે પી.એમ.ની ઑફિસમાંથી ફોન આવ્યો કે પી.એમ. વાત કરવા માંગે છે. અટલજીએ પૂછ્યું : 'ક્યાં છો?' મેં ક્હ્યું : 'સ્મશાનમાં' તો એકદમ હસી પડ્યા. મેં પૂછ્યુંઃ 'શુંકામ છે?' તો કહે, 'હવે સ્મશાનમાં તારી જોડે શું વાત કરું?' સાંજે ઘરે આવ'. કેટલા વાગે

આવીશ?' મેં કહ્યું: 'અહીંથી ઘરે જઇ, સ્નાન વગેરે કરી સાંજે ૬:૩૦ વાગે આવી જઇશ.'તો કહે : 'ભલે.'

હું સાંજે ગયો તો મને કહે, 'જો ભાઇ, પંજાબી ખોરાક ખાઇ ખાઇને તું ખૂબ જાડો થઇ ગયો છે. જરા પાતળા થવાની જરૂર છે. જા, અહીંથી ભાગ. દિલ્હી ખાલી કર.' અમસ્તું જ મજાક કરવાનો એમનો સ્વભાવ છે. મેં પૂછ્યું: 'શું વાત છે?' મને કહેઃ 'ગુજરાત જવાનું છે. ગુજરાતમાં કામ કરવાનું છે.' મેં પૂછ્યું : 'ફક્ત ગુજરાતમાં કામ કરવાનું છે કે સાથે બીજા બે-ચાર સ્ટેટસમાં પણ?'મને ખ્યાલ જ નહતો કે મને ચીફ મિનિસ્ટર બનાવવા માંગે છે, મને લાગ્યું સંગઠનનું કંઇ કામ હશે. મેં કહ્યું: 'હમણાં હું ચાર-પાંચ સ્ટેટસનું કામ જોઉં છું. હવે મારે ફક્ત ગુજરાત જ જોવાનું છે?' તો કહે : 'ના, ના તમારે ચૂંટણી લડવાની છે. તમે બહુ બધાને ચૂંટણી લડાવી, હવે જાતે પણ એ અનુભવ કરો. આમ મજાક કરતાં કરતાં મૂળ મુદ્દાની વાત પર આવ્યા. મેં કહ્યું : 'હું આ નહીં કરું.'

**તમારે સી.એમ. બનવાનું છે એનો જરા પણ ખ્યાલ નહોતો?**

ના, ના, એ તો એમણે મને જણાવી જ દીધેલું, પણ મેં કહ્યું : 'આ મારું કામ નથી. એક તો છ વર્ષથી હું ગુજરાતથી દૂર છું. ત્યાંના પ્રશ્નોથી હું વાકેફ નથી. બીજું મેં કદી સી.એમ.ની ઓફિસ જોઇ નથી. વિધાનસભા પણ નથી જોઇ. હું ત્યા જઇને શું કરીશ? આ કાર્યક્ષેત્ર મારી પસંદગીનું નથી. હું કોઇને ઓળખતો નથી.' તો કહે, 'હું અહીં આવ્યો ત્યારે કોને ઓળખતો હતો?' ખેર, હું ના પાડતો રહ્યો. રાત્રે અડવાણીજીનો ફોન આવ્યો. 'કામ છે, અહીં આવી જાવ. મને કહેઃ 'અટલજી ને શું કહી આવ્યો?'મેં કહ્યું : કેમ? તો કહે 'અમે બધાએ મળીને આ નક્કી કર્યું છે.' મેં જવાબ આપ્યો, 'મને આમાં નહીં જામે.'

આ રીતે વાતચીતમાં ચાર-છ દિવસ નીકળી ગયા. આખરે તો સંગઠન જે કહે છે તે પ્રમાણે જ હું કરું છું. એટલે આવી ગયો. બસ, ત્યારથી આ કામમાં લાગી ગયો છું.

**તમે ધાર્મિક ક્રિયા-વિધિ કરો છો?**

નવરાત્રિ દરમ્યાન નવ દિવસ હું ફક્ત પાણી લઇને ઉપસાવ કરું છું. દૂધ તથા ચા નહીં, જ્યૂસ નહીં, મીઠું નહીં, સાકર નહીં, ફળ નહીં, ફક્ત પાણી.

**પૂજા પાઠ પણ કરતા હશો?**

હા, વધારામાં બે કલાક પૂજા કરું છું. રોજ હું પ્રાણાયામ, યોગ કરું છું. ધ્યાન કરું છું, પણ એ કાંઇ ક્રિયા-વિધિ નથી. હું નવરાત્રિમાં થોડા જાપ પણ કરું છું. હું અંબાજીની પૂજા કરું છું. શક્તિની આરાધના.. ઘણા વર્ષોથી હું આ કરી રહ્યો છું. ફક્ત પાણી જ લઉં છું.

**તમે કેટલી ભાષાઓ બોલી શકો છો?**

મરાઠી, ગુજરાતી, હિંદી, થોડી પંજાબી, અંગ્રેજી. બંગાળી સંગીત અને ગીત સાંભળળાં મને ગમે છે અને હું સમજી શકું છું.

**આત્મકથા, સંભારણાં લખ્યાં છે? કોઇ પત્રવ્યવહાર?**

મારી પાસે જૂના પત્રવ્યવહારની એક ફાઇલ છે. પહેલું પુસ્તક મેં લખ્યું એ 'સંઘર્ષમાં ગુજરાત.' મારી પાસે પેપર અને પેન જ હતાં. કોઇ પણ બીજું મદદરૂપ થાય એવું સાહિત્ય ન હતું. મેં ૨૩ દિવસમાં એ પૂરું કર્યું. મારી યાદશક્તિ કાંઇક જુદા પ્રકારની છે. મેં પુસ્તકો લખ્યાં છે. બધાં ગુજરાતીમાં. હું કોઇ નોંધ નથી રાખતો, યાદદાસ્તથી લખું છું.

**તમારા મતે આદર્શ પુરુષ કે રાજપુરુષ કોણ?**

આદર્શ રાજપુરુષની વ્યાખ્યા ગણી બધી રીતે નક્કી થતી હોય છે. સમાજના કચડાયેલા અને પીડિતોને ન્યાય આપવાની વાત હોય તો મને માર્ટિન લ્યૂથર કિંગ કે બાબાસાહેબ આંબેડકરની યાદ આવે. કોઇને શરણે ન થવાની વાત હોય તો અબ્રાહમ લિંકન ગમે, સ્ટેટ્સમેનની વાત કરવાની હોય તો સમાજની સાંસ્કૃતિક ધરોહર સમા મહાત્મા ગાંધીની યાદ આવે. સંગઠનની વાત કરવાની હોય તો અટલજી, અડવાણીજી યાદ આવે અને મક્કમ મનોબળ તથા સ્પષ્ટવક્તાની વાત આવે તો નિઝામ સામે એકલે હાથે લડી એકીકરણની ક્રિયા હાત ધરનારા સરદાર પટેલ અચૂક યાદ આવે. સરદાર પટેલની બોડી લેંગ્વેજ અને મક્કમ મનોબળ જેવી પ્રેરણા બીજી કોઇ હોઇ શકે નહીં.

**આપના પ્રવૃત્તિશીલ દિવસની દિનચર્યા જણાવશો?**

હું સવારે પાંચ વાગે ઊઠી જાઉં છું. સવારે એક કપ ચા પીવાની ટેવ છે. આદત પડી છે. તરત જ ઇન્ટરનેટ પર જવાની, છાપાં, ખાસ કરીને દિલ્હીનાં છાપાં હું ખાસ જોઉં છું. ઇ મેલ હોય તો તે ચેક કરું છું. અને શકય હોય તો એકાદ લીટીમાં જવાબ પણ આપું છું. ત્યાર પછી યોગ, આસનો, પ્રાણાયામ વગેરે નિયમિત કરવાની આદત છે. ઇશ્વરમાં શ્રદ્ધા છે એટલે થોડો સમય ઇશ્વર સ્મરણમાં વીતાવું છું. સાડા સાત-આઠ પછી પ્રત્યક્ષ કામગીરી શરૂ કરું છું. મુલાકાતીને મળું છું. શક્ય હોય તો સાડા નવ-દસ વાગે ઓફિસ જાઉં છું. રોજે રોજનું કામ પૂરું ન થાય ત્યાં સુધી ઘેર પાછો નથી ફરતો.

હિન્દુસ્તાનના ઇતિહાસમાં કદાચ પહેલીવાર સચિવાલયમાં મુખ્યપ્રધાનની ઓફિસ મોડી રાત સુધી ચાલુ રહેતી હોય એવું બન્યું છે. મારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર સામાન્યપણે મારી ઓફિસ જ હોય છે. અઠવાડિયામાં સોમવાર, મંગળવાર અને બુધવાર ગાંધીનગરમાં જ રહીને

**રાજનીતિના ક્ષેત્ર સિવાય બીજું શું ગમે?**

હું સમાજસેવા માટે પ્રતિબદ્ધ છું. કોઇ શૈક્ષણિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું મને ખૂબ જ ગમશે. એક આદર્શ શાળાની કલ્પના કરું છું જ્યાં બધું લભ્ય હોય. કામ કરવાનો મારો પ્રયાસ હોય છે. ગુરુ, શુક્ર, શનિ અને રવિ હું શક્ય હોય તો રાજ્યના વિવિધ વિસ્તારોનો બને એટલો પ્રવાસ કરું છું. રાજ્યમાં શું ચાલે છે તેનો જાતે ફીડબૅક લઉં છું. સરકારની યોજનાઓનો અમલ કેવી રીતે થાય છે તેનું જાતે નિરીક્ષણ કરું છું. લોકોને મળું છું. તેમનો ફીડબેક લઉ છું. આ મારી લગભગ કાર્યશૈલી હોય છે.

**તમારું ભોજન કેવા પ્રકારનું હોય છે?**

ખાવાનો મને શોખ જ નથી. હું એક વર્ષમાં લગભગ પાંચસો નવાં ઘરોમાં જમતો હોઇશ. સવાર-સાંજ ગણું તો ઍવરેજ પાંચસો નવાં ઘર હોય. અને લગભગ ૪૦ વર્ષથી હું 'ભિક્ષામ્‌દેહિ' કહીને જમતો હતો. જુદાજુદા લોકોને ત્યાં જમવા જતો.એના કારણે ટેસ્ટ જ ડૅવલપ નહીં થયો હોય. જે પીરસે તે જમવાનું બીજો એક મેં સ્વભાવ બનાવ્યો હતો. કોઇને અગાઉથી જણાવીને જવાનું નહીં અને જાઉં ત્યારે હાજર હોય તે જ જમવાનું ને એ વખતે ભોજન જો હાજર ન મળે તો સમજવાનું કે ઈશ્વરે મારી આજે કસોટી કરી છે. અને કશું બોલ્યા વિના ઘરે આવતા રહેવાનું.લોકોને પણ ખબર છે. કોઇ મને પૂછે નહીં કે જમશો? ઘરમાં જમવાના ટાઇમે પહોંચું તો એ લોકો કહેઃ આવો બેસો, તૈયાર છે, અને જે તૈયાર હોય તે જમવાનું.

**નરેન્દ્ર મોદીનું તમારે રેટિંગ કરવાનું હોય તો કેટલા માર્કસ આપશો?**

મારે જ મારું રેટિંગ ન કરવું જોઇએ. મારે એનાથી બચવું જોઇએ. મીડિયાના મિત્રો અને વિવેચકોને મારી તો નમ્ર વિનંતી છે કે એમણે સરકારની કામગીરીનું અત્યંત કડકાઇથી મૂલ્યાંકન કરી સાચી બૅલેન્સશીટ રજૂ કરવી જોઇએ. બીજું કે, ભારત વિકસિત નહીં પરંતુ વિકાસશીલ દેશ છે એ બાબતને ધ્યાનમાં રાખીને કામગીરીની સમીક્ષા થવી જોઇએ. સરકારની કામગીરીનું મૂલ્યાંકન કરતી વખતે ખરેખર સરકારની દિશા અને એનો અગ્રતાક્રમ બરાબર છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવું જોઇએ.

**છાપામાં તમારા માથા પર માછલાં ધોવતાં હોય છે એની અસર તમારા પર થાય છે?**

(ભારપૂર્વક) જરા પણ નહીં. એવું છે ને કે હું ટોટલી ડિટૅચ્ડ હોઉં છું. ડિક્શનરીનો એવો એકેય ખરાબ શબ્દ નથી, જે મારે માટે ન વપરાયો હોય. શાયદ હું એકમાત્ર અપવાદરૂપ પોલિટિશયન છું, જે કોઇ કાર્યક્રમ પૂરો થયા પછી કોઇને ફોન કરતો નથી. આપણા પોલિટિશયનો તો ફોન કરેઃ 'આપણું જરા જોજોને...' એવા ફોન હું નથી કરતો. જો છાપામાં નાનું-મોટું કંઇ નેગેટિવ આવ્યું હોય તો કેટલાક ફોન કરે : યાર, આવી આપણી દોસ્તી છે ને મારે માટે આવું છાપવાનું? આઇ નેવર ડુ ધિસ. ક્યારેય કહેવાનું નહીં કે છાપવાનો એનો અધિકાર છે ને એણે એ કરવું જોઇએ. એના કારણે મારા વ્યવહારમાં પણ કોઇ દહાડો ફરક નહીં પડે. કોઇ દહાડો નહીં, કારણ કે હું ડિટૅચ્ડ હોઉં છું. બીજું, મને પૂરી શ્રદ્ધા છે કે મેં જો ખોટું નથી કર્યું તો શા માટે કોઇને સામેથી પૂછવું?

**કેવા પ્રકારના રાષ્ટ્રની તમે કલ્પના કરો છો?**

આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે,

'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખ ભાગ ભવતે'

એટલે કે જનજીવન આવું હોવું જોઇએ. આધુનિક વિજ્ઞાનવાળું હોવું જોઇએ. એવું જરૂરી નથી કે આજે ગુરુકુળ જેવી જ શાળાઓ હોવી જોઇએ. આજના બદલાયેલા જમાનાને અનુકૂળ સંસ્થાઓ હોવી જોઇએ. અંતિમલક્ષ્ય તો એ જ છે કે માનવીના સંપૂર્ણ સુખની વ્યવસ્થા થવી જોઇએ. આપણે મનુષ્યને ફક્ત આર્થિકરૂપમાં જ નથી જોતા. આપણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-આ ચારેયને જોડીને જોઇએ છીએ. આ ચારે પ્રકારના પુરુષાર્થની પૂર્તિનું સામર્થ્ય જે વ્યવસ્થામાં હોય તેવી વ્યવસ્થા આધુનિક યુગમાં વિકસિત થવી જરૂરી છે. જેની પાસે આ વિષેની જાણકારી હોય તેઓએ આ કામ કરવાનું છે. તમે મંથન કરો, વિચારો, દેશને કંઇક આપો. શાસનમાં બેઠેલા લોકો એને આચરણમાં મૂકી જાઓ. મને ખાતરી છે કે આપણે દુનિયાને કંઇક દાન કરી શકીશું.

(આઇ-૭, મધુરમ ફ્લૅટ્સ, પૅટ્રોલ પંપ પાસે, જીવરાજ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૫૧ મોઃ- ૯૮૨૫૦૪૪૭૩૪)

॥ વિવિધા ॥

## પ્રારબ્ધ સાથેનું હૂંફાળું મિલન

ભવેન કચ્છી

નરેન્દ્ર મોદીના પરિવારજનો પણ એ વાતનું સમર્થન આપે છે કે, વડનગરમાં પરિભ્રમણ દરમ્યાન બે-ત્રણ દિવસ માટે આવી પહોંચેલા એક સાધુની કિશોર વયના નરેન્દ્રએ ખૂબ કાળજી લીધી હતી. આમ પણ નરેન્દ્રને બાળવયથી સાધુ-બાવાઓ, સંતો, ગૂઢ આધ્યાત્મનાં રહસ્યો અને હિમાલયના યોગીઓની વાર્તા અને તેવાં પુસ્તકોમાં ભારે દિલચશ્પી રહેતી. વડનગરમાં નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વરનું મંદિર આવેલું છે. હાટકેશ્વરના મંદિર તેમજ વડનગરની શાસ્ત્રોમાં ધાર્મિક મહત્તા જોતાં દેશભરમાં ભમતા સાધુ-બાવાઓ વડનગર થોડા દિવસ પડાવ નાખતા. નરેન્દ્ર વડનગરના તળાવ, તાનારીરી દેરી, મંદિરો અને સાધુઓના પડાવમાં જ રમતા-રખડતાં નજરે ચઢે. કિશોર વયના નરેન્દ્રનો એક સાધુએ હાથ જોઈ કહ્યું હતું કે, આ બાળક મોટો થઇને ખૂબ જ ઊંચી આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર સંત અથવા કોઈ મોટો રાજપુરુષ બનશે. સ્વાભાવિક છે કે ત્યારે કોઇએ આ આગાહીની નોંધ સુદ્ધાં નહોતી લીધી.

નરેન્દ્રને આ જ અરસામાં સ્વામી વિવેકાનંદ પ્રત્યે અજબનું ખેંચાણ હતું. વડનગરની લાઈબ્રેરીમાં વિવેકાનંદના ઉપલબ્ધ પુસ્તકો તેમજ ભારતના સંતો, શૂરવીરો, પુરાણો અને ધર્મગ્રંથોની વાર્તાઓ તેમણે વાંચી હોઇ તેમના જન્મજાત સંસારથી વિમુખ રહેવાના સંસ્કારો પ્રબળ બન્યા. તેમની ઈચ્છા નહિ હોવા છતાં કુટુંબીજનોના આગ્રહથી જ જશોદાબેન જોડે લગ્ન તો કર્યાં પણ તરત જ ઘર છોડી જતાં પહેલાં ધર્મપત્ની જશોદાને 'મારી સંસાર માંડવાની ઈચ્છા નથી, તમે બીજે લગ્ન કરી શકો છો' તેવી માફી માગીને ઘર છોડીને નરેન્દ્રભાઈ ચાલી નીકળ્યા. સ્વામી વિવેકાનંદની જેમ સાધુ બનવાના ધ્યેય સાથે રાજકોટના રામકૃષ્ણ આશ્રમ ગયા તો ત્યાં જાણ્યું કે સંન્યાસ આપવાની વિધિ-પ્રક્રિયા અને નિર્ણય કોલકતાના બેલુર મઠમાં જ થાય છે. ૧૮ વર્ષનો નરેન્દ્ર બેલુર મઠ પહોંચે છે. કઇ રીતે વડનગરનો છોકરો એક નાની અમથી ફાટેલી તૂટેલી બેગમાં એક જોડ કપડાં અને કેટલાંક પુસ્તકો સાથે રાજકોટથી કોલકતા સુધી હાડમારી સાથે આવી પહોંચ્યો હશે તે સમજી શકો છો.

બેલૂર મઠમાં તેમને સિનિયર સાધુ દ્વારા કહેવામાં આવ્યું કે, 'સંન્યાસી બનવા માટેના અન્ય માપદંડો પર તો વિચારવાનો સવાલ જ નથી ઉદ્ભવતો કેમ કે અમારા નવા નિયમો પ્રમાણે સંન્યાસીએ પાયાની શૈક્ષણિક ડિગ્રી મેળવેલી અનિવાર્ય છે.'

નરેન્દ્ર નિરાશ થયા. તેમણે હિમાલય ભણી પ્રયાણ કર્યું. હિમાલયમાં ગાત્રો થીજવતી ઠંડીમાં આધ્યાત્મનીં ગૂઢ રહસ્યો, હિન્દુ સંસ્કૃતિને જાણવા-પામવા માટે તેઓ ખૂબ જ અંતરિયાળમાં ભ્રમણ કરવા મંડ્યા. આ દરમ્યાન તેઓ પ્રાચીન મંદિરો, ગુફામાં સાધના કરતા બાવાઓ, ગેબી અને ક્યારેય સમાજમાં બહાર નહીં આવતા અઘોરીઓના સંપર્કમાં આવ્યા. થોડા દિવસો તેમની જોડે રહ્યા. તેઓની સેવા કરે. એ વખતે તો કોઇ જ્ઞાન મેળવવાની કે તત્ત્વજ્ઞાનની તલબ નહોતી. એમ જ જન્મોજન્મના સંસ્કારોવશ તેઓને અગમનિગમ દુનિયાનું ખેંચાણ હતું. નરેન્દ્રને કેટલાક ખૂબ જ વિદ્વાન કે કુંડલિની જાગ્રત હોય તેવા સાધુ-બાવા પણ તેમના કહેવા પ્રમાણે મળ્યા. મોટા ભાગનાને નજીકથી જાણ્યા પછી તેઓ નિરાશ થયા હતા.

નરેન્દ્રભાઈએ હજુ થોડા મહિનાઓ પહેલાં જ અંગત મુલાકાતમાં જણાવ્યું હતું કે, 'હિમાલયમાં અમુક સિદ્ધ અને અજ્ઞાત દુનિયામાં રહેતા બાવાઓની તે વખતે મને એટલી પહેચાન કે દરકાર નહોતી પણ હવે વિચારતાં એમ થાય છે કે તેઓએ મને ઊર્જા અને આશીષ આપ્યાં હતાં.'

એક અનુભવ ટાંકતાં તેમણે કહ્યું કે, 'મેં નર્મદાની પરિક્રમા પણ કરી હતી. તે દરમ્યાન મારા આશ્ચર્ય વચ્ચે એક ખૂબ જ દૈદિપ્યમાન મહિલા જેમના પર ઉજાસ જોવા મળતો હતો તે સાધના કરી રહ્યાં હતાં. તેમણે મારો ઉત્સાહ બુલંદ બને તેવા આશીર્વાદ આપ્યા હતા. કેવા હતા આશીર્વાદના શબ્દો તે અંગે પૂછતાં તેઓએ વાતને બીજી તરફ ફંટાવી દીધી હતી. પછીથી ખબર પડી કે અરણ્યના એકાંતમાં સાધના કરનાર તે મા આનંદમયી હતાં.'

નરેન્દ્રભાઈને લાગ્યું કે સાધુ કે સંન્યાસી બનવા કરતાં દેશ માટે કંઈક કરવું તે જ જીવનની સાર્થકતા છે. તેઓને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અનહદ આદર અને હિંદુ હોવા પર ગૌરવ રહ્યું છે. તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આદર્શો-ધ્યેય જીવનસાફલ્યની રીતે એકદમ અનુરૂપ જણાયાં. બે વર્ષ ભારત અને હિમાલયના અંતરિયાળ

પરિભ્રમણ પછી અચાનક તેઓ વડનગર આવે છે. તેમ જાણીને માતા હીરાબા અને કુટુંબીજનોના આનંદનો પાર નથી. માતાને જોવા-મળવાની તેમની ઝંખના જ તેમને વડનગર લાવી હતી, પણ માતા હીરાબાની ખુશી ક્ષણિક જ પૂરવાર થાય છે. કેમ કે નરેન્દ્ર કહે છે કે, હું એક જ દિવસ માટે આવ્યો છું. કાલે અમદાવાદ મામાને ત્યાં જઇ દેશને માટે સમર્પિત રહીશ. માતા હીરાબાને કદાચ સાધુની વાત યાદ આવી ગઇ. પુત્ર જન્મથી જ અધ્યાત્મ ક્ષેત્રે દેશમાં છવાઇ જવા માટે જ તેમની કુખને નિમિત્ત બનાવી અવતર્યો છે.

વડનગર સ્ટેશનમાં બાળવયે ચાની કિટલીમાં કામ કર્યું હતું તો અમદાવાદમાં આવ્યા ને એસ.ટી.ની કેન્ટીનમાં મામાની ચાની કિટલી હતી. નરેન્દ્ર ગ્રાહકોને ચાની પ્યાલીઓ પીરસતો. અહીંથી આરએસએસના મણિનગર સ્થિત હેડગેવાર ભવનમાં સંઘના કાર્યકરો જોડે તે સામેલ થયા. યુવા પાંખમાં તે જુદા તરી આવતા હતા. અંતરિયાળ ફરતા હતા ત્યારથી શરૂ કરીને વડાપ્રધાન બનીને આઝાદ ભારતના ઈતિહાસમાં સ્થાન મેળવી લીધું છે.

નરેન્દ્રભાઇની રાજનીતિ, મૅનેજમેન્ટ, ઍનર્જી, શાર્પનેસ, અસાધારણ યાદશક્તિ, કોઇ પણ વિષયનું જ્ઞાન તરત જ હસ્તગત કરી લેવું અને જનમેદનીને ચુંબકીય વ્યક્તિત્વથી આકર્ષિત કરવાના ગુણો વિશે તો ઘણું બધું લખાયું છે. પણ નરેન્દ્રભાઇની સિદ્ધિના રહસ્યને જુદી રીતે એટલે કે આધ્યાત્મિક રીતે મૂલવવાનો પ્રયત્ન પણ કરવો જ રહ્યો.

બધા જ જાણે છે કે, નરેન્દ્રભાઇ વર્ષની ચૈત્રી અને આસો મહિનાની નવરાત્રિ મંત્ર પૂજા અને વધુમાં વધુ લીંબુ પાણી લેવાનું હોય તે રીતે કરે છે. આ ઉપવાસ દરમ્યાન પણ તેમનો ભારતવ્યાપી પ્રવાસ-રેલી, મીટીંગોનો દોર અવિરત ચાલુ જ હતો. વર્ષોથી તેમની નજીક રહેનારાઓ કહે છે કે, તમામ નેતાઓ કે જુદા જુદા ક્ષેત્રોની હસ્તીઓમાં શક્તિનો સ્રોત, સ્વસ્થતા અને લોકપ્રિયતા અને ટેલેન્ટ હોય જ. તે રીતે જોઇએ તો મોદી પણ ભારતના કે વિશ્વના નેતા કે પ્રતિભા જેવા છે તેમાં કોઇ નવી વાત નથી પણ મોદીમાં વિશેષ કરીને ક્રમશઃ છેલ્લાં પાંચ વર્ષમાં જે પરિવર્તન અને સિદ્ધિઓ પૂર્ણ રીતે ખીલતી ગઇ તે કોઇ જાદુઇ અને જાણે તેમનામાં પરકાયા પ્રવેશ મેળવી લીધો હોય તેમ અસાધારણ, દુન્યવી રીતે હસ્તગત ના કરી શકાય તેવી જણાય છે.

ઉદાહરણ તરીકે કોઇ પણ નેતા, ગાંધીજી, નેહરુ



કે સરદાર જેવા સાત્વિક હોય કે કળિયુગના આધુનિક લાલુ યાદવ, મુલાયમ અને માયાવતી હોય, તેઓ તેમનાં આવાં તામસી પાસાંઓની કુનેહ પર પહેલેથી જ એકધારી પકડ ધરાવતા હોય. તમે એમ ના કહી શકો કે ગાંધીજી અચાનક અન્ય નેતા જેવા અને અમુક વર્ષની વયે કોઇએ તેમના માટે કલ્પના ન કરી હોય તેમ મહાનતા ધારણ કરતું વ્યક્તિત્વ અને લાયકાતો બહાર લાવ્યા હતા. વ્યક્તિત્વ, રાજનીતિ અને ઈમેજ અચાનક આકાર ધારણ નહોતી કરવા માંડી, સરદાર, મોરારજી દેસાઇ એક પ્રવાહની જેમ આગળ વધ્યા. તેમની પ્રકૃતિ અને પ્રભાવ જેવો પણ હતો, પહેલાથી જાણીતો હતો, કોઇ નવી સિદ્ધિ કે ગુણોનો અચાનક ઉદય નહોતો થયો.

જ્યારે નરેન્દ્ર મોદીનું એક નાગરિક તરીકે તમે જ તુલનાત્મક નિરીક્ષણ કરો. તેમના ગુરુઓ, સિનિયરો અને સમવયસ્ક મિત્રો પણ કહે છે કે નરેન્દ્રભાઇ ચોક્કસપણે પહેલેથી જ નેતૃત્વ, દેશપ્રેમ અને સાધુની જેમ ચણા-મમરા પર પણ જીવી શકે તેવા અને અપરિગ્રહી છે. એવા ગુણો તો વધતા ઓછા અંશે ઘણામાં હોય જ છે. પ્રત્યેક

આર.એસ.એસ.ના કાર્યકર્તા માટે પણ આમાં કાંઇ નવું નથી.

૨૦૦૭ સુધી નરેન્દ્રભાઇએ જે સિદ્ધિઓ મેળવી તે એક રાજકારણીને છાજે તે પ્રકારની હતી પણ તે પછીના વર્ષોમાં નરેન્દ્રભાઇની પ્રકૃતિ, તેમની વાણી તેમના જુદા જુદા વિષયોના ઑલરાઉન્ડર કહેવાય તેવી ગ્રહણશક્તિ, તેમનો ચેહરો, આંખો, કદ, ચાલ, પડછંદ વ્યક્તિત્વ, મોં પરનું તેજ બધું જ અજીબોગરીબ રીતે બદલાઇ ગયું. કોઇને તેમની સાથે મતભેદ હોઇ શકે પણ એટલું તો કબુલવું જ પડે કે તેઓ રજો અને તમો ગુણથી ભરેલા નેતા તો નથી જ લાગતા. મોટાભાગના રાજકારણીઓ જોડે સજ્જન વ્યક્તિ અંતર રાખે. પણ મોદી છેલ્લાં પાંચેક વર્ષથી વધતી માત્રા સાથે ચુંબકીય અને 'ઑરા' ધરાવતા હોય તેવા બનતા ગયા. હા, બાહ્ય દેખાવ માટે તેઓ પણ ટ્રીટમેન્ટ લેતા હોય કે વેશપરિધાન ભલે કરતા હોય પણ તમે એમ જ સંપૂર્ણ સાદગીમાં તેમને જુઓ તો પણ આંતરિક યાત્રી કે અધ્યાત્મીઓ વધુ સમજ પામી શકે તેવા એમનાં આંદોલનો (વાઇબ્રેશન) અને તેજપૂંજ (ઑરા) છે. આપણે તેની પ્રશંસા કરવા માટે આ વિષય નથી છેડ્યો પણ એ જાણવાનો પ્રયત્ન કર્યો છે કે છેલ્લાં પાંચેક વર્ષમાં તેમનામાં આ બાહ્ય અને આંતરિક ગુણો આ હદે કઇ રીતે અને શા માટે પ્રવેશ્યા. ફિલ્મ દુનિયામાં અમિતાભ બચ્ચન પણ થોડાં ઘણાં આવાં લક્ષણો ધરાવે છે પણ અમિતાભ તો વર્ષોથી આવો જ ઉછેર અને બેકગ્રાઉન્ડ ધરાવે છે. અચાનક છેલ્લાં પાંચેક વર્ષથી અમિતાભમાં તમામ ટૅલેન્ટ, પ્રતિભા, વ્યક્તિત્વનું આરોપણ થાય તેવું તો નથી જ બન્યું. જ્યારે નરેન્દ્રભાઇ અચાનક ૧૨૫ કરોડ નાગરિકોના હીરો બની જાય. લોકહૃદયના સમ્રાટ બને તે માટેની શક્તિ અને સામર્થ્ય કઇ રીતે લાવ્યા.

તમે તેમના પરના આરોપો, ફિટકાર વરસાવતાં હુલામણાં નામો, તપાસ સમિતિ, મીડિયાનું આક્રમણ, બૌદ્ધિકો, એનજીઓનો વૈશ્વિક દ્રોહ, કાર્ટુન્સમાં તેમના પર ઠાલવતો સોશ્યલ નેટવર્કનો એક વર્ગ અને વિવાદો.. વિવાદોનો તો રાફડો ફૂલતો ફાલતો રહ્યો તેમ છતાં તેમના જેવી સ્વસ્થતા એમ જ કોઇને ના મળે.

મોદી એ કહ્યું કે હું વર્ષોથી નિયમિત યોગ કરું છું. તેમણે મને એક મુલાકાતમાં કહેલું કે ખબર નહીં મનની સ્વસ્થતાની એક સ્થિતિ ધારણ થઇ ગઇ છે. સ્વસ્થતા તો ઠીક આ તમામ પથ્થરોનો તેમણે પગથિયાં તરીકે ઉપયોગ કર્યો. વિરોધીઓ પર તેમની બોડીલેંગ્વેજ તેમજ વાગ્યુદ્ધનો એવો હલ્લો કર્યો કે કઇ રીતે તેનો જવાબ આપવો તેમાં જ બધા ગૂંચવાયા. નરેન્દ્રભાઇની શારીરિક અને આંતરિક ઊર્જા, સ્થૂલ દેહ અને સૂક્ષ્મ દેહ વચ્ચે ભેદ ના હોય તેવી સિદ્ધિ કે જ્ઞાન હોય તો જ પ્રાપ્ત થાય. તેમના પ્રચાર માટેના હજારો કલાકો અને ત્રણ લાખ કિલોમીટર પ્રવાસ, ચાર હજારથી વધુ રેલી-ભાષણો અને મિટિંગો વિશ્વ રેકોર્ડ કહી શકાય. તેમાં પણ મનોબળ અને મતપેટી તોડતા ભાષણોના શબ્દો, વ્યંગ, પ્રવાહો હાજરજવાબીપણા સાથેની રમૂજવૃત્તિ; આ બધાને સલામ કરવી પડે. વિશ્વનો કોઇ સ્ટેજ કલાકાર હોય તો પણ આટલી હદે આ રીતે અવિરત પરફોર્મ ના કરી શકે. અહીં તો જનમત પણ બદલવાનો હોય છે. આ દરમ્યાન તેના પક્ષના જ સીનિયરો દ્વારા વિરોધ-જૂથવાદ પ્રવર્તતો હોય. મિટિંગો અને માથાફોડ, ચૂંટણીની ટિકિટ વહેંચણી, તેનો અસંતોષ, ઉમેદવારોનો પ્રચાર, ગઠબંધનના દાવપેચ તો ખરા જ. હરીફોમાં એકથી એક કાબા નેતાઓ, લાલુ, મુલાયમ, માયાવતી, નીતીશકુમાર, ફારુક અબ્દુલ્લા, મમતા, જયલલિતા અને કોંગ્રેસના નેતાઓ, કોંગ્રેસના ગાંધી પરિવાર પર આ હદે જંગ છેડવા માટે ખરેખર ૫૬ ઇંચની છાતી જોઇએ. (માપની રીતે નહીં હિંમતની રીતે) જ્યારે તમામ કોર્ટ, તપાસ સમિતિઓ અને રાજનીતિના ખેલાડીઓ કે પછી જે પણ સામે પડે તે શિકસ્ત પામે તેવા યોગનું નિર્માણ પણ વિચાર માગી લે તેવું કહી શકાય. આ ઉપરાંત પ્રિન્ટ અને ટી.વી. મીડિયાને પણ સંભાળવાના. તેવામાં કેજરીવાલનો મોરચો ઉમેરાયો. આ ઉપરાંત દરેક પક્ષ અને રાજ્યના ખતરનાક ગુંડાઓ જેવા નેતાઓ હોય. આપણે જે પ્રત્યે ચેનલોને અપાતા ઇન્ટરવ્યૂ જોતા હતા તેમાંના મોટાભાગના દિવસ દરમિયાનના પરોઢથી મધરાત સુધીના અવિરત પ્રચાર, પ્રવાસ અને વ્યૂહાત્મક મિટિંગો બાદ રાત્રે દોઢ બે વાગે રેકોર્ડિંગ થતા હતા. મોદી વર્ષોથી માત્ર ત્રણ કલાક જ ઊંઘે છે છતાં ચહેરા પર થાક વગરની તાજગી તેમજ સ્વસ્થતા, મગજ ચાલવાની પ્રક્રિયા અભૂતપૂર્વ છે.

ભારે અપેક્ષા અને ટાર્ગેટ, તનાવ, અસલામતી અને પ્રહારો વચ્ચે મગજ ચાલતું રહે ત્યારે માનવું કે તમે જન્મથી અથવા તો કોઇ પ્રારબ્ધ આશીર્વાદના બળે ચાલો છો. નરેન્દ્રભાઇએ કઇ રીતે કેવા સંજોગોમાં અને કેવાં પરિણામો મેળવ્યાં તેની કલ્પના કરશો. આટલા બધા મહારથીઓને ધૂળ ચાટતા કર્યા. સુપર હ્યુમન કે સુપર મૅજિકનો સાથ હોય તો જ તે શક્ય બને.

મોદીનો સ્થૂળ રીતે સ્ટડી કેસ કરો તો મેનેજમેન્ટ કે સફળ વ્યક્તિના ગુણો ઊભરીને આવે પણ આ ચૂંટણીમાં

૧૨૫ કરોડની જનતા, ભરપૂર અપેક્ષા અને છાપેલાં કાટલાં જેવા તમામ નેતાઓ મોદી તો ના જ જોઇએ તેમ કહેતા ભેગા થઇ ગયા હતા. મોદીને કયા પરિબળોએ ફાયદો આપ્યો તે તો પછીની વાત છે પણ તેમણે જે સ્વસ્થતા જાળવી તે 'ગિફ્ટેડ' લાગતી. ઓબામાને ભારત જેવા દેશ અને નેતાઓ, આ પ્રકારની વિવિધ જાતિ, ધર્મ, વર્ગની પ્રજા, આવા ફિટકાર, આવા અવરોધો વચ્ચે ચૂંટણી નહોતી જીતવાની. ધર્મગ્રંથોના ઇતિહાસ જોશો તો જણાશે કે સિદ્ધિ ધરાવતા અસાધારણ માનવીઓ (ઇવન અવતારી પુરુષો) ગમે તેટલી તાકતનો, ક્ષમતાનો ચમત્કાર લાગે તેવી સિદ્ધિઓનો પ્રભાવ કે પરચા બતાવે તો પણ એક બહોળો વર્ગ તેની ટીકા કે ઇર્ષ્યા કરતો રહે તેને માયાવી પુરુષ ગણે, તેની પ્રતિભા તટસ્થ ભાવે સ્વીકારે જ નહીં જ્યારે નરેન્દ્રભાઇ તો દેશનો એક નાગરિક પણ વડાપ્રધાન બની શકે તેવું પુરવાર કરી શક્યા છે.

નરેન્દ્રભાઇના એક નિકટના પરિચિતે કહ્યું, 'મને ખુદને સમજાતું નથી કે નરેન્દ્રભાઇમાં સમુદ્રિશાસ્ત્ર અને દર્શન શાસ્ત્રની રીતે પરિવર્તન આવ્યું છે. થોડા વર્ષો પહેલાના નરેન્દ્રભાઇની તુલના કરું છું તો એમ લાગે કે રાતોરાત કે અચાનક કોઇની પ્રાણ, પ્રકૃતિ, ટેલેન્ટ, વ્યક્તિત્વ અને ઊર્જા આ હદે નીખરીને બહાર આવી શકે ખરું? આવું કેમ સંભવ્યું?'

આધ્યાત્મિક ક્ષેત્રે ઊંડાણ ધરાવનારા કહે છે કે, 'કોઇ દૈવી શક્તિથી જ આ હદે કોઇ વ્યક્તિ પાંચેક વર્ષમાં ક્રમશઃ વ્યક્તિત્વમાં બદલાવ સાથે બહાર આવી શકે.'

અગમ નિગમના પુસ્તકોમાં પણ એવું જોવા મળે છે કે, કોઇ યોગીના આશીર્વાદનું ફળ પાકવાનો સમય થાય ત્યારે તે કૃપાથી વ્યક્તિમાં અચાનક પ્રખર બુદ્ધિ, અસ્ખલિત બહુવિષયો હસ્તગત થઇ શકે. વાણી અને સ્થિતપ્રજ્ઞતા જેવા ગુણો ખીલી શકે.

મોદીના વિરોધી કહેશે કે ૨૦૦૨નાં તોફાનો કે અન્ય એન્કાઉન્ટરોમાં જેમની ભૂમિકા છે તેમને કોઇ દેવી કે યોગીના આશીર્વાદ થોડા મળે? આનો જવાબ એ છે કે પ્રસન્નતાથી આશીર્વાદ આપનાર જેના પર વરસે ત્યારે ભૂતકાળ કે ભવિષ્યકાળને નથી જોતો. ઉદાહરણ તરીકે તમારા બૉસ તમારાથી પ્રસન્ન થાય અને એમ જ પગાર વધારે ત્યારે ભૂતકાળની તમારી ભૂલોને નથી જોતા.

માતાજીના ઉપાસકો મોદીની ચમત્કારિક સિદ્ધિને માટે તેમની વર્ષો જૂની સાધના અને મંત્રસિદ્ધિને જશ આપે છે. સાંભળેલા વાંચેલા એવા ઘણા કિસ્સા છે કે જેમાં કોઇને અમુક બાવા-સાધુનો ભેટો થઇ જાય અને આંતરિક ઇચ્છાને પામી જઇને તેઓ આશીર્વાદ આપતા હોય છે. મોદીને હિમાલય, નર્મદાના પરિભ્રમણ દરમ્યાન કોઇ અનુભવ થઇ ચૂક્યો હોય. યાદ રહે અહીં મેલી વિદ્યાના મંત્રો, ઉપાસના કે આશીર્વાદની વાત નથી. તેવું કંઇ હોતું જ નથી, પણ શાસ્ત્રીય પદ્ધતિથી સૂક્ષ્મ દેહને જગાડતા વિજ્ઞાનના સમન્વયના મંત્રો, ઇન્દ્રિયોના સ્વામી બનવાની વાત છે.

પરિણામ પણ જુઓ. મોદીને માટે ચમત્કાર સર્જાયા હોય એવું નથી લાગતું? ખુદ મને તમને, અરે, ભાજપને પણ માન્યામાં નથી આવતું. બધી જ જાતિ, જ્ઞાતિ, ધર્મના ભેદભાવ ભૂલાયા હોય તો જ ઉત્તરપ્રદેશમાં ૮૦માંથી ૭૧ બેઠકો મળે.

આ હદે મતદારોની મતિ કેમ સમતોલ બની? કોઇ પ્રારબ્ધ ભોગવવાનું હોય ત્યારે તમામ અન્ય પરિબળો પર કુદરત કબજો લઇ લે. હરીફને લાગેલી આવી થપાટ વિચારતા તો કરી જ દે. તે પણ કેવાકેવા નેતાઓને તેમના જ ગઢમાં જઇને કારમી શિકસ્ત આપી. કોઇ યોગ, આશીર્વાદ કે પ્રારબ્ધ સમય પાકે ત્યારે ભૂતકાળનાં કોઇ સારાં-નરસાં કર્મો વચ્ચે નથી આવતાં. તમારી ઇચ્છા હોય કે ના હોય તમારે તે પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે છે.

મજાની વાત એ છે કે નરેન્દ્રભાઇની કુંડળી જોતાં તેમને સરપંચ, મંત્રી કે મુખ્યપ્રધાન બનાવે તે પણ ગ્રહ નથી. પછી આવી બહુમતીથી વડાપ્રધાન બને તેવા ગ્રહો ક્યાંથી હોય? છતાં તેઓ કોઇને ગમે કે નહીં ઇતિહાસ સર્જી શક્યા. આપણે એ જ પ્રાર્થના કરવી રહી કે તેમને આયુષ્ય સાંપડે અને તેમના હસ્તે ભારતનું નવનિર્માણ થાય. તેમના માટે સેવાતા તમામ ડર, શંકા-કુશંકા ખોટી ઠરે અને કોઇ શુભ ધ્યેય માટે કુદરતે નિમિત્ત બનાવ્યા હોય તેવું વર્ષો બાદ પુરવાર થાય. (સૌજન્યઃ ગુજરાત સમાચાર)

(એમ-૭૦૪, સર્જન ટાવર, સુભાષ ચોક નજીક, મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨ મો. :૯૮૯૮૯૮૦૧૪)

## 'વીરબાળા' આનંદીબહેન પટેલ



ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બનતાં ગુજરાતના નવા મુખ્યપ્રધાન તરીકે ભાજપે મહેસૂલ પ્રધાન આનંદીબેન પટેલને પસંદ કર્યાં. તેઓ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ખરોડ ગામનાં વતની છે. તેમના પિતા જેઠાભાઇ ખેડૂત હતા. વિસનગરમાં શાળાકીય અભ્યાસ પૂરો કરીને પીલવાઇ કોલેજમાં સાયન્સમાં અભ્યાસ કર્યો. વિસનગરમાં જ બીએસસી પૂરું કર્યું. તેઓએ એમએસસી, બી.એડ્, એમ.એડ્, (સુવર્ણ ચંદ્રક) સુધીનો અભ્યાસ કર્યો છે. અભ્યાસ દરમિયાન તેમણે મહેસાણા જિલ્લા શાળા રમતગમત ક્ષેત્રે 'વીરબાળા' પુરસ્કાર મેળવ્યો છે. અનેક ચંદ્રકો મેળવ્યા હતા. તેઓએ અભ્યાસ બાદ મહિલાઓના ઉત્થાન માટે સૌ પ્રથમ મહિલા વિકાસગૃહમાં નોકરી કરી હતી.

વિસનગરના કડાના વતની ડૉ. મફતલાલ પટેલ સાથેના તેમના લગ્ન બાદ તેઓ ૧૯૬૫માં અમદાવાદ આવ્યાં હતાં અને લગ્નબાદ તેમણે માસ્ટર ડિગ્રી (સાયન્સ) મેળવી હતી. ૧૯૭૦માં તેમણે મોહિનીબા કન્યા વિદ્યાલયમાં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી હતી અને સતત ૩૦ વર્ષ સુધી તેઓએ મોહિનીબા સ્કૂલમાં સેવાઓ આપી. આ દરમિયાન તેઓ સ્કૂલ તરફથી એક પિકનિકમાં ગયાં હતાં અને ત્યારે નર્મદાના નવાગામના જળાશયમાં ડૂબતી બે કન્યાઓને તેમણે જળાશયમાં ઝંપલાવીને બચાવી હતી. આથી ભાજપના આગેવાનો તેમના આ શૌર્યથી ખુશ થયા હતા અને તેઓએ આનંદીબહેનને ભાજપમાં જોડાવવાનું સૂચન કર્યું. જો કે પહેલાં તેમણે આ ઓફર ના સ્વીકારી પણ પછી દુષ્કાળ રાહતનાં કામો દરમિયાન તેઓને લાગ્યું કે રાજકારણમાં જઇએ તો લોકોની સારી સેવા કરી શકાય એટલે તેઓ ૧૯૮૭માં ગુજરાત ભાજપ મહિલા મોરચામાં જોડાયાં. એ પછી તેઓ ગુજરાત ભાજપ મહિલા મોરચાનાં પ્રમુખ બન્યાં. વિરમગામમાં બર્ડ ફ્લ્યુ વખતે તેમણે સારી કામગીરી કરી. ૧૯૯૨માં ભાજપની એકતા યાત્રામાં એકમાત્ર મહિલા તરીકે તેઓ જોડાયાં. અને ૧૯૯૪માં તેઓ પ્રથમવાર રાજ્યસભાનાં સભ્ય બન્યાં. ૧૯૯૪-૯૫માં તેઓએ ભારત તરફથી બીજિંગ ચીન ખાતે વર્લ્ડ વિમેન કોન્ફરન્સમાં હાજરી આપી. ત્યાર બાદ લોકસભામાં વિપક્ષના નેતા અટલ બિહારી વાજપાઇ સાથે તેમણે બલ્ગેરિયાની મુલાકાત લીધી હતી. ૧૯૯૮માં તેમણે રાજ્યસભામાંથી રાજીનામું આપીને માંડલ વિધાનસભાની બેઠકની ચૂંટણી લડ્યાં અને ચૂંટણી જીતીને કેશુભાઇ સરકારમાં તેઓ શિક્ષણ પ્રધાન બન્યાં અને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કર્યો. તેઓ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારમાં રહી પાટણ ખાતેથી બે વાર ચૂંટણી લડ્યાં અને પછી તેઓને માર્ગ મકાન તથા મહેસૂલ વિભાગના પ્રધાની જવાબદારી સોંપાઇ. તેમણે પાટણને નર્મદા સાથે જોડીને ખેડૂતોને સિંચાઇની વ્યવસ્થા કરી આપી અને ૧૭૪ ચેક ડેમ પણ બનાવ્યા.

૨૦૧૨ની ચૂંટણીમાં તેમણે મત વિસ્તાર બદલી ઘાટલોડિયામાંથી ઉમેદવારી કરી અને રાજ્યમાં સૌથી વધુ સરસાઇથી જીત્યાં અને તેઓએ મહત્ત્વના વિભાગો મહેસૂલ, માર્ગ અને મકાન, શહેરી વિકાસ અને શહેરી હાઉસિંગ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ સંભાળ્યો છે. તેઓની વહીવટી કુશળતા અનેરી છે. તેમણે ભાજપના સંગઠનમાં મહિલા મોરચાના અધ્યક્ષ તરીકે, પ્રદેશ કારોબારીમાં ઉપાધ્યક્ષ તરીકે, રાષ્ટ્રીય કારોબારીમાં ઉપાધ્યક્ષ તરીકે, મહિલા મોરચાની રાષ્ટ્રીય કારોબારીમાં તેમજ અનેક જિલ્લાઓનાં પ્રભારી પ્રધાન તરીકે જવાબદારીઓ નિભાવી છે. તેઓ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં આમંત્રિત સભ્ય છે. શિક્ષક તરીકે રાષ્ટ્રપતિ ચંદ્રક તથા ગવર્નરનો ચંદ્રક પાટીદાર સમાજ તરફથી સરદાર પટેલ એવોર્ડ, પાટીદાર શિરોમણી એવોર્ડ, વિદ્યા ગૌરવવીરબાળા એવોર્ડ, બે બાળાઓને બચાવવા બદલ શૌર્ય પુરસ્કાર, ચારુમતિ યોદ્ધા એવોર્ડ, અંબુભાઇ પુરાણી એવોર્ડ જેવા અનેક એવોર્ડ મેળવી યશસ્વી કારકિર્દી બનાવી છે. તેમણે ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, અમેરિકા, કેનેડા, મેક્સિકો વગેરે દેશોનો પ્રવાસ કર્યો છે.

॥ સમીક્ષા ॥

# નરેન્દ્રભાઇ મોદીનું રોલમૉડેલ ગુજરાત

**પુલક ત્રિવેદી**

'છેલ્લા દહ બાર વરહમાં તો દૂધ વેકીને અમારી કમાણી ભૈ ખૂબ વધી ગઇ સે. આ આપણા મોદી સાહેબના કૃહી મેળામાં અમારાં ઢોરાં હાચવવાં અને ખેતીનો વધુ પાક લેવાની બઉ જોરદાર વિગતો મળી જઇ અમને તો, મોજ પડી ગઇ શે.' આ શબ્દો ધનપુરા ગામના રઘુનાથભાઇના છે. તો ટુકડા મિયાણી ગામના નાથાભાઇએ કહ્યું, 'વાહમો વારાએ ટાંકો ભરી દીધો પસી પાણીનું ભારી હખ થઇ ગયું હોં...' રાણકપુર ગામના વહીદાબહેન વાત કરે છે, ''સખી મંડળના કારણે મારું પરિવાર વેરવિખેર થતાં બચી ગયું' આ માત્ર રઘુનાથભાઇ, નાથાભાઇ કે વહીદાબહેન પૂરતી સીમિત બાબત નથી, ગુજરાતમાં છેલ્લાં બાર વર્ષોથી ચાલતી વિકાસની વણથંભી યાત્રાને કારણે ગુજરાત રાજ્યના સેંકડો, હજારો નહીં બલકે લાખો પરિવારોની મા-બહેન, દીકરીઓ, ભાઇ, યુવાનો, વડીલો વગેરેના મુખપર શાંતિ, સલામતી અને વિકાસના વિશ્વાસ સાથે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની લોકપ્રિય સરકારને સાતત્યપૂર્ણ પ્રજાભિમુખ વિકાસલક્ષી અભિગમ સાથે બાર વર્ષ પૂર્ણ થયાં તે પ્રસંગે ટીમ ગુજરાત સાથે વાત કરતાં ખોબલે ખોબલે સરકારને આશીર્વાદ આપતાં જુદા જુદા વિસ્તારનાં લોકોની હૃદયની અભિવ્યક્તિનું પ્રસ્તુતિકરણ માત્ર છે.

ગુજરાત અને એના વિકાસની આજે સમગ્ર ભારતવર્ષમાં જ નહીં, દુનિયાભરના વિકાસ ઝંખતા દેશોમાં પણ ચર્ચા છે. ગાંધી અને સરદાર તથા ઇન્દુચાચા અને રવિશંકર મહારાજ વિના આ વાત અધૂરી ગણાય. એમાં હવે દબદબાભેર એક નામ ઉમેરવું જ પડે, શ્રી નરેન્દ્રભાઇ મોદીનું. એમના નામનો ઉલ્લેખ કર્યા વિના ગુજરાતના વિકાસની વાત અધૂરી જ લાગે. ગુજરાત પ્રદેશ તો સદીઓથી છે, પરંતુ સને ૧૯૬૦ના સ્થાપનાકાળથી આપણે જોતા આવ્યા છીએ કે, પાછલાં ૧૨ વર્ષોમાં ગુજરાતે જે પ્રતિષ્ઠા,સાખ, આબરૂ અને નામના અંકે કરી છે એવી આ ૧૨ વર્ષ પૂર્વેનાં ૪૦ વર્ષોમાં ક્યારેય પ્રાપ્ત થઇ નથી. ગુજરાતના કર્મઠ મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝન અને મિશનનો જાદુ છે.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે સતત અને એકધારા ૧૨ વર્ષથી શાસન કરી રહેલા આ લોકપ્રિય નેતાએ માત્ર ગુજરાતીઓ જ નહીં, દેશવાસીઓનાં દિલોમાં પણ જબરું સ્થાન મેળવ્યું છે. તેમના વિચારો અને કાર્યોના ચાહકો દુનિયાભરના દેશોમાં છે. તા. ૭મી ઑક્ટોબર, ૨૦૦૧થી આજ સુધીની વણથંભી વિકાસયાત્રા. આ કોઇ નાની-સૂની વાત નથી. ગુજરાતને આપણે સૌ વર્ષોથી જોતા આવ્યા છીએ. કેટલાય શાસકો આવ્યા અને વિકાસ માટે પ્રદાન કર્યું. છતાં સને ૨૦૦૧ થી ૨૦૧૩ના આજ પર્યંતના ગાળામાં ગુજરાતે પ્રગતિની જે હરણફાળ ભરી એના આપણે 'આઇ વિટનેસ'- નજરે જોનાર સાક્ષી બન્યા છીએ. આ વિકાસયાત્રા માત્ર દેશના અન્ય રાજ્યો માટે જ નહીં પરંતુ કેટલાય વિકાસશીલ દેશો માટે પણ રોલ-મૉડેલ બની છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૭મી ઑક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતનું શાસન સંભાળ્યું હતું. તેમના યશસ્વી નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રાએ દેશ અને દુનિયામાં આગવી શાખ અને પ્રતિષ્ઠા ઊભી કરી છે.

૭મી ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે ૧૩મા વર્ષમાં પદાર્પણ કર્યું. ગુજરાતના રાજનૈતિક અને જાહેરજીવનમાં સતત એકધારા શાસનનો આ ઐતિહાસિક વિક્રમ છે.

ગુજરાતના વિકાસને આજે કોઇ નકારી શકે તેમ નથી. ગુજરાતમાં કૃષિ, ઉદ્યોગ અને સર્વિસ સેક્ટરના સમાન હિસ્સાના વિકાસથી અર્થતંત્રનું સંતુલન અને વિકાસનું સાતત્ય સતત જળવાઇ રહેલું છે. ગુજરાતની ઓળખ એક સમયે દુષ્કાળ પીડિત રાજ્ય તરીકે અને આપત્તિઓની વણજારની હતી. આજે આ ઓળખ બદલાઇ છે. ગુજરાત વિકાસનો પર્યાય બન્યું છે અને આનો શ્રેય ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ફાળે જાય છે. ગુજરાત અને તેના વિકાસની ચર્ચા આજે માત્ર ભારતવર્ષમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં છે, ગુજરાતના કર્મઠ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝન અને મિશનના પરિણામ સ્વરૂપે ગુજરાતે છેલ્લાં બાર વર્ષમાં જે પ્રતિષ્ઠા, શાખ, નામના, આબરૂ મેળવી છે તેવી અગાઉ કયારેય પ્રાપ્ત થઇ નથી. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તા. ૭મી ઑક્ટોબર-૨૦૦૧થી શરૂ કરેલી વણથંભી વિકાસ યાત્રાથી ગુજરાતીઓ જ નહીં, પરંતુ કરોડો દેશવાસીઓના દિલમાં તેમણે એક અનેરું સ્થાન મેળવ્યું છે. ગુજરાત આજે દેશના અન્ય રાજ્યો તેમજ કેટલાય

વિકાસશીલ દેશો માટે રોલ મોડલ બન્યું છે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દરેક પડકારનો સામનો કરી તેમાંથી પાર ઉતરવાનું સામર્થ્ય ધરાવે છે. તેમણે અનેક આફતોને અવસરમાં પલટાવી છે.

સરકારી યોજનાઓને માત્ર સરકારી રીતે અમલ કરવાને બદલે તેમાં જનમતને મહત્ત્વ આપીને જનભાગીદારીથી સરકારી યોજનાઓ કાર્યાન્વિત કરીને તેનો સફળતાપૂર્વક અમલ કરી ગુજરાતે એક ભગીરથ કાર્ય કરી બતાવ્યું છે. યોજનાઓમાં જન-જનની લોકભાગીદારી કરી વિકાસનાં મીઠાં ફળ સામાન્યજન સુધી પહોંચતાં કર્યાં છે. ગુજરાતે જનશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ, રક્ષાશક્તિ-આ પંચામૃત એટલે કે પાંચ શક્તિઓનો ઉપયોગ કરી વિકાસના નવા આયામો સિદ્ધ કર્યા છે.

ગુજરાતે સર્વાંગિ વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. ઉદ્યોગો માટે વાયબ્રન્ટ સમિટની શ્રૃંખલા આપી છે. તો કૃષિ અને ગ્રામ વિકાસ માટે જળસંચય યોજનાઓ, જ્યોતિગ્રામ, કૃષિ મહોત્સવ જેવી યોજનાઓ અમલી બનાવી છે. શિક્ષણ માટે શાળા પ્રવેશોત્સવ, મહિલા અને બાળ વિકાસ માટે કન્યા કેળવણી અને મમતા યોજના, શહેરી વિકાસ યોજના, તેમજ આદિજાતિ, દલિત, પછાત વર્ગો માટે પણ અનેકવિધ યોજનાઓનો અસરકારક અમલ કરી રાજ્યના માનવ વિકાસમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે અને લોકોના જીવન ધોરણમાં પણ પ્રગતિ થઇ છે.

ગુજરાત આજે અનેકવિધ બાબતોમાં દેશ અને દુનિયામાં અગ્રેસર છે. ગુજરાત ક્લાઈમેન્ટ ચેઈન્જનો અલગ વિભાગ શરૂ કરીને દેશ અને દુનિયામાં સૌનું ધ્યાન ખેચ્યું છે. દુનિયામાં માત્ર છ દેશોમાં આવું અલાયદું મંત્રાલય છે. ગુજરાતે ઇ-ગર્વનન્સનો અમલ કરી વહીવટમાં પારદર્શિતા લાવી છે. અનેકવિધ બાબતોમાં અગ્રેસર રહેવા બદલ ગુજરાતે યુનો-યુનિસેફ, વિશ્વ આરોગ્ય સંસ્થા તેમજ ભારત સરકારના ૨૫૦થી વધુ એવોર્ડ, પુરસ્કાર, સન્માન મેળવ્યા છે. યોજનાઓના અમલીકરણમાં ગુજરાતે દેશ અને દુનિયાનાં નક્કી થયેલાં ધોરણો પાર કર્યા છે.

ગુજરાતની જ્યોતિગ્રામ યોજના દેશના નિષ્ણાતો અને અન્ય રાજ્યો માટે અભ્યાસનો વિષય બની છે, ગ્રામ્ય વિસ્તારમાં ચોવીસ કલાક સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી મળતાં ગામડાંમાં વસતા યુવાનો માટે રોજગારી અને સ્વરોજગારીની તકો વિસ્તરી છે. પરિણામે ગામડાંમાંથી શહેર તરફ થતું સ્થળાંતર છેલ્લા દશકામાં ઘટ્યું છે. ગુજરાતે શહેરોની સાથેસાથે ગામડાંનો પણ વિકાસ થાય તે માટે પૂરતાં પગલાં લીધાં છે. ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવાનો ગુજરાતમાં શ્રેષ્ઠતમ અમલ થયો છે. સમાજના છેવાડાના પ્રત્યેક નાગરિકની ચિંતા આ સરકારે કરી છે. વંચિતોનો વિકાસ શહેરી ગરીબ કલ્યાણ યોજના, વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડુ યોજના તેના દૃષ્ટાંતો છે. ગુજરાતે એ.ટી.વી.ટી.નો નવતર વિચાર અમલમાં મૂકી વહીવટી તંત્રનું વિકેન્દ્રીકરણ કરી લોકોની સુખાકારીમાં વધારો કર્યો છે. ગરીબ કલ્યાણ મેળા દ્વારા વંચિતો અને ગરીબોને યોજનાઓના લાભ હાથોહાથ કોઈ વચેટિયા વગર પ્રાપ્ત થયા છે. ૧૦૦૦ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા ૮૫ લાખથી વધારે ગરીબોને રૂ. ૧૩,૦૦૦ કરોડ કરતાં વધુની રકમના લાભ આપવામાં આવ્યા છે.

દેશના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાતે તેની ઓળખ પ્રસ્થાપિત કરી છે. ઉદ્યોગ ક્ષેત્રે ૧૩ ટકાના દરે અને કૃષિ ક્ષેત્રે ૧૦.૭ ટકાના દરે ગુજરાતે વિકાસ કર્યો છે. માથાદીઠ આવક પણ વધી રહી છે. દેશની નિકાસમાં પણ ગુજરાતનો હિસ્સો ૨૨ ટકા જેટલો નોંધપાત્ર છે. દેશની માત્ર પાંચ ટકા વસતી ધરાવતા ગુજરાતે સોડા એશ, ડાયમંડ, મીઠું, પેટ્રોકેમિકલ્સ, દવાઓ, ફૂડ કેમિકલ્સ, મગફળીના ઉત્પાદનમાં અગ્રેસરતા હાંસલ કરી છે. ગુજરાતનો કૃષિ વિકાસદર ભારનતા ૩.૫ ટકાના દરની સામે ૧૦.૭ ટકા છે. ગુજરાતનો ખેડૂત ટપક અને ફુવારા પદ્ધતિથી સિંચાઇ કરી, વૈજ્ઞાનિક પદ્ધતિઓનો અમલ કરી પાક ઉત્પાદનમાં વૃદ્ધિ મેળવી રહ્યો છે. છેલ્લા આઠ વર્ષથી રાજ્યમાં થતા કૃષિ મહોત્સવમાં ગુજરાતે ગ્રીન રીવોલ્યુશન હાંસલ કર્યો છે. જનભાગીદારીથી લાખો ખેત-તલાવડી, બોરીબંધ, ચેકડેમો થયા છે.સરદાર સરોવર નર્મદા યોજનાથી ખેડૂતોને સિંચાઇ માટેના પાણી મળતાં થયાં છે. કેનાલ આધારિત પીવાના પાણીની યોજનાઓથી ૮,૨૦૦ ગામો અને ૧૩૫ શહેરોને પણ આવરી લેવામાં આવ્યા છે. નર્મદા યોજનાની ૪૫૮ કિ.મી. ની મુખ્યનહેરના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. જયારે ૩૮ શાખા નહેરો પૈકી ૨૯ના કામો પૂર્ણ થયા છે.

કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવના કારણે શિક્ષણના સ્તરમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. છેલ્લા નવ વર્ષમાં ૧.૨૦ લાખ વિદ્યાસહાયકોને પારદર્શિતા સાથે

ભરતી કરવામાં આવી છે. માતા અને શિશુ મૃત્યુદર ઘટાડવામાં ગુજરાતને નોંધપાત્ર સફળતા મળી છે. માતા મૃત્યુદર લાખે ૨૦૨ થી ઘટી ૧૪૮ જ્યારે શિશુ મૃત્યુદર દર હજારે ૬૦ થી ઘટી ૪૮ થયો છે. મિશન મંગલમ્ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય નારીનું સશક્તિકરણ કરવામાં આવ્યું છે.

દેશ-વિદેશનું મૂડી રોકાણ આકર્ષવામાં ગુજરાત આજે કેન્દ્રસ્થાને છે. સાણંદ ઓટોમોબાઇલ હબ બની રહ્યું છે. ગુજરાતે પોર્ટ, પાવર, રોડ, પાણી સહિતના વિવિધ ક્ષેત્રોમાં લાખો કરોડોના મૂડી રોકાણવાળા વિવિધ પ્રોજેક્ટ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે અમલમાં મુકયા છે. ગુજરાતે ખરેખર સાચા અર્થમાં ‘‘સૌનો સાથ સૌનો વિકાસ’’ મંત્ર સિદ્ધ કરી બતાવ્યો છે.

(લેખક ગુજરાત સરકારના સંયુક્ત માહિતી નિયામક અને ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ છે. તેમનો આ લેખ ‘ગુજરાત’માં પ્રકાશિત થયો હતો.)

(મનુકુંજ નિવાસ, બ્લોકઃ ૫૩૩/૨, ૧૬, સૌરભ સોસાયટી, સેકટર-૨૩, ગાંધીનગર-૩૮૨૦૨૩
મોઃ ૯૯૭૮૪૦૫૮૩૫)

॥ સંશોધન ॥

## ઉપભોકતાવાદ અને માનવ અધિકારો

**મીનેષ પટેલ**

મનુષ્યને જન્મ મળતાંની સાથે જ કેટલાક અબાધિત અધિકારો મળી જાય છે. જે દરેક અધિકારો તેને પોતાના જીવન દરમ્યાન એવી રીતે ભોગવવા જોઇએ કે જેનાથી અન્ય માનવી, સમાજ કે સંસ્થા તેમજ કુદરતને નુકશાન ન પહોંચે. પરંતુ માનવી પોતાને મળેલ અધિકારો સ્વચછંદતાથી ભોગવે છે. માનવીને એક માનવ તરીકે જન્મવાથી જ મળતા અધિકારોને માનવ અધિકારો કહેવામાં આવે છે. જેમાં ગૌરવયુક્ત જીવન, સ્વતંત્રતા સમાનતાને અને મહત્ત્વના ગણાવી શકાય. આ તમામ અધિકારો તેને આપો આપ મળી ગયા બાદ તે અધિકારોને તે કેવી રીતે ભોગવી રહ્યો છે, તે એક ચિંતનનો વિષય છે. આ અંગે કોઈએ કહ્યું છે કે ‘‘આપણે આ માનવ અધિકારો માનવી તરીકે મેળવીએ છીએ અને તેનો ઉપભોગ પ્રાણીથી પણ ખરાબ રીતે કરીએ છીએ.’’

### માનવ અધિકાર, કુદરતી સ્રોતોનું સંતુલન અને તે માટે થયેલ વૈશ્વિક પ્રયાસોઃ-

મનુષ્યની ઉત્પત્તિના સમયથી જ એટલે કે આદિકાળથી જ મનુષ્યને માનવ અધિકારો તો આપોઆપ પ્રાપ્ત થયેલા જ છે પરંતુ તેઓને જાળવવા અને સંરક્ષણ માટેના વિચારોની શરૂઆત અંગે વૈશ્વિક દૃષ્ટિએ જોવામાં આવે તો ઇ.સ. ૧૬૪૮ની વેસ્ટફાલિયાની સંધિથી થઈ. જે બાદ ઇ.સ. ૧૭૮૯માં ફ્રાન્સની ક્રાંતિમાં વિશ્વને સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વના સૂત્રરૂપે બુલંદ રીતે માનવ અધિકારોની માંગણી થઈ તો ઇ.સ. ૧૨૧૫ માં મેગ્નાકાર્ટાના ખતપત્રમાં પણ આનો ઉલ્લેખ જોવા મળે છે. તે જ રીતે ઇ.સ. ૧૬૨૮ના બિલ ઑફ રાઇટસ અને ઇ.સ. ૧૬૮૯ના પિટીશન ઑફ રાઇટ્સ તેમજ ઇ.સ. ૧૭૦૧ના એક્ટ ઑફ સેટલમેન્ટમાં પણ માનવ અધિકારોને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ તમામ હકીકતોને ધ્યાનમાં લઈ ૧૦-ડિસેમ્બર ૧૯૪૮ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘે માનવ અધિકારોની ઘોષણા કરી જેનાથી વધુ ગૌરવપૂર્ણ રીતે માનવજીવન જીવી શકાય. આ સંદર્ભમાં ઇ.સ. ૧૯૮૩માં વિયેના ઘોષણાપત્ર

બહાર પાડવામાં આવ્યું. જેમાં સ્ત્રીઓ, બાળકો, જાતિ, વંશ આધારિત અત્યાચારો રોકવા અંગે સહમતિ સધાઇ.

૪ જુલાઇ ૧૯૭૬ના રોજ અમેરિકી સ્વાતંત્ર્યની ઘોષણા કરતાં આ માનવ અધિકારોને સર્વોચ્ચ સ્થાન અપાયું જેમાં જણાવ્યું કે '' અમે એ સત્યને સ્વયંસિદ્ધ માનીએ છીએ કે દરેક મનુષ્ય જન્મથી સમાન છે. દરેક મનુષ્યને ભગવાને કેટલાક એવા અધિકારો આપ્યા છે. જેને છિનવી ન શકાય અને આ અધિકારોમાં જીવન, સ્વતંત્રતા અને પોતાની સમૃદ્ધિ માટે પ્રયત્નશીલ રહેવા માટેનો અધિકાર સામેલ છે.''૧

માનવી પોતાની વિકાસ યાત્રામાં જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ વિકાસના નામે દરેક વસ્તુનો બેફામ ઉપભોગ કરતો રહ્યો છે. અહીં માત્ર કુદરતી સ્ત્રોતોના ઉપભોગ અંગે જ અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલ છે.

''કુદરતી સ્ત્રોતો એ સ્ત્રોતો છે, જે કુદરત દ્વારા આપવામાં આવે છે અને મનુષ્ય માટે જે ઉપયોગી હોય છે.''[૨] -પી.ઇ. મૈકનાલ.

વ્યક્તિના રૂપમાં કે સમૂહમાં માનવીના ત્રણ મુખ્ય લક્ષણ રહ્યા છે જેમાં જીવનનું અસ્તિત્વ, ભરણપોષણ અને પર્યાવરણની સુરક્ષા તથા સંતુલન એટલે કે તાજાં હવા, પાણી અને વાતાવરણ વગેરે માનવીના જીવવા માટે જરૂરી છે. પરંતુ વર્તમાનમાં જે રીતે માનવી કુદરતી સ્ત્રોતોનો ઉપભોક કરી રહ્યો છે.તેનાથી પર્યાવરણની સુરક્ષા અને સંતુલન તેમજ વર્તમાન સમાજ અને ભાવિ પેઢીના જીવન પર મોટો ખતરો મંડાઇ રહ્યો છે.

વ્યક્તિને કુદરતી સ્ત્રોતો વાપરવાનો એક માનવી તરીકે અધિકાર તો છે જ પરંતુ માનવી તેનો બેફામ ઉપયોગ કરીને જે સંતુલન બગાડી રહ્યો છે. તેને ધ્યાનમાં લઇ વિશ્વના વૈજ્ઞાનિકો અને ચિંતકો દ્વારા ઇ.સ. ૧૯૭૨ (૫ થી ૧૬ જૂન) દરમ્યાન સ્ટોકહોમ ખાતે, ઇ.સ. ૧૯૮૨માં નૈરોબી ખાતે, ઇ.સ. ૧૯૯૨માં રિયોડિજેનેરો ખાતે અને ઇ.સ. ૨૦૦૨માં જહોનિસબર્ગ ખાતે પર્યાવરણ પરિષદો ભરાઇ છે. જેમાં પ્રથમ પર્યાવરણ પરિષદ ૫ જૂને શરૂ થયેલ હોવાથી ૫ જૂનને પર્યાવરણ દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. વિશ્વમાં કુદરતી સ્ત્રોતોના સંદર્ભમાં I.U.C.N.-International Union For Conservation of Nature and Natural Resources નામની સંસ્થા ઇ.સ. ૧૯૪૮માં સ્થાપવામાં આવી જેનું વડું મથક મોર્ગેસ (સ્વીટઝરલેન્ટ)માં છે અને આ સંસ્થાનો હેતુ કુદરતી સંતુલન જાળવવું અને કુદરતી સંશાધનોનું રક્ષણ કરવાનો છે. માનવ સભ્યતાની વિકાસની પ્રક્રિયાને લઇ કુદરતી સ્ત્રોતોના ઉપભોગ અંગે જોવામાં આવે તો.

**પરંપરાગત માનવસમાજઃ-**

કુદરતી અવસ્થામાં અને તે બાદ છેક ૧૯મી સદી સુધીનો માનવી સંયમી જીવન જીવતો હતો. જે સંદર્ભમાં એવું કહેવાય છે કે પહેલાં એક જ વસ્તુ લાંબો સમય ચલાવતી હતી જ્યારે આજે જૂની વસ્તુ ફેંકીને બદલીને નવી લાવવાની માનસિકતા આવી ગઇ છે. ભૂતકાળનો સંયમી માનવી કુદરીત સ્ત્રોતો પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ હોવા છતાં દીર્ઘદૃષ્ટિ રાખી તેનો જરૂર પૂરતો જ ઉપયોગ કરતો હતો. જેમ કે જંગલમાંથી જરૂર પૂરતા ફળો, લાકડું અને વનસ્પતિ તેમજ પાણી પણ જરૂરિયાત પૂરતું વાપરતો હતો. જે અંગે એવું પણ કહેવાતું હતું કે પાણી ઘીની જેમ વાપરવું જોઇએ. તો ભૂમિનો ઉપયોગ પણ રહેવા માટે જરૂરી હોય તેટલી જ જમીન પર રહેઠાણ બનાવતો. ખેતી પણ જરૂરિયાત પૂરતી જ ખેડતો. જેનાથી તમામ વસ્તુના જરૂરિયાત પૂરતા ઉપયોગથી જળનું સ્તર, હવાની સ્વચ્છતા, જળચક્ર, પર્યાવરણ સમતુલા વગેરેનું સંતુલન જળવાઇ રહેતું હતું.

**પ્રવર્તમાન માનવસમાજઃ-**

ઔદ્યોગિક વિકાસ અને ટેકનોલોજીના વિકાસની સાથે સંયમી જીવન જીવી રહેલા માનવીની જરૂરિયાતો વધવા માંડી અને વિકાસના નામે પોતે જરૂરિયાત કરતાં પણ વધુ ઉપભોગ કરતો રહ્યો છે. જે સંદર્ભમાં નીચેનો શ્લોક સાચો જ પુરવાર થાય છે.

**न जातु कामः कामानाउपभोगेन शाम्यति।**
**इविषा कृष्ण वर्तमेव भूयः एव अभिवर्धते।।**[३]
(મનુસ્મૃતિ ૨-૯૪)

(કામનાઓની પૂર્તિ થઇ ગયા પછી પણ તે શાંત થવાને બદલે વધતી જાય છે. જેમ હવનકુંડમાં દ્રવ્ય પડવાથી તેનો અગ્નિ શાંત રહેવાને બદલે વધે છે.)

માનવી વિકાસ અને સગવડોના નામે અસંયમી જીવન જીવી કુદરતી સ્ત્રોતોનો હાલમાં મનસ્વી ઉપયોગ

કરી રહ્યો છે. પરંતુ તે કડવી વાસ્તવિકતાથી અજાણ છે કે કુદરતી સ્રોતોમાંના એક સ્રોત પાણી અંગે જોવામાં આવે તો પૃથ્વી પર રહેલ કુલ જળ સંપત્તિના ૯૭.૨ ટકા પાણી સમુદ્રોમાં છે જે ખારું છે, તો ૨.૧૫ ટકા પાણી બરફ અને હિમશિલાના સ્વરૂપમાં છે.[૪] આમ ૯૯ ટકા થી પણ વધારે પાણી સીધી રીતે માનવીને વાપરવા યોગ્ય નથી તેમ છતાં બાકીના બચેલ પાણીનો બેફામ ઉપભોગ માનવી કરી રહ્યો છે. જેને લીધે વર્તમાનમાં પાણી અંગે અનેક સમસ્યાઓ ઊભી થઇ છે. વિશ્વના કેટલાક ચિંતકો તો એમ પણ જણાવી રહ્યા છે કે ભવિષ્યમાં ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે થાય તો નવાઇ નહીં.

વિકાસના નામે વર્તમાનમાં કુદરતી સ્રોતોમાંનો એક એટલે કે જંગલોનો માનવી કચ્ચરઘાણ વાળી રહ્યો છે. જેમાં માત્ર ભારતમાં જ જોઇએ તો પર્યાવણ સંતુલન માટે ૩૩ ટકા જંગલો હોવા જરૂરી છે. જેને બદલે વર્તમાનમાં માત્ર ૨૨.૮ ટકા જંગલો ભારતમાં અસ્તિત્ત્વમાં છે. જેમાં કેટલાક રાજ્યના આંકડાઓ જોઇએ તો ગુજરાતમાં- ૯.૧૮ ટકા, ઉ.પ્ર.- ૧૧.૯ ટકા, પંજાબમાં ૨.૬ ટકા, બિહાર-૨૨.૫ ટકા, આંધ્ર-૨૦.૫ ટકા, તમિલનાડુ- ૧૩.૯ ટકા, ઓરિસ્સા- ૨૨.૫ ટકા જેટલા જંગલો આવેલા છે.[૫] આમાં સ્પષ્ટ જણાઇ આવે છે કે રાજ્યોનો વિકાસ વધુ થયો છે. તે રાજ્યોમાં જંગલોનો વિનાશ પણ આંકડાઓ પરથી દેખાઇ આવે છે. જેની પર્યાવરણ પર ભારે અસર વર્તમાનમાં જ વર્તાઇ રહી છે.

કુદરતી સ્રોતના સ્વરૂપમાં પેટ્રોલિયમ અને કોલસો પણ કુદરત તરફથી માનવીને મળેલ ભેટ છે. પરંતુ આજનો માનવી આ સ્રોતોનો ઉપયોગ પણ બેફામ રીતે કરી રહ્યો છે. જેને લઇ એક અંદાજ મુજબ હાલમાં વિશ્વમાં કોલસાનો જે વપરાશ છે તેમાં માત્ર ૨ ટકા નો વધારો થાય તો માત્ર ૬૫ વર્ષ જ ચાલે તેટલો પૃથ્વીના પેટાળમાં કોલસો બચ્યો છે. પેટ્રોલિયમના સંદર્ભમાં પણ એવો અભ્યાસ થયો છે કે હવે માનવજાત માટે માત્ર ૪૦ વર્ષ ચાલે તેટલું જ પેટ્રોલિયમ પેટાળમાં બચ્યું છે.[૬]

કુદરતી સ્રોતો અને ખનીજ સંસાધનોના ઉપભોગના સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના એક અધ્યયન અનુસાર વિશ્વના વિકસિત દેશોમાં વસવાટ કરતી ૩૦ ટકા પ્રજા વિશ્વના ૯૦ ટકા ઊર્જા અને ખનીજ સંશાધનોનો ઉપભોગ કરી રહી છે.૭ આમ ખરેખર આ ઉપભોકતાવાદી યુગમાં સુખભોગની અતૃપ્ત તરસ માટે કુદરતી સ્રોતોનો વધુ પડતો ઉપયોગ પર્યાવરણનું અસંતુલન અને ભવિષ્યની પેઢીઓ માટે કબર ખોદી રહ્યો છે.

**ભાવિ માનવસમાજઃ-**

વિકાસના નામે કુદરતી સ્રોતોના બેફામ ઉપભોગને લીધે ભાવિ માનવ સભ્યતાને તેના કેવા માઠા પરિણામ ભોગવવા પડશે તે તો તેના વર્તમાનમાં આવી રહેલા પરિણામોને જોઇને જ ધ્રુજારી અનુભવાય છે. જેમ કે ભાવિ પેઢી માટે વાપરવા લાયક પાણી રહેશે કે કેમ? અને માનો કે તેના વિકલ્પરૂપે સમુદ્રના પાણીને મીઠું કરવાનો રસ્તો અપનાવીએ તો પણ તે સામાન્ય રાષ્ટ્રોની પ્રજાને પરવડે તેવો હશે કે કેમ? તો વળી હવાનું પ્રદૂષણ જે રીતે વધી રહ્યું છે. તેનાથી ભાવિ માનવ કદાચ માસ્ક લગાવીને જ ફરતો હશે તેમ લાગે છે. જંગલો કાપીને અત્યારે ઉદ્યોગો, મકાનો કે ખેતી તરફ વળી રહ્યા છીએ ત્યારે કેટલી ઔષધિઓ, વન્ય પ્રાણીઓ અને વન્ય સૃષ્ટિ આપણે બચાવી શકીશું તે વિચારવું પડે તેમ છે. કેમ કે વર્તમાનમાં જ ઘણા બધા પ્રાણીઓ, ઔષધિઓ અને પક્ષીઓ લુપ્ત થવાના આરે છે.

કુદરતી સ્રોતોના મનસ્વી ઉપભોગ અને વિકાસને લીધે આજે હવા, ભૂમિ, જળ બધું જ પ્રદૂષિત થઇ રહ્યું છે. જેનાથી માનવીના સ્વાસ્થ્યને મોટી અસર થઇ રહી છે જેમ કે ઓઝોન સ્તર તૂટવાથી સન બર્ન, કેન્સર તેમજ અન્ય પ્રદૂષણને લીધે હાર્ટ એટેક, ટી.બી., પથરી, સાંધાના રોગો, પાચનતંત્રના રોગો જેમાંથી કેટલાક જીવલેણ પણ સાબિત થયા છે. તો પૃથ્વી પરનું કુદરતી પર્યાવરણ સંતુલન બગડતાં ગ્લોબલ વોર્મિંગ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, સુનામી જેવી કુદરતી પ્રકોપની ઘટનાઓ પણ બની રહી છે અને ભવિષ્યમાં તેનું પ્રમાણ વધી જશે. આમ વિકાસની ઝડપ વધી રહી છે તેની સાથે-સાથે ભાવિ પેઢીને જીવવા લાયક વાતાવરણ વધુ ધૂંધળું બની રહ્યું હોય તેવો આભાસ વર્તાઇ રહ્યો છે.

**ઉપાય શું હોઇ શકેઃ-**

જે ઝડપથી આજનો માનવ વિકાસ કરી રહ્યો છે અને વધુ સુખ સગવડો ભોગવવા મર્યાદિત કુદરતી

સ્રોતોનો અમર્યાદિત ઉપભોગ કરી રહ્યો છે. તે કદાચ વિશ્વને વિકાસને બદલે વિનાશ તરફ લઇ જશે તેમ લાગે છે. આવા સંજોગોમાં વિકાસની પ્રક્રિયાને તો અટકાવી શકાય તેમ છે જ નહીં, વળી આપણે એ પણ ન ભૂલવું જોઇએ કે આપણી આગળની પેઢીઓએ આપેલ સ્વચ્છ પર્યાવરણ, જળ, જમીન અને જંગલોને લીધે આજે આપણે આટલા સુખી છીએ ત્યારે વિકાસના નામે સ્વાર્થી ન બનતા ભાવિ પેઢીના ભવિષ્યને ધુંધળું ન બનાવીએ. આ અંગે વર્તમાનમાં વિશ્વના પર્યાવરણવિદો અને વૈજ્ઞાનિકોના મતે 'સંતુલિત વપરાશ અને ટકાઉ વિકાસ' જ છે. જે સંદર્ભમાં અનેક પરિષદો મળી ચૂકી છે. જેમાં પર્યાવરણ અને વિકાસ અંગેના વૈશ્વિક કમિશન ૧૯૮૭ના પ્રમુખ બ્રુંટલેન્ડે ટકાઉ વિકાસ અંગે વિગતથી ખ્યાલ આપતાં જણાવ્યું કે

'' ટકાઉ વિકાસ એ એવો વિકાસ છે જે વર્તમાન પેઢી પોતાની જરૂરિયાતોની પૂર્તિ આવવાવાળી પેઢીની જરૂરિયાતોને નુકશાન પહોંચાડ્યા વગર કરે છે.''[૮]

આજ રીતે નવેમ્બર ૨૦૦૭માં સી.ઇ.ઇ. ખાતે મળેલ પર્યાવરણ અંગેની ચોથી અંતર રાષ્ટ્રીય પરિષદમાં પણ ટકાઉ વિકાસ અંગે જ ચર્ચા હાથ ધરાઇ હતી, જેમાં પ્રા. એમ.એસ. સ્વામીનાથને ગાંધીજી અને વિનોબાના સર્વોદય સોસાયટીના વિચારની અમલની ચર્ચા કરી હતી. તો સંતુલિત વપરાશ અંગે ભારતના રાષ્ટ્રપિતા ગાંધીબાપુનું એક જ ઉદાહરણ પૂરતું છે. જેમાં સાબરમતી નદીના કિનારે આશ્રમ હોવા છતાં પથારી પાસે રાખેલ માત્ર એક લોટા પાણીથી સવારની ક્રિયા પતાવતા અને મોહનલાલ પંડ્યાએ તે સમયે આ અંગે પૂછતાં જણાવેલ કે સમગ્ર નદી પર મારો અધિકાર નથી જરૂર પૂરતું જ પાણી વાપરવું જોઇએ અને આ દૃષ્ટિકોણ તરફ માનવજાતને ગયા વિના છુટકો નથી. જો આપણે ભાવિ પેઢીની ચિંતા કરવા માંગતા હોઇએ તો?

આમ માનવ અધિકારો અંગેની સૌથી પ્રાથમિક જરૂરિયાતોમાં આપણે એ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે આપણે જો પર્યાવરણ અને કુદરતી સ્રોતોનો સંતુલિત ઉપયોગ કરીશું તો જ ભાવિ પેઢીને વિશ્વ જીવવા જેવું મૂકીને જઇશું નહીં તો ભવિષ્યમાં પૃથ્વી નર્ક કરતાં પણ ભૂંડી બની જાય તો નવાઇ નહીં અને તે પરિસ્થિતિ માટે જવાબદાર માત્ર આપણે જ હોઇશું.

**સંદર્ભ ગ્રંથોઃ-**


१. सिंह राजबाला –मानव अधिकार और महिलाए– २००६ पृ.३
२. सिन्हा मेघा–पर्यावरण अध्ययन प्रकृति एवं महत्त्व–२००६ पृ. ३१
३. नाटाणी. पी.एन.– पर्यावरण प्राकृतिक संशोधन् एवं प्रदूषण– २००७ पृ. ५७
४. गुर्जर आर.के. जाट.वी.सी.–पर्यावरणीय भूगोल–२००१ पृ. १५५
५. सिन्हा मेघा– पर्यावरणीय अध्ययन प्रकृति एवं महत्त्व–२००६ पृ. ६०
६. माथुर रमा – पर्यावरण अध्ययन बहु आयामी प्रकृति–२००६ पृ. ८२
७. नाटाणी पी.एन.–पर्यावरण प्राकृतिक संशोधन एव प्रदूषण–२००७ पृ. २६०
८. नाटाणी पी. एन.–पर्यावरण प्राकृतिक संशोधन एवं प्रदूषण–२००७ पृ. ५८



(વ્યાખ્યાતા, રાજ્યશાસ્ત્ર વિભાગ, નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર)

# ડિજિટલ માહિતીનું નવું સંગ્રહસ્થાન- ડી.એન. એ.

**દિગ્વિજય વીરપુરિયા**

યુરોપિયન બાયોઈન્ફોર્મેટિક્સ કેન્દ્રમાં થોડાં સમય પહેલાં એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો. આ સંસ્થાની મોલેક્યુલર બાયોલોજી લેબોરેટરીના મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. ગોલ્ડમેન અને તેમના સાથીદારોએ વિખ્યાત કવિ ડૉ. કીંગના એક સૉનેટ કાવ્ય ''આઈ હેવ એ ડ્રીમ''ને કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કર્યું. ડૉ. ગોલ્ડમેને આ કાવ્યને કે જે બાયનરી પ્રણાલીમાં કોમ્પ્યુટરમાં સંગ્રહિત હતું તેને ડીઓક્સી રીબોન્યૂક્લિયક એસિડ (ડીએનએ)ના ચાર સાંકેતિક અક્ષરો, A,C,G અને T માં પરિવર્તિત કર્યું. ડૉ. ગોલ્ડમેને આવા ૧,૫૦,૦૦૦ ડીએનએના ટુકડાઓ બનાવ્યા જેમાં પ્રત્યેક ટુકડામાં ૧૨૦ શાબ્દિક સંકેતો રહેલા હતા.

નાઈટ્રોજન બેઈઝમાં પરિવર્તિત થયેલા ડૉ. કીંગ્ઝના સૉનેટ કાવ્યના આ સંકેતોને એગ્લીઅન્ટ ટેકનોલોજી ઈન્કોર્પોરેશન કૅલિફોર્નીઆ ખાતે મોકલવામાં આવ્યા જ્યાં આ નાઈટ્રોજન બેઈઝ રૂપી સંકેતોને આધારે દરેક ટુકડાને સંલગ્ન ડીએનએ રાસાયણિક પ્રક્રિયાથી સંશ્લેષિત કરવામાં આવ્યું. આ ડીએનએ ફરી પાછું ડૉ. ગોલ્ડમેનની ટીમે આ ડીએનએના નાઈટ્રોજન બેઈઝનો બાયનેરી પ્રણાલીમાં ઉકેલ મેળવી ડૉ. કીંગ્ઝનું સૉનેટ કાવ્ય કોમપ્યુટરમાં ફરી સાંભળી જોયું અને તે આબેહૂબ પહેલાં જેવું જ સચોટ હતું, અને આ એક પ્રયોગ માહિતીના આ યુગમાં હરણફાળ ભરવાની દિશામાં મહત્ત્વનું પગલું સાબિત કરનારો હતો.

સંગ્રહ કરવો એ મનુષ્યનો સ્વભાવ અથવા તો જરૂરિયાત રહી છે. પ્રાચીનકાળથી મનુષ્ય અન્ન, જળ, ધન-સંપત્તિ વિગેરેનો સંગ્રહ કરવાની કળા વિકસાવી ચૂક્યો છે. આજના આ અર્વાચીન યુગમાં જેને આપણે માહિતીનો યુગ (ઈન્ફોર્મેશન એજ) કહીએ છીએ તેમાં માહિતીનો સંગ્રહ કરવો એ એક પડકાર બની ગયો છે. આજના યુગમાં આપણે માહિતીની ફકત આપ-લે કરીએ છીએ એવું નથી. પરંતુ માહિતીનું સર્જન પણ કરીએ છીએ અને આવી માહિતી લાગતા વળગતાઓ સુધી પહોંચે તેમ પણ ઈચ્છીએ છીએ.

આજે આપણે માહિતીની આપ-લે માટે ઈન્ટરનેટ જેવા માધ્યમોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરીએ છીએ ત્યારે સૌને મુંઝવતો પ્રશ્ન એ છે કે ઈન્ટરનેટ દ્વારા થતી માહિતીની આપ-લે કેટલી સુરક્ષિત છે? દરેક વ્યક્તિ એવું ઈચ્છે છે કે પોતાના દ્વારા સર્જાયેલી માહિતી અમુક વિશિષ્ટ વર્ગ સુધી જ પહોંચે ત્યારે આવા સંજોગોમાં ઈન્ટરનેટ દ્વારા થતી માહિતીની લેવડદેવડ એ એક અસુરક્ષિત પદ્ધતિ છે, ઈન્ટરનેટ દ્વારા માહિતીની આપ-લે દરમ્યાન તેની સાથે ચેડા થઈ શકે છે. તેને તેના મૂળ સ્વરૂપથી અલગ રીતે દર્શાવાય તેનો સતત ભય રહેલો હોય છે. માહિતીનો સંગ્રહ કરવા માટે ઉપયોગમાં લેવાતા સીડી, ડીવીડી, પેનડ્રાઈવ, બ્લુરે ડીસ્ક, હાર્ડડીસ્ક વિગેરે માહિતીનો ડિજિટલ સ્વરૂપમાં સંગ્રહ કરતા હોવાથી સુરક્ષિત નથી, તદ્‌ઉપરાંત વાયરસના હૂમલાઓ અને હેકર્સ માહિતીઓને નકામી બનાવી દેતા હોય છે.

જૈવિક અણુઓ અને જૈવિક પ્રક્રિયાઓ ઉપરોક્ત ઉપકરણો કરતા ડિજિટલ માહિતીઓને સંગ્રહ કરવા માટેનો એક સબળ વિકલ્પ પૂરો પાડી શકે તેમ છે. દા.ત. ડીઓક્સી રીબોન્યૂક્લિપક એસિડ (ડીએનએ) એ ખૂબ જ મોટા પ્રમાણમાં જૈવિક માહિતી સંગ્રહ કરવાનું કામ વર્ષોથી સુરક્ષિત રીતે કરે છે. સ્ટીવન સ્પીલબર્ગની બહુચર્ચિત ફિલ્મ ''જૂરાસીક પાર્ક''માં એક મચ્છરમાંથી કરોડો વર્ષો પછી પણ ડાયનાસોરના ડીએનએ તારવી તેમને પુર્નજીવિત કરવાની વાત કહેવામાં આવી છે. જે દર્શાવે છે કે ડીએનએમાં સંગ્રહાયેલી માહિતી લાંબા સમય સુધી સદીઓ સુધી અકબંધ રહે છે. અને આથી જ આ જૈવિક અણુનો ડિજિટલ માહિતીના સંગ્રહમાં કઈ રીતે ઉપયોગ કરી શકાય તે અંગે ઘણા સંશોધનો હાથ ધરાયા છે.

ડીએનએમાં સંગ્રહાયેલી જૈવિક માહિતી અને કોમ્પ્યુટરમાં સંગ્રહાયેલી ડિજિટલ માહિતીમાં જે મૂળભૂત તફાવત રહેલો છે તેમના સંકેતોની પ્રણાલી છે. ડીએનએમાં માહિતી નાઈટ્રોજન બેઈઝ જેવા કે એડીનીન (A), ગ્વાનીન (G), સાયટોસીન (C), તથા થાયમીન (T), સ્વરૂપે રહેલી હોય છે જ્યારે ડિજિટલ માહિતી બાયનરી પ્રણાલી (૦,૧) સ્વરૂપે સંગ્રહિત થયેલી હોય છે, આથી ડિજિટલ માહિતીનો જો ડીએનએના સ્વરૂપમાં સંગ્રહ કરવો હોય તો તેને નાઈટ્રોજન બેઈઝમાં પરિવર્તિત કરવી પડે. આપણે ઉપર જોઈ ગયા તેમ નાઈટ્રોજન બેઈઝ ચારની સંખ્યામાં છે

જ્યારે બાયનરી અંકો બે ની સંખ્યામાં છે એટલે કે દરેક નાઇટ્રોજન બેઇઝને આપણે બે બાયનેરી અંકોમાં દર્શાવી શકાય. જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| નાઇટ્રોજન બેઇઝ | બાયનેરી અંક |
| --- | --- |
| એડેનીન (A) | ૦૦ |
| સાયટોસીન (C) | ૦૧ |
| ગ્વાનીન (G) | ૧૦ |
| થાયમીન (T) | ૧૧ |

દા.ત. જો કોઇ ડીએનએ શૃંખલા 'ACTGTACGTACA'ને બાયનેરી પ્રણાલીમાં દર્શાવવી હોય તો તેને ''૦૦૦૧૧૧૧૦૧૧૦૦૦૧૧૦૧૧૦૦ ૦૧૦૦'' તરીકે દર્શાવી શકાય અને આજ પ્રમાણે બાયનેરી અંકોને ડીએનએના નાઇટ્રોજન બેઇઝમાં પરિવર્તિત કરી શકાય.

કોઇ પણ ડિજિટલ માહિતીને આ પદ્ધતિનો ઉપયોગ કરી કઇ રીતે ઉકેલી શકાય તેનું એક ઉદાહરણ જોઇએ, દા.ત. બાયનેરી સંકેત ૦૦૦૧ને દશાંશ સ્વરૂપે આ રીતે દર્શાવી શકાય (૦૦૦૧)૨ = (૧) ૧૦. અને આથી ડીએનએ શૃંખલા 'ACTGTACGTACA' ને'૧,૧૪,૧૨,૬,૧૨,૪' તરીકે દર્શાવી શકાય, જેનો ઉપયોગ માહિતીના સંગ્રહ માટે થઇ શકે. આ સંકેત પ્રમાણેનું ડીએનએ લેબોરેટરીમાં રાસાયણિક પ્રક્રિયા વડે સંશ્લેષિત કરી સદીઓ સુધી સંગ્રહી શકાય, અને જ્યારે જરૂર પડે ત્યારે આ નાઇટ્રોજન બેઇઝના સંકેતોને ઉકેલી તેનું બાયનેરી પ્રણાલીમાં રૂપાંતરણ કરી કોમ્પ્યુટર મારફતે ઉપયોગમાં લઇ શકાય.

**ડિજિટલ માહિતીના સંગ્રહ માટે વપરાતા ઇલેક્ટ્રોનિક ઉપકરણોના ગેરફાયદાઃ**

૧. હાલમાં જે સીડી, ડીવીડી, પેનડ્રાઇવ, હાર્ડડીસ્ક, બ્લુ રે ડીસ્ક વિગેરેનો જે બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે જે પર્યાવરણ માટે હાનીકારક છે. તેમની બનાવટમાં વપરાતા ઇપોક્સી રેઝીન્સમાં ઝેરી રસાયણો રહેલા હોય છે, અને આવી વસ્તુઓ મોટા પ્રમાણમાં ઇ-વેસ્ટ ઉત્પન્ન કરે છે.

૨. યુનાઇટેડ નેશન્સના એક અહેવાલ પ્રમાણે વર્ષે ૧.૪૭ લાખ ટન જેટલો ઇ-વેસ્ટ ઉત્પન્ન થાય છે. ૨૦૦૭ની સરખામણીએ ૨૦૨૦માં આવા ઇ-વેસ્ટમાં વૃદ્ધિ થવાની શક્યતા છે. ભારત અને ચીન જેવા દેશોમાં ૨૦૨૦ સુધીમાં આશરે ૪૦૦ થી ૫૦૦ ટકા જેટલો વધારો થવાની શક્યતા છે.

૩. ઇલેક્ટ્રોનિક ઉપકરણોમાં માહિતીનો સંગ્રહ ખૂબ જ જટિલ અને પડકારરૂપ છે, આવા ઉપકરણોમાં માહિતીની સ્થિરતા અને વિશ્વસનીયતા વારંવાર જોખમાય છે.

૪. આવા ઉપકરણો રી-સાયકલ ન થઇ શકતા હોવાથી ઇ-વેસ્ટમાં વૃદ્ધિ કરે છે.

૫. આવા ઉપકરણોનો ઉપયોગ મર્યાદિત સમયગાળા માટે જ થઇ શકે છે.

**ડિજિટલ માહિતીના સંગ્રહ માટે ડીએનએ કઇ રીતે ફાયદાકારક હોઇ શકે?**

૧. ડીએનએ જૈવિક અણુ હોવાથી પર્યાવરણ માટે નુકશાનકારક નથી.

૨. સદીઓ સુધી મૂળ સ્વરૂપમાં માહિતીનો સંગ્રહ કરી શકે છે.

૩. ઘણા વિશાળ જથ્થામાં માહિતીનો સંગ્રહ કરી શકે છે. હાવર્ડ યુનિવર્સિટીના એક વૈજ્ઞાનિકે ૫.૫ પેન્ટાર બાઇટસ (૭૦૦ ટેરાબાઇટસ) જેટલી ડિજિટલ માહિતીનો ડીએનએમાં સફળતાપૂર્વક સંગ્રહ કરી બતાવ્યો છે.

ઉપરોક્ત પ્રણાલીનો હાલમાં ઉપયોગ પ્રાયોગિક દ્રષ્ટિએ ઘણો ખર્ચાળ છે. પરંતુ આવનાર બે દાયકાઓમાં જૈવિક અણુઓ આજના ડિજિટલ યુગને નવી દિશા આપી માહિતી યુગમાં એક નવી ક્રાંતિ આણે તેવી પૂરી ક્ષમતા ધરાવે છે એ પુરવાર થઇ ચૂકયું છે.

(આસિસ્ટન્ટ પ્રોફેસર, એનવીપાસ,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦)

# ત્રિભાગી ભોજન

**સાગર એમ. ભીંડે[૧]**

**એ.આર.વી. મૂર્તિ[૨]**

આજના સોફિસ્ટિકેટેડ જમાનામાં પાર્ટી કલ્ચર ખૂબ જ વધી ગયું છે. પાર્ટીઓ ભલેને કોઇ મોટી મોટી હોટેલોમાં, કલબમાં કે પછી ઘરમાં જ કરવામાં આવે, પણ ભોજ ન તો થ્રી કોર્સ જ રાખવામાં આવે છે. આને સ્ટેટસ સિમ્બોલ ગણવામાં આવે છે. થ્રી કોર્સ એટલે આખા ભોજનને ત્રણ ભાગમાં વિભાજિત કરવું. પ્રથમ ભાગમાં સ્ટાર્ટર (સૂપ, પનીર, કબાબ, મસાલાપાપડ વગેરે), મધ્યભાગમાં મેઈન કોર્સ-મુખ્ય ભોજન (ચાઈનીસ, પંજાબી, ગુજરાતી ભોજન) અને અંતમાં ડેઝર્ટ (મીઠાઇ, આઇસ્ક્રીમ ડિશ) નો સમાવેશ થાય છે. વળી બૂફે ભોજન હોવાથી ટહેલતા, ટહેલતા અને વાતો કરતા કરતા ભોજન કરવામાં આવે છે. આવી રીતે કટકે કટકે અને વિલંબથી ભોજન કરવું એને આયુર્વેદની દૃષ્ટિએ અજીર્ણાસન કહી શકાય. કારણ કે, જ્યારે આપણે ભોજન ગ્રહણ કરવાનું પૂરું કરીએ ત્યારે આપણે હોજરી (stomach)માં એકઠા થયેલા અન્નનું પાચન શરૂ થાય છે. અને પાચન શરૂ થયા પછી ફરી તેમાં કાંઇ વધારાનું અન્ન ઉમેરવું, તેને જ અજીર્ણમાં અન્ન ગ્રહણ એટલે કે અજીર્ણાસન કહેવાય છે. સ્ટાર્ટર આરોગ્યા પછી થોડા સમયના અંતરે મેઇનકોર્સ લઇએ તો તે આવી જ રીતે અજીર્ણાસન કહેવાશે અને અનેક રોગોનું કારણ બનશે. ખાસ કરીને એસિડિટી, મંદાગ્નિ, સ્થૂળતા વગેરે થવાની શક્યતા રહે છે.

વળી, આ થ્રી કોર્સ મીલનો ક્રમ પણ રોગોત્પાદક નીવડી શકે છે. આયુર્વેદની એક ખૂબ જ પ્રખ્યાત સંહિતામાં આચાર્ય કશ્યપે તો ભોજન ગ્રહણ દરમ્યાન તેનો ક્રમ દર્શાવ્યો છે. તે અત્યંત સાયન્ટિફિક પણ છે. આચાર્ય કશ્યપ પ્રમાણે ભોજન દરમ્યાન સૌ પ્રથમ મધુર અને સ્નિગ્ધ આહાર આરોગવો, મધ્યમાં દ્રવ અને વિવિધ પ્રકારના વ્યંજનો લેવા અને અંતમાં લઘુ પાચક અને રુક્ષ દ્રવ્યોનું સેવન કરવું. આ ક્રમમાં ભોજન કરવાથી ભોજનની શરૂઆતમાં આપણી પાચકાગ્નિ ખૂબ જ તેજ હોવાથી મધુર અને સ્નિગ્ધ પદાર્થોનું પાચન સરળતાથી થાય છે. મધ્યમાં વિવિધ વ્યંજનો લેવાથી ભોજનમાં રુચિ બની રહે છે અને સંપૂર્ણ પોષણ મળે છે. અને અંતમાં લઘુ અને રુક્ષ આહાર દ્રવ્યનું સેવન કરવાથી તેને પાચનમાં કોઇ મુશ્કેલી પડતી નથી. આમ કરવાથી સંપૂર્ણ ભોજનનું પાચન વ્યવસ્થિત રીતે થાય છે અને તેના દ્વારા ઉત્તરોત્તર ધાતુઓનું પોષણ પણ સારી રીતે થાય છે. પરંતુ આજના જમાનામાં ભોજનના અંતે ડેઝર્ટ ખાવાનું પ્રચલન વધ્યું છે. જેના કારણે અલ્પ જઠરાગ્નિ હોવાના સમયે ભારે ખોરાક ખાવાથી અનેક પ્રકારના રોગો થવાની સંભાવના રહે છે. વળી ભારતમાં તો વર્ષોથી જમ્યા પછી રુક્ષ અને લઘુ એવી છાશ અથવા લઘુ અને કષાય એવા નાગરવેલનાં પાનનું તાંબુલભક્ષણ કરવાની પ્રથા છે. જે ખૂબ જ સારી છે. તેથી ડેઝર્ટની પ્રથા તો સંપૂર્ણ પણે બંધ જ કરવી જોઇએ.

વળી આ ફુલ કોર્સ મીલ મોટે ભાગે ડીનર તરીકે મોડી સાંજે અથવા તો રાત્રે હોય છે. સાંજના ભાગે હેવી ફૂડ લેવું એ પણ આપણા સ્વાસ્થ્ય માટે અચૂક હાનિકારક નીવડે છે. આમ પણ, વર્ષોથી આપણા વડીલો કહેતા આવ્યા છે કે સવારનો નાસ્તો રાજા જેવો, બપોરનું ભોજન પ્રજા જેવું અને સાંજનું ભોજન તો રંક (ભિખારી) જેવું હોવું જોઇએ. આ વિચાર ખૂબ જ સાયન્ટિફિક પણ છે. સવારનો અને બપોરનો ખોરાક આપણી દૈનિક પ્રક્રિયાઓને કારણે અને જાગૃત અવસ્થાના કારણે એનર્જી ઉત્પન્ન કરવામાં વપરાય જાય છે. જ્યારે સાંજનું ભોજન વપરાતું ન હોવાથી સ્થૂળતા કરવામાં સૌથી મોટો ભાગ ભજવે છે. વળી આયુર્વેદમાં પણ આપણી જઠરાગ્નિને સૂર્યદેવ સાથે સરખાવી છે. જેમ અને જ્યારે સૂરજ આકાશમાંથી ગરમી આપે છે તેમ અને ત્યારે જ આપણી પાચકાગ્નિ- જઠરાગ્નિ ખોરાકનું પાચન કરે છે.

([૧]આસિસ્ટન્ટ પ્રોફેસર, બાલરોગ વિભાગ

[૨]ડીન અને સુપરિન્ટેન્ડેન્ટ

જી.જે. પટેલ આયુર્વેદ કોલેજ એન્ડ એસ.જી. પટેલ
આયુર્વેદ હોસ્પિટલ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર
ફોનઃ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

# સૂત્રકાલીન વરપસંદગી

પારુલટીના દોશી

બુદ્ધિરૂપશીલલક્ષણા સંપન્ના રોગામુપયચ્છેત....

આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં વર્ણવાયેલા આ મંત્રનો અર્થ છેઃ જે બુદ્ધિશાળી હોય, રૂપવતી અને શીલવતી હોય, શુભ લક્ષણો ધરાવતી હોય અને તંદુરસ્ત હોય તે કન્યા સાથે જ વિવાહ કરવા જોઇએ![1]

સૂત્રકાળના આ શ્લોકમાં કન્યાની પસંદગી માટેનાં ધોરણો દર્શાવવામાં આવ્યાં છે. આશ્વલાયન ઉપરાંત એ કાળમાં સર્જાયેલા વિવિધ ગૃહ્યસૂત્રોમાં વધૂપસંદગી માટેનાં સૂચનો કરાયેલાં છે. ઉદાહરણ તરીકે આપસ્તમ્બમાં ઉત્તમ કુળવાળી, ઉત્તમ આચરણવાળી અને શારીરિક રીતે સ્વસ્થ હોય તેવી કન્યાને[2] જ વધૂ તરીકે પસંદ કરવાની સલાહ આપવામાં આવી છે. એજ રીતે શાંખાયન અનુસાર શુભ લક્ષણોવાળી કન્યા સાથે જ વિવાહ કરવા જોઇએ. માનવમાં વિદ્યાવાન કન્યાને પ્રાધાન્ય આપ્યું છે. જ્યારે ભારદ્વાજના કહેવા પ્રમાણે, કન્યા સાથે વિવાહ કરતી વખતે ચાર બાબત પર ખાસ ધ્યાન આપવું જોઇએ. ધન, સૌંદર્ય, બુદ્ધિ અને કુળ. જો ચારે ગુણ ધરાવતી કન્યા ન મળે તો ધનને જતું કરવું, ત્રણ ગુણવાળી કન્યા મેળવવામાંય મુશ્કેલી પડે તો સૌંદર્યનો ભોગ આપવો. પણ બુદ્ધિ અને કુળનો આગ્રહ રાખવો જો કે બુદ્ધિ અને કુળમાં કોને મહત્ત્વ આપવું એ વિશે મતભેદ છે. કોઇએ બુદ્ધિને અને કોઇએ કુળને મહત્ત્વ આપ્યું છે![3]

સૂત્રકાલીન કન્યાની વિવાહ માટેની યોગ્યતા પર ખાસ્સો વિચાર વિમર્શ કરવામાં આવતો. એ વિશે ડૉ. સુષ્મા શુક્લએ નોંધ્યું છે કે, ‘એ કાળની કન્યામાં ત્રણ ગુણ હોવા આવશ્યક હતા. એક તો એ કે તે અનન્યપૂર્વિકા હોય. એટલે કે તેણે અગાઉ કોઇ સાથે શારીરિક સંબંધ સ્થાપિત ન કર્યો હોય. બીજો એ કે તે સ્ત્રી હોય. એટલે કે માતા બનવા માટે યોગ્ય હોય. અને ત્રીજો એ કે તે યવીયતી હોય. અર્થાત્ વરથી ઉંમરમાં નાની હોય. એનું કારણ એ કે વરની તુલનામાં કન્યાનો શારીરિક વિકાસ ઝડપથી થતો હતો.’[4]

કન્યાની જેમ વરની પસંદગી માટે પણ કેટલાંક ધારાધોરણો હતાં. આશ્વલાયન કહે છે કે બુદ્ધિમાન વરને જ કન્યા આપવી જોઇએ.[5] આપસ્તમ્બના મતે શ્રેષ્ઠ કુળ, શ્રેષ્ઠ આચરણ, શુભ લક્ષણ, શિક્ષણ અને સારું સ્વાસ્થ્ય,[6] આ વરના ગુણ છે. ધર્મસૂત્રોમાં વર માટે તેનું અખંડ બ્રહ્મચારી હોવું એ મુખ્ય ગુણ મનાતો. તેનું બ્રહ્મચર્ય તેના ચારિત્ર્યનું પ્રમાણપત્ર ગણાતું. વરના અન્ય ગુણોમાં ઉત્તમ સ્વાસ્થ્ય હોવું, યુવાન હોવું, બુદ્ધિમાન હોવું તથા સુંદર હોવું, એ મહત્ત્વના હતા.

વિવાહમાં વર અને કન્યાના ઉત્તમ કુળનો ખાસ વિચાર કરવામાં આવતો કારણ કે વિવાહનો મુખ્ય ઉદ્દેશ સંતાનપ્રાપ્તિ હતો. સંતાનની ઉત્પત્તિ માટે પતિ-પત્નીનાં સ્વાસ્થ્ય ઉપરાંત તેમના કુળ અને આચાર પર ધ્યાન અપાતું. એટલે જ તો વિષ્ણુ ધર્મસૂત્રમાં કહ્યું છે કે, જેનાં અંગ નિર્દોષ હોય, જે હંસ કે હાથણીની જેમ ચાલતી હોય, જેના દાંત નાના હોય અને જેનું શરીર કોમળ હોય તે કન્યા સાથે વિવાહ કરવા જોઇએ.

એ કાળમાં કન્યાનાં શારીરિક લક્ષણોની સાથે શુકન પણ જોવાતાં. શુકન જોવા માટે અનોખી પદ્ધતિનો ઉપયોગ થતો. એ વિશે ડૉ. ઉમેશચન્દ્ર પાંડેયે લખ્યું છે કે, ‘કન્યાનું વરણ કરતી વખતે કેટલીક સામગ્રી એકઠી કરવામાં આવતી. જુદા જુદા પ્રકારના બીજ, યજ્ઞવેદીની માટી, ખેતરની માટીનું ઢેફું, ગાયનું છાણ તથા સ્મશાનમાંથી લવાયેલું માટીનું ઢેફું. આ સામગ્રી કન્યાથી છુપાવીને રાખવામાં આવતી. પછી તેમાંથી કોઇ એક ચીજ પસંદ કરવાનું કન્યાને કહેવામાં આવતું. જો કન્યા બીજને અડકે તો સંતાનની ઉત્પત્તિનું પ્રતીક ગણાતું. એજ રીતે વેદીની માટી યજ્ઞ દ્વારા સમૃદ્ધિનું, ખેતરની માટી ધનધાન્યની વૃદ્ધિનું અને છાણ પશુધનમાં વધારાનું પ્રતીક ગણાતું. એટલે આ સામગ્રીમાંથી કોઇપણ ચીજને સ્પર્શ કરનાર કન્યા વિવાહ માટે યોગ્ય ગણાતી. પરંતુ સ્મશાનની માટી મૃત્યુની સૂચક હતી. એથી એ માટીમાંથી બનાવેલા ગોળાને અડકનાર કન્યા નાપસંદ થતી. એ વિવાહ માટે અયોગ્ય ઠરતી.’[૯]

કેટલીક કન્યાઓ અન્ય કારણોસર પણ વિવાહ માટે અયોગ્ય ઠરતી. તેઓ વિવાહ માટે વર્જિત ગણાતી. એ વિશે ડૉ. શુક્લએ નોંધ્યું છે કે, ‘જે કન્યા વધુ એક ઓછા વાળવાળી હોય, અતિ શ્યામ કે પાંડુવર્ણી હોય,

અધિક કે ઓછા અંગવાળી હોય, અપવિત્ર હોય અને રોગિણી હોય તે વિવાહ માટે વર્જિત ગણાતી. એ જ રીતે દુષ્ટ સ્વભાવની, કટુભાષિણી, પુરુષ જેવા આકારવાળી, કાગડા જેવા કર્કશ અવાજવાળી, જાંઘ પર વાળ ધરાવનારી, હસતાં સમયે જેના ગાલ પર ખંજન પડતાં હોય તેવી, નખ પીળા હોય, આંખ લાલ હોય, હાથ પગ ભારે હોય, અતિ ઠીંગણી હોય, દાંતોમાં અધિક અંતર હોય કે દાંત બહાર નીકળતા હોય તેવી કન્યા પણ વિવાહ માટે વર્જિત ગણાતી.'[૧૦]

સૂત્રગ્રંથોમાં વિવાહ માટે વર્જિત ગણાતી કન્યાનાં અન્ય લક્ષણો પણ જોવા મળે છે. વિષ્ણુ ધર્મસૂત્ર અનુસાર પીળા વાળવાળી, અધિક અંગવાળી કે છ આંગળીવાળી, ક્ષતવિક્ષત અંગવાળી, વાતોડિયણ અને પીળી આંખવાળી કન્યા સાથે વિવાહ ન કરવા જોઇએ.[૧૧] આપસ્તમ્બ ગૃહ્યસૂત્રમાં વિવાહ વર્જિત કન્યાના શારીરિક દોષોનો વિસ્તૃત ઉલ્લેખ કરાયો છે. એ મુજબ પીળાં નેત્ર, ઋષભા કે બળદ જેવા શરીરવાળી, શરભા કે વાદળી રુંવાટાંવાળી, કુબડી, કદરૂપી, માથે ટાલવાળી, દેડકાના રંગની ત્વચાવાળી અને અત્યંત સ્થૂળ જાંઘવાળી કન્યા વિવાહ માટે વર્જ્ય હતી. એ જ રીતે ખેલકૂદ અને મનોરંજનમાં વધુ રુચિ લેનારી, ખેતીની રખેવાળી કરનારી, ગાયવાછરડા ચરાવનારી, અનેક સખીઓ અને મિત્રો ધરાવનારી તથા જેને પ્રયત્નપૂર્વક રક્ષવી પડે તેવી સંરક્ષિતા વિવાહ માટે ગેરલાયક ઠરતી. ઉપરાંત જેની સગાઇ થઇ ચૂકી હોય, જે સાકારિકા એટલે કે બીજા કુળમાં ઉત્પન્ન હોય અથવા જેના ગર્ભસ્થ થવા પર માતાએ પોતાના પતિનું અસ્થિસંચયન કર્યું હોય તે કન્યા સાથે વિવાહ કરવાની મનાઇ હતી. જે વર્ષમાં વરનો જન્મ થયો હોય એ જ વર્ષમાં જન્મેલી કન્યા સાથે વિવાહ કરવા પર પ્રતિબંધ હતો અને જે કન્યાની નાની બહેન અધિક સુંદર હોય તે સ્વનુની પણ વર્જિત હતી. કારણ કે એ સંજોગોમાં કન્યાની નાની બહેન પ્રત્યે આકર્ષણ થવાનું જોખમ રહેલું હતું![૧૨]

કન્યાના તમામ દોષો અને ખામીઓ છતાં તેની સાથે વિવાહ શક્ય હતા. એ વિશે આપસ્તમ્બમાં કહ્યું છે કે, અંતે તો વરની પસંદ જ સર્વોપરિ છે. એટલે કન્યામાં કોઇ પણ દોષ હોય, છતાં તેનાથી વરનાં મન અને આંખો તૃપ્ત થતાં હોયતો ચોક્કસ જ સુખી થવાય છે. તેથી વરે અન્ય બાબતો પર ધ્યાન ન દઇને તેની સાથે જ વિવાહ કરવા જોઇએ.[૧૩] પરંતુ વર પસંદ કરવા આવે ત્યારે કન્યા સુતી હોય, રડતી હોય કે ઘરમાંથી નીકળીને ભાગતી હોય તો તેનું વરણ ન જ કરવું જોઇએ.[૧૪]

સૂત્રકાલીન કન્યાનું વરણ ન કરવા પાછળ અન્ય પરિબળો પણ જવાબદાર હતાં. એ વિશે ડૉ. પાંડુરંગ વામન કાણેએ લખ્યું છે કે, 'ભ્રાતૃહીન કન્યાની વિવાહ માટે વરણી ન થતી. વસિષ્ઠ ધર્મસૂત્રની નોંધ મુજબ ભાઇ વિનાની બહેન પિતાના ઘરમાં જ વૃદ્ધ થઇ જતી. તેને પતિ ન મળતો. આવી કન્યા પુત્રિકા કહેવાતી કારણ કે કન્યાના પિતા તેના ભાવિ પતિ સાથે નક્કી કરી લેતો કે પુત્રિકાનો પુત્ર પોતાને પિંડદાન આપશે. એટલે જ ભાઇ વિનાની બહેન વિવાહ માટે પ્રતિબંધિત ગણાતી.'[૧૫]

વિવાહના વિષયમાં અન્ય પ્રતિબંધ પણ હતા. એ મુજબ પોતાની જાતિની કન્યા સાથે વિવાહ થઇ શકતા પણ પોતાના જ ગોત્રની કન્યા સાથે વિવાહ પર પ્રતિબંધ હતો. હિરણ્યકેશી, ગોભિલ અને આપસ્તમ્બ મુજબ પોતાના ગોત્રમાંથી કન્યા પસંદ ન કરવી જોઇએ. માનવ, ગૌતમ અને વસિષ્ઠે સમાન ગોત્રવાળી કન્યા સાથેના વિવાહ અનુચિત ગણ્યા છે. વિષ્ણુએ સમાન ગોત્રના લોકોમાં વિવાહસંબંધની મનાઇ ફરમાવી દીધી. ગોભિલ અને આપસ્તમ્ભના મતે કન્યા સપિંડ પણ ન હોવી જોઇએ. અર્થાત્ તેણે વરની માતાના સંબંધી ન હોવું જોઇએ. વિષ્ણુએ સાત પેઢી પછી પિતા તરફ અને પાંચ પેઢી પછી માતા તરફ સપિંડનો કોઇ પ્રતિબંધ રાખ્યો નથી.[૧૬]

સૂત્રકાળના વિવાહમાં પિંડ અને ગોત્રની જેમ કન્યાના નામ વિશે પણ વિચાર કરવામાં આવતો. આપસ્તમ્ભ ગૃહ્યસૂત્ર અનુસાર વિવાહિત થનારી કન્યાનું નામ નદી, નક્ષત્ર કે વૃક્ષ પરથી ન હોવું જોઇએ.[૧૭] તેનું નામ પર્વત, પક્ષી, સાપ કે દાસીનું પણ ન હોવું જોઇએ.[૧૮] ઉપરાંત જે કન્યાના નામના અંતમાં ર કે લ હોય, દાખલા તરીકે ગૌરી કે કમલા નામ હોય, તેની સાથે વિવાહ ન કરવાની સલાહ આપવામાં આવી છે.[૧૯] એ જ રીતે જે કન્યાનું નામ ત્રણ, પાંચ અથવા સાત અક્ષરનું બનેલું હોય તે વિવાહયોગ્ય ગણાઇ છે.[૨૦] કન્યાના નામના અંતમાં 'આ'નું ઉચ્ચારણ આવે, એટલે કે કન્યાનું નામ ભાવના કે વસુંધરા હોય, તો તે શુભ ગણાઇ છે.[૨૧]

વિવાહ માટેનાં માપદંડો પરથી એક વાત

ઊડીને આંખે વળગે છેઃ વેદકાળમાં જે કન્યા પતિપસંદગી માટે સ્વતંત્ર હતી તે સૂત્રકાળ સુધીમાં પરતંત્ર થઇ ગઇ હતી. વળી વરની તુલનામાં કન્યાનાં અંગ, રંગ, રૂપ, ગુણ, શીલ, સૌંદર્ય, સ્વભાવ અને ચરિત્ર પર જ વધુ ભાર મૂકાતો હતો. કન્યા સર્વગુણસંપન્ન હોય તેવી અપેક્ષા કરાતી હતી. સૂત્રકાલીન વધૂપસંદગીનાં ધોરણે જોઇને જ કદાચ પેલી કહેણી પ્રચલિત થઇ હશે કે, વહુનાં લક્ષણ બારણામાં!

**સંદર્ભ :**


૧. बुद्धिरुपशीललक्षणासंपन्नारोगामुपयच्छेत्। આશ્વલાયન ગૃહસૂત્રમ્ ૧.૫.૩

જે બુદ્ધિ, રૂપ, લાવણ્ય, શીલ, સ્વભાવ અને સુંદર લક્ષણોથી યુક્ત હોય અને રોગરહિત હોય તેવી કન્યાનો જ સ્વીકાર કરવો જોઇએ.

૨. बन्धुशीललक्षणसंपन्नामरोगामुपयच्छेत्। આપસ્તમ્બ ગૃહસૂત્રમ્ ૧.૩.૧૯

ઉત્તમ કુળવાળી, ઉત્તમ આચરણવાળી, સ્ત્રિયોચિત ગુણોથી યુક્ત અને સ્વસ્થ કન્યાને પસંદ કરવી.

૩. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ડૉ. પાંડુરંગ વામન કાણે, પૃ. ૨૭૦.

૪. વૈદિક વાઙ્મય મેં નારી, ડૉ સુષ્મા શુક્લ, પૃ. ૧૨૯.

૫. बुद्धिमते कन्यां प्रयच्छेत्। આશ્વલાયન ગૃહસૂત્રમ્ ૧.૫.૨

બુદ્ધિમાન વરને જ કન્યા આપવી જોઇએ.

૬. बन्धुशीललक्षणसंपन्नः श्रुतवानरोग इति वरसम्पत्। આપસ્તમ્બ ગૃહસૂત્રમ્ ૧.૩.૨૦

ઉત્તમ કુળ, ઉત્તમ આચરણ, શુભ લક્ષણ, અધ્યયન સંપન્નતા અને સ્વાસ્થ્ય- આ વરના ગુણ છે.

૭. વૈદિક વાઙ્મય મેં નારી, પૃ. ૧૩૨,૧૩૩

૮. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, પૃ. ૨૭૦.

૯. शक्तिविषये द्रव्याणि प्रतिच्छन्नान्युपनिधाय ब्रूयाद्गुपस्पृशेति। આપસ્તમ્બ ગૃહસૂત્રમ્ ૧.૩.૧૫, ૧૬

૧૦. नानाबीजानि संसृष्टानि वेद्यां पाँसून क्षेत्राल्लोष्टँ शकृच्छ्मशानलोष्टमिति । જો સંભવ હોય તો આ પદાર્થોને છુપાવીને કન્યાની સામે રાખવા અને તેને કહે કે આ વસ્તુમાંથી કોઇ એકનો સ્પર્શ કર. એ પદાર્થ છેઃ એક સાથે ભેળવેલા અનેક પ્રકારનાં બીજ, વેદીમાંથી લવાયેલી માટી, ખેતરમાંથી લવાયેલી માટીનું ઢેફું, ગાયનું ગોબર તથા સ્મશાનની માટીનું ઢેફું.

૧૦. આપસ્તમ્બ ગૃહસૂત્રમ, ડૉ. ઉમેશચન્દ્ર પાંડેય, પૃ. ૧૯.

૧૧. વૈદિક વાઙ્મય મેં નારી, પૃ. ૧૩૧.

૧૨. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, પૃ. ૨૭૦.

૧૩. આપસ્તમ્બ, ગૃહસૂત્રમ્, પૃ. ૨૮.

૧૪. यस्यां मनश्चक्षुषोर्निबन्धस्तस्यामृद्धिर्नैतरदाद्रियेतेत्येको આપસ્તમ્બ, ગૃહસૂત્રમ્, પૃ. ૧.૩.૨૧

જે કન્યાથી મન અને નેત્રોની તૃપ્તિ થતી હોય તેનાથી જ સુખની પ્રાપ્તિ થાય છે તેથી વરે અન્ય બાબતો પ્રત્યે ધ્યાન ન આપવું જોઇએ એવો કેટલાક લોકોનો મત છે.

૧૫. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, પૃ. ૨૭૧.

૧૬. એજન, પૃ. ૨૭૨.

૧૭. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, પૃ. ૨૭૦.

૧૮. नक्षत्रनामा नदीनामा वृक्षनामाश्च गर्हिताः।

सर्वाश्च रेफलकारोपान्ता वरणे परिवर्जयेत् ॥

આપસ્તમ્બ ગૃહ્યસૂત્રમ્ ૧.૩.૧૪, ૧૫.

જે કન્યાનાં નામ નક્ષત્ર, નદી કે વૃક્ષ પરથી હોય તે વર્જિત છે. જેના નામના અંતમાં રેફ કે લકાર હોય તે વર્જિત છે અને તેનું વરણ ન કરવું જોઇએ.

૧૯. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, પૃ. ૨૭૦.

૨૦. પારસ્કર ગૃહ્યસૂત્રમ્, ડૉ. વેદપાલ, પૃ. ૭૮.

૨૧. વૈદિક વાઙ્મય મેં નારી, પૃ. ૧૦૫.


(ક્રમશઃ)


(સીવીએમ બંગલો-૧૧,ગો.જો. શારદામંદિર સામે, ભાઇકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, મોઃ ૯૮૯૮૦૭૦૨૦૫)

# અદ્ભુત ઑલિમ્પિક ખેલાડીઓ (ક્વિઝ)

**પી.ડી. શર્મા**

૧. હાલમાં ઑલિમ્પિક્સમાં સૌથી વધુ ચંદ્રક મેળવનાર ખેલાડી કોણ છે?
(અ) જમૈકાના યુસેન બોલ્ટ
(બ) અમેરિકાના માઇકલ ફેલ્પ્સ
(ક) ઈથોપિયાના અબેબે બિકિલા
(ડ) ન્યુઝીલૅન્ડના પીટર સ્નેલ

૨. સતત બે ઑલિમ્પિક્સમાં ૧૦૦ મી., ૨૦૦ મી., ૪ x ૧૦૦ મી. રીલેમાં સુવર્ણચંદ્રક મેળવનાર એકમાત્ર ખેલાડી કોણ છે?
(અ) જેસી ઓવેન્સ (બ) કાર્લ લુઇસ
(ક) યુસેન બોલ્ટ (ડ) અસાફા પોવેલ

૩. ચાર અનુક્રમિક ઑલિમ્પિક રમતોત્સવમાં સુવર્ણચંદ્રક જીતનાર ખ્યાતનામ ચક્રફેંકનાર ખેલાડી કોણ?
(અ) ઍલ ઑર્ટર (બ) પેરીઓ’ બ્રેઇન
(ક) રાબર્ટ ગેરેટ (ડ) જોહ્ન ફલેનગન

૪. ૫,૦૦૦ મીટર, ૧૦,૦૦ મીટર અને મેરેથોનની સ્પર્ધામાં એક જ ઑલિમ્પિકમાં ત્રણે સુવર્ણચંદ્રક જીતવાની અપૂર્વ સિદ્ધિ મેળવનાર પુરુષ ખેલાડી કોણ હતો?
(અ) પાવો નૂર્મી (બ) એમિલ ઝેટોપેક
(ક) લાસે વીરેન (ડ) અબેલે બિકિલા

૫. એક જ ઓલિમ્પિક રમતોત્સવ દરમ્યાન ખેલકૂદના ચાર સુવર્ણચંદ્રક મેળવનાર પહેલી મહિલા ખેલાડી કોણ હતી?
(અ) કેનીન બ્લેન્કરસ કોએન(બ) હેલેન સ્ટેફનસ
(ક) વિલ્મા રુડોલ્ફ
(ડ) ઇલિઝાબેથ રોબિન્સન

૬. બંને પગે અને જમણા હાથે અગાઉ લકવો હોય તેવો ખેલાડી ૧૯૫૨ની ઑલિમ્પિકમાં ચેમ્પિયન થયો હતો. આ ખેલાડી કોણ?
(અ) વોલ્ટર ડેવિસ (બ) કેલ્વિન સ્મિથ
(ક) પીટર સ્નેલ(ડ) એમિલ ઝેટોપેક

૭. ઓલિમ્પિક્સમાં સુવર્ણચંદ્રક મેળવનાર કયા ખેલકૂદના ખેલાડીનું હૃદય ડાબી બાજુને બદલે જમણી બાજુ હતું?
(અ) એડવિન ફલેક (બ) જેમ્સ લાઇટબોડી
(ક) જોસેફ ગુલેમોર (ડ) પીટર સ્નેલ

૮. ખેલાડી કે જે ૧૦,૦૦૦ મીટરની દોડ ૨૮ મિનિટથી ઓછા સમયમાં પૂરી કરનાર હતો, તદ્ઉપરાંત ૩, ૬ અને ૧૦ માઇલની સ્પર્ધામાં પણ વિશ્વઆંક સ્થાપનાર હોવા છતાં આ ખેલાડીએ ઑલિમ્પિક સ્પર્ધાઓમાં સુવર્ણચંદ્રક કે રજતચંદ્રક જીત્યો નથી. આ ખેલાડીનું નામ આપો.
(અ) આઇ. સ્ટયુઅર્ટ (બ) ઇબ્બોટ્સન
(ક) આલ્બર્ટસન (ડ) રાન ક્લાર્ક

૯. લકવો, ડબલ ન્યૂમોનિયા અને સ્કાટલેટ ફિવરની બીમારી છતાં પણ મેં ઑલિમ્પિક સ્પર્ધામાં ત્રણ સુવર્ણચંદ્રક મેળવ્યા હતા, મને ઓળખી શકશો?
(અ) વોલ્ટર ડેવિસ (બ) વિલ્મા રુડોલ્ફ
(ક) પીટર સ્નેલ (ડ) જીમ થોર્પે

૧૦. પોતાનો ભાઇ કે જે ટ્રેક ઉપર તાલીમ દરમ્યાન અજાણી ગોળીનો ભોગ બનીને મૃત્યુ પામ્યો હતો, તેની યાદગીરી માટે દોડની સ્પર્ધા અપનાવીને કઇ મહિલાએ ૧૯૮૪ની લોસ એન્જેલ્સની ઑલિમ્પિકમાં ત્રણ સુવર્ણચંદ્રક મેળવ્યા હતા?
(અ) વાર્લો એ ફ્રિસ્કો હુક્સ (બ) મેરિઅન જોન્સ (ક) ગેઇલ ડેવર (ડ) બેરી ફુટબર્ટ

૧૧. ગોળાફેંકની ઑલિમ્પિક સ્પર્ધામાં વિજેતા બન્યો એટલું જ નહિ પરંતુ તેની પદ્ધતિ તેના નામથી પ્રચલિત થઇ હોય તેવા ખેલાડીનું નામ આપો.
(અ) રોબર્ટ ગેરેટ (બ) પેરી ઓ ’ બ્રેઇન
(ક) રાલ્ફ રોજ (ડ) ડેલી થોમ્પસન

૧૨.આધુનિક ઑલિમ્પિકના ઇતિહાસમાં એક જ દાખલો છે કે શહેરનું નામ ઑલિમ્પિકના ખેલાડીના નામ પરથી રાખવામાં આવ્યું હોય. આ ખેલાડી કોણ?
(અ) જેસી ઓવેન્સ (બ) એમિલ ઝેટોપેક
(ક) કાર્લ લુઇસ (ડ) જીમ થોર્પે

૧૩. ઑલિમ્પિક મેરેથોનનો કયો વિજેતા ખેલાડી ઇથોપિયાના રાજમેહલમાં અંગરક્ષક હતો?
(અ) અબેબે બિકિલા (બ) ગોઝાલે અબેરા
(ક) એમ. વોલ્ડે (ડ) એમિલ ઝેટોપેક

૧૪. ઇંગ્લેન્ડનો કયો ક્રિકેટ કેપ્ટન ઑલિમ્પિક બોક્સિંગનો સુવર્ણચંદ્રક વિજેતા હતો?
(અ) આર. એસ.લુકાસ
(બ) ડબલ્યુ એચ.ટી. ડગ્લાસ
(ક) ગિલ હાવર્ડ (ડ) આર્થર ગિલ્વિન

૧૫. ઑલિમ્પિક્સમાં જિમ્નાસ્ટિક્સની સ્પર્ધામાં ૧૦માંથી ૧૦ પોઇન્ટ સ્કોર કરનાર પ્રથમ મહિલા જિમ્નાસ્ટ

કોણ હતી?

(અ) રોમાનિયાની નાદિયા કોમેન્સી

(બ) હંગેરીની હેમરિકતા ઓનોડી

(ક) રશિયાથી લારિસા લાતનીના

(ડ) અમેરિકાની મેરી લો રેટ્ટીન

૧૬. ૨૦૦૮ બેજિંગ ઑલિમ્પિકસમાં કયા ખેલાડીએ આઠ સુવર્ણચંદ્રક મેળવીને ઇતિહાસ સર્જ્યો હતો?

(અ) ચીનના તાઇન લાઇને

(બ) સ્વીડનના લાર્સ ફ્રોએલેન્ડરે

(ક) અમેરિકાના માઇકલ ફેલ્ટસે

(ડ) ઓસ્ટ્રેલિયાના ઇઆન થોર્પે

**સાચા જવાબ**

૧. (બ) અમેરિકાના માઇકલ ફેલ્પ્સ.
૨. (ક) યુસેન બોલ્ટ.
૩. (અ) ઍલ ઑર્ટર
૪. (બ) એમિલ ઝેટોપેક.
૫. (ડ) ઇલિઝાબેથ રોબિન્સન.
૬. (અ) વોલ્ટર ડેવિસ.
૭. (ક) જોસેફ ગુલેમોર
૮. (ડ) રાન કલાર્ક
૯. (બ) વિલ્મા રુડોલ્ફ.
૧૦. (અ) વાર્લો એ ધ્રિસ્કો હુકસ
૧૧. (અ) પેરી ઓ' બ્રાઇન.
૧૨. (ડ) જીમ થોર્પે.
૧૩. (અ) અબેલે બિકિલા
૧૪. (અ) ડબલ્યુ એચ.ટી. ડગ્લાસ.
૧૫. (અ) રોમાનિયાની નાદિયા કોમેન્સી.
૧૬. (ક) અમેરિકાના માઇકલ ફેલ્ટસે.

(બી-૧, સ્વિસ અવેન્યૂ, પટેલ કોલોની, માણેકબાગ હોલ સામે, આંબાવાડી, અમદાવાદ- ૩૮૦૦૧૫ ફોનઃ ૦૭૯-૨૬૫૬૪૬૫૦ મોઃ ૯૮૯૮૮૭૦૮૪૦)



## ગો.જો. અને એમ.યુ. ટેકનિકલ : શ્રેષ્ઠ શાળાઓ

રાજ્ય સરકાર શિક્ષણ વિભાગ દ્વારા પ્રથમ વખત જિલ્લા કક્ષાની તમામ શાળાઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાનું વાતાવરણ, પ્રાથમિક સુવિધા, ટેકનોલોજી, શિક્ષણ, શાળાને મળતું પાણી, વિવિધ બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ મૂલ્યાંકનને અંતે આણંદ જિલ્લાની ૩૦૫ શાળાઓ પૈકી ત્રણ શાળાઓ ગો.જો. શારદામંદિર પ્રથમ તથા એમ.યુ. પટેલ ટેકનિકલ હાઇસ્કૂલ બીજા સ્થાને પસંદગી પામેલ છે. આ શાળાઓને શિક્ષણ વિભાગ દ્વારા એક-એક લાખનું રોકડ ઇનામ આપવામાં આવ્યું છે. હવે જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ શાળાઓની રાજ્ય કક્ષાએ સ્પર્ધા થશે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં ચાલતી શાળાઓમાં સારી કામગીરીને બિરદાવવાના હેતુથી ચાલુ વરસથી નવો અખતરો અમલમાં મૂકવામાં આવ્યો છે. જેમાં શાળાને લગતી મહત્ત્વની ૨૦ બાબતો ઉપર ભાર મૂકવામાં આવે છે. જે અંગેનું મૂલ્યાંકનપત્ર જે તે શાળાએ ભરીને સુપરત કરવાનું રહે છે. શાળામાં ટેકનોલોજીનો ઉપયોગ, પર્યાવરણ, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, સમાજમાં સંસ્થાઓનું પ્રદાન, બાળકોની કારકિર્દી ઘડતરમાં શાળાઓનો ફાળો, શિક્ષકોની ક્ષમતા, એન.સી.સી., એન.એસ.એસ. જેવી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને પ્રાધાન્ય જેવી વિવિધ બાબતોનું શિક્ષણ વિભાગે ઇન્સપેક્શન કર્યું હતું. તેના આધારે ગુણાંક આપવામાં આવ્યા હતા. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલ તથા માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલે શાળાના સ્ટાફને અભિનંદન પાઠવ્યા તથા રાજ્યકક્ષાએ સિદ્ધિ મળે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ, વલ્લભ વિદ્યાનગરના વિદ્યાર્થીઓએ ફૂટબોલ મેચ વિજેતાનું ટાઇટલ મેળવ્યું.

તા. ૩૦-૦૩-૨૦૧૪ના રોજ '' યુનાઇટેડ ફૂટબોલ કપ'' રાત્રિ ટુર્નામેન્ટ એમ.બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ ખાતે યોજાઇ ગઇ. જેમાં શાળાની ફૂટબોલ ટીમ હેત ચૌહાણની કેપ્ટનશીપ હેઠળ ભાગ

લઈને વિજેતા બની હતી. હેત ચૌહાણે સૌથી વધુ ગોલ કર્યા હતા. તે બદલ તેને ટ્રોફી આપવામાં આવી હતી. ધર્મરાજ પુનવારને 'બેસ્ટ પ્લેયર' તરીકે ટ્રોફી આપવામાં આવી હતી. જય પરનામીને 'બેસ્ટ ગોલકીપર' તરીકે ટ્રોફી આપવામાં આવી હતી. સમગ્ર ટીમને વિજેતાની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

આ તમામ વિજેતા ખેલાડીઓને આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલીન ખ્રિસ્તી તથા વ્યાયામ શિક્ષકસ શ્રી મહેશભાઈ આર. પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી. અને હજુ વધુને વધુ સિદ્ધિ મેળવીને શાળાનું ગૌરવ વધારે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

## એમ.યુ. પટેલ હાઈસ્કૂલનો પ્રવાસ

અદાણી ફાઉન્ડેશન તરફથી એમ.યુ. (ટેક) હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો મુન્દ્રા બંદર જોવા માટે હતો. પ્રવાસ તા. ૨૫.૦૨.૨૦૧૪ના રોજ બે દિવસ માટે યોજાયો, વિદ્યાર્થીઓને અદાણી ફાઉન્ડેશન તરફથી બસની તથા રહેવા-જમવાની સગવડ કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ મંન્દ્રા બંદર, પાવર પ્લાન્ટ, ફોર્ચુન તેલ મિલ વગેરેની મુલાકાત લીધી હતી, ફોર્ચુન તેલમિલ તરફથી વિદ્યાથીઓને ૫૦૦ મિલીલિટર તેલની બોટલ ભેટ આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કર્યો હતો. એમ.યુ. પટેલ ટેક્નિકલ શાળા હોવાથી વિદ્યાર્થીઓએ વિદ્યુત ઉત્પાન અંગે પ્રત્યક્ષ જ્ઞાન મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

વિદ્યાર્થીઓએ ટર્મિનલ તથા વિન્ડ ફાર્મની પણ મુલાકાત લીધી હતી. બીજા દિવસે શાળામાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. શ્રી બી. આર. ડાભીએ મુન્દ્રા બંદરે કેવી કામગીરી તથા પાવર પ્લાન્ટમાં વિદ્યુત ઊર્જા અંગે વિદ્યાર્થીઓને ઉપયોગી બને તેવી ઊંડી સૂત્ર-બૂઝ સાથે માહિતી આપી હતી. પ્રવાસમાં શ્રી બી.આર.ડાભી, શ્રી ડી.આર. ચૌધરી, શ્રી બી.આઈ. મહાલા તથા શ્રી એ.એમ. વણકર વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા.

એમ.યુ. પટેલ ટેક્નિકલ શાળા હોવાથી વિદ્યાર્થીઓએ ટેક્નિકલ દૃષ્ટિકોણથી પ્રવાસની મઝા માણી હતી. નિરીક્ષક શ્રી એસ.પી. ચૌહાણે ઉદ્યોગ વિકાસ માટે કયા પરિબળો મહત્ત્વનાં છે તેની સમજ આપી હતી.

## એનવીપાસમાં સ્ટાફ માટે કાર્યશિબિર

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ કૉલેજ ઓફ પ્યૉર એન્ડ ઍપ્લાઈડ સાયન્સીસ(એનવીપાસ)ના આઈ.ક્યુ.એ.સી. સેલ દ્વારા તાજેતરમાં બિનશૈક્ષણિક કર્મચારીગણ માટે બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. 'રીફાઈન્ડીંગ એડમિનિસ્ટ્રેટિવ પોટેન્સિયલ' વિષય પર યોજાયેલા આ વર્કશોપમાં ચારુતર વિદ્યામંડળ દ્વારા ચાલતી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ઓફિસ સ્ટાફ તેમજ ટેકનિશિયન, પ્રોગ્રામર ભાઈબહેનોએ ભાગ લીધો હતો. આ વર્કશોપના ઉદઘાટન સમારોહમાં ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ પ્રમુખપદે હતા. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. બાસુદેબ બક્ષીએ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો.

આઈ.ક્યુ.એ.સી.નાં કૉ-ઓર્ડિનેટર ડૉ. રીટા એન. કુમારે સમયની માંગ મુજબ વર્કશોપ યોજવાની જરૂરિયાત પ્રત્યે ભાર મૂક્યો હતો તથા હેતુ સ્પષ્ટ કર્યો હતો. સમારંભના પ્રમુખ ડૉ. એસ.જી. પટેલે સંસ્થાની આ પ્રવૃત્તિને બિરદાવી હતી અને બદલાતા સમય સાથે આધુનિક ઉપકરણો તથા નવીનતમ પદ્ધતિઓની જાણકારી અને ઉપયોગ પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવવાનો અનુરોધ કર્યો હતો. અંગ્રેજી વિભાગના વડા ડૉ. કાર્તિક જગતાપે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

બે દિવસીય વર્કશોપમાં પ્રથમ વકતા તરીકે શ્રી રાજેન્દ્ર ઉપાધ્યાય, જેઓ દિવ્યભાસ્કરના કટાર લેખક તેમજ એજ્યુકેશનલ કાઉન્સેલર છે, તેઓશ્રીએ કોમ્યુનિકેશન સ્કીલ વિષય પર આધારિત વકતવ્ય આપ્યું હતું, તેમજ વિવિધ પ્રકારની માઈન્ડ ગેમ દ્વારા વિષયને સરળ રીતે સમજાવ્યો હતો. દ્વિતીય વકતા તરીકે ડૉ. નિધિ ગુપ્તા (હોમ સાયન્સ કૉલેજ) એ ઓફિસ સંચાલન વિષય ઉપર સુંદર શિક્ષણ આપ્યું હતું. કોમ્પ્યુટરના સતત ઉપયોગ દરમ્યાન ધ્યાન રાખવા જેવી બાબતો, હળવી કસરતો, આંખો તેમજ હાથને તણાવથી મુક્ત રાખવા જરૂરી સૂચનો દર્શાવ્યાં હતાં. તેમજ સઘળાને પ્રાયોગિક રીતે પ્રશિક્ષિત કર્યાં હતાં. તૃતીય વકતા તરીકે એન.વી. પટેલ કોલેજના કમ્પ્યુટર વિભાગના વડા શ્રી જયપ્રકાશ કરુણાકરણ દ્વારા ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને તેના ઉપયોગથી થતા ફાયદા અને ગેરફાયદાની સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી.

બીજા દિવસના સત્રમાં અમદાવાદના ચોથા વકતા ડૉ. પી.ડી. શર્માએ કાર્ય પ્રત્યેનો પોતાનો અભિગમ તથા કાર્યનિષ્ઠા વિશે ઉદાહરણો સહિત સમજ આપી હતી. નવીનતમ ઉપકરણોના ઉપયોગથી પોતાને સુસજ્જ કરવાની અપીલ કરી હતી. વર્કશોપના પાંચમા વકતા તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજવતા શ્રી એન.કે. ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ કુશળ સંચાલન માટે જરૂરી નિયમોની સંબંધિત માહિતી રાખવા પર ભાર મૂક્યો હતો. સંચાલનને ઝડપી અને વધુ સારું બનાવવા પ્લાનિંગ અને મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત રાખવાની શીખ આપી હતી. તેઓશ્રીનું માહિતીસભર વકતવ્ય અને વર્કશોપના સહભાગીઓના મૂંઝવતા પ્રશ્નોનું તેમના દ્વારા નિરાકરણ, સફળ વર્કશોપ માટેની નિશાનીરૂપ સાબિત થયા હતા.

છઠ્ઠા વકતા તરીકે ટી.વી. પટેલ હાઈસ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ શ્રી વિજયભાઈ સુથાર હાજર રહ્યા હતા. તેઓશ્રીએ પણ બિન શૈક્ષણિકસ્ટાફની મહત્તા સમજાવીને તેઓને પોતાને સોંપાયેલું કામ ઉત્તરદાયિત્વ સાથે કરવાની હાકલ કરી હતી. સાતમા વકતા તરીકે પ્રો. ડૉ. એ.આર.જાની (એકેડેમિક સ્ટાફકોલેજના ડાયરેકટર)એ સુચારુ સંચાલન માટેના સિદ્ધાંતોના વિષય પર ખૂબ જ સરળ શૈલીમાં સમજ આપી હતી. બિન શૈક્ષણિક સ્ટાફ અને શૈક્ષણિક સ્ટાફ રેલવેના બે પાટા સમાન હંમેશાં સાથે રહીને કામ કરે છે અને સુચારુ સંચાલન માટે બેમાંથી એકને પણ અવગણી શકાય નહી તેમ જણાવ્યું હતું. નવીન પદ્ધતિઓ શીખવા માટે ઉત્સાહી રહેવાનું તથા હકારાત્મક વલણ રાખવાનું જણાવ્યું હતું. આઠમા અને અંતિમ વકતા તરીકે ડૉ. નરેશ વેદ (ભૂતપૂર્વ કુલપતિ તથા એકેડેમિક સ્ટાફ કોલેજના ભૂતપૂર્વ ડાયરેકટર) એ ખાસ કરીને નેકના મૂલ્યાંકન દરમ્યાન બિન શૈક્ષણિક કર્મચારીગણનો ફાળો તથા તેઓના દ્વારા કરવામાં આવતા રેકોર્ડ કિપીંગ અંગે બહુજ સુંદર માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે પ્રિન્સિપાલ ડૉ. બાસુદેબ બક્ષીએ સર્વ વકતાઓને સ્મૃતિચિહ્નથી નવાજ્યા હતા સમગ્ર આયોજનને સફળ બનાવવા આઈ.ક્યુ.એ.સી.નાં કો-ઓર્ડિનેટર ડૉ. રીટા કુમાર તેમજ તેમની ટીમનાં સભ્યો ડૉ. શ્વેતા ત્રિવેદી, ડૉ. યાચના ઝા, ડૉ. અક્ષય ગુપ્તે, ડૉ. યોગેશ પટેલ, ડૉ. કાર્તિક જગતાપ, ડૉ. તેજસ પટેલ વિગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.



નવી દિલ્હીમાં ૨૬ મે ૨૦૧૪ના રોજ ગુજરાત ભવન ખાતે બે ગૌરવવંતાં ગુજરાતી વ્યક્તિત્વોનું મિલન : સાંજે વડાપ્રધાન પદના શપથ લેનારા પોતાના પુરોગામી શ્રી નરેન્દ્ર મોદીની ગુજરાતનાં મુખ્ય પ્રધાન શ્રીમતી આનંદીબહેન પટેલે મુલાકાત લીધી હતી.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એૅચએૅમપટેલ કૅરિયર ડૅવલપમેન્ટ સૅન્ટર (સીડીસી)ના ઉપક્રમે એનવીપટેલ કૉલેજ ઑફ પ્યૉર એૅન્ડ અપ્લાઇડ સાયન્સીસ(એનવીપાસ)ના દ્વિદિવસીય ફૅકલ્ટી ડૅવલપમૅન્ટ પ્રોગ્રામ(એફડીપી)માં અધ્યક્ષસ્થાને સીવીએમના માનદમંત્રી પ્રિ. એૅસ.એૅમ. પટેલ હતા અને એચએમ પટેલ ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાએ ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. મંચસ્થ મહાનુભાવોમાં સીડીસીના નિયામક ડૉ. હરિ દેસાઈ અને એનવીપાસના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષી હતા.

V-Vidyanagar 16 (6)
Published on Friday, 30.05.2014
ISSN 0976-9809 V-Vidyanagar

June 2014
No. of Pages 40 including cover

Postal Regd. No. AND/318/2012-14
RNI Regd. No. Guj/2009-11/5433
Posted At Vallabh Vidyanagar on 25th of Every Month

## The Platinum Personalities



Vallabh Vidyanagar

Pic by Salim Pathan

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai

Printed at Anand Press, Anand 388 001

Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388 120, Gujarat